ભગવાન શ્રી કુંદકુંદ-કહાન જૈન શાસ્ત્રમાળા, પુષ્પ-૧૯૯

શ્રી વીતરાગાય નમઃ

ઈ. સ. ૧૮૯૦ ઈ. સ. ૧૯૮૦



અધ્યાત્મમૂર્તિ અનંત ઉપકારી પરમપૂજ્ય કૃપાળુ
સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી અને સાધનાભૂમિ સોનગઢ

પરિચય પુસ્તિકા

પ્રકાશક :- શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) ૩૬૪૨૫૦; ફોનઃ ૪૪૩૩૪ / ૪૪૩૫૮

પૂજ્ય કહાનગુરુદેવશ્રીનો દિવસ દરમ્યાનનો નિત્યક્રમ (દિનચર્યા)

સવારે :- દરરોજ વહેલી સવારે (લગભગ ૪ વાગે) ઊઠી જવું અને પથારીમાં જ બેઠા-બેઠા ચિદાનંદ ભગવાન તથા વીતરાગી પરમાત્માઓનું સ્મરણ કરીને 'નિત્ય સ્વાધ્યાય' કરવો. આ, યાદ કરેલો મૌખિક સ્વાધ્યાય આ પ્રમાણે હતો -

૧.	૧૬	સમયસારજીની ગાથા. (૧ થી ૧૬ સુધીની મૂળ ગાથાઓ)
૨.	૪૭	સમયસારજીની શક્તિ. (વ્યાખ્યા સહિત)
૩.	૪૭	પ્રવચનસારજીની નય. (વ્યાખ્યા સહિત)
૪.	૨૦	અલિંગગ્રહણના બોલ. (પ્રવચનસારજીની ૧૭૨મી ગાથા)
૫.	૬	અવ્યક્તના બોલ. (સમયસારજીની ૪૯મી ગાથા)
૬.	૧૦	શ્રીમદ્ રાજચંદ્રજીના બોલ. (સ્વદ્રવ્ય-અન્યદ્રવ્ય ભિન્ન-ભિન્ન જુઓ. આદિ)
૭.	૨૪	તીર્થંકર
૮.	૫	બાલ બ્રહ્મચારી તીર્થંકર
	૧૭૫	

ઉપર મુજબનું બધું જ મોઢે કરેલું અને દરરોજ સવારે પથારીમાં બેઠા-બેઠા તેનું સ્મરણ કરતા અને તેમાંથી નવા નવા ન્યાયો વિચારતા-કાઢતા. તે ઉપરાંત સ્વરૂપનું મનન-ચિંતવન-મંથન-ઘૂંટણ કરતા. અને વ્હાલા સીમંધરાદિ ભગવંતોને બહારથી જ વંદન કરીને શૌચાર્થે ફરવા જવું. ઘણી વાર તો પાલીતાણા બાજુજ જતાં. પરંતુ કોઈક વાર રાજકોટ રોડ ઉપર પણ ફરવા જતાં. (સૂર્યોદયમાં થતા ફેરફાર પ્રમાણે ફરવા જવાના સમયમાં પણ ફેરફાર થતો.) ઘણા વર્ષો સુધી તો એકાદ માઈલ જેટલું ફરવા જતાં. પણ પછીથી થોડે સુધી જ ફરવા જતાં. અને છેલ્લે તો સ્વાધ્યાય-મંદિરમાં જ ફરતા. ફરવા જતી વખતે સાથે મુમુક્ષુઓ પણ રહેતા. અને તેઓની સાથે તત્વચર્ચા-વાર્તા થતી. કોઈ કોઈ વાર આવેલ સ્વપ્નાની કે વિચારમાં-મંથનમાં-આવેલ કોઈ નવા ન્યાયની વાત પણ કરતા.

ફરીને આવ્યા પછી તથા સૂર્યોદય થયા પછી, મુખશુદ્ધિ આદિથી સ્વચ્છ થઈને સૌથી પહેલાં જિનેન્દ્ર ભગવાનના દર્શને જતાં, વિદેહીનાથ આદિ સર્વે ભગવંતોની ભાવ-દ્રવ્ય સ્તુતિ કરીને અર્ઘ ચડાવતા. વીતરાગી, પ્રભુને ભેટ્યા પછી સ્વાધ્યાય-મંદિરમાં બિરાજમાન જિનવાણીમાતા અને શ્રી કુંદકુંદાચાર્યદેવના દર્શન કરતા. ત્યારબાદ સવારની સ્વાધ્યાય કરતા. જેમાં 'શ્રી પ્રણવ માહાત્મ્ય' વાંચતા અને શ્રી સમયસારજીની ૩૨૦ ગાથા ઉપર શ્રી જયસેનાચાર્ય કૃત ટીકાનાં આ વાક્યનું સ્મરણ કરતાં - તો પણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષ પ્રતિભાસમય - અવિનશ્વર - શુદ્ધપારિણામિકપરમભાવલક્ષણ-નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું,' પરંતુ એમ ભાવતા નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું.' તથા સવારના પ્રવચનમાં જે વિષય આવવાનો હોય તેની ઉપર વિચાર-મનન-મંથન કરતાં. પછી ૮ વાગે (ઋતુ પ્રમાણે ૮ કે ૮॥) બરોબર એક કલાક. માટે તેમની અધ્યાત્મરસ ઝરતી અમૃતમય વાણીની વર્ષા થતી. ૪૫-૪૫ વર્ષ સુધીના આ સવાર-બપોરના એક એક કલાકના નિયમિત પ્રવચનોથી જૈનધર્મનો ઈતિહાસ જ બદલાઈ ગયો, આત્મા, પરમાત્મા કેમ બને એટલે કે ભક્ત ભગવાન કેમ બને તેનો સાચો રાહ બતાવતા. તેમના પ્રવચનની વિશિષ્ટ શૈલીથી સમગ્ર સમુદાય અધ્યાત્મરસમાં લીન થઈ જતો.

ભવ્ય જીવોના સંસાર-તાપને નાશ કરતી શીતળ-અમૃત વાણી વરસાવ્યા પછી મુમુક્ષુભાઈઓ સાથે ચર્ચા-વાર્તા ચાલતી. તે પછી આહાર લેતાં. ઘણા વર્ષોથી એક જ પ્રકારનો બહુ જ સાદો આહાર લેતાં. અને તે પણ અલુબ્ધ ભાવે. આહારમાં સ્વાદની ક્યારેય મુખ્યતા નહોતી, માત્ર શરીર ટકે તે માટે થોડું અનાજ લેવાય તે જ પ્રયોજન હતું. આહાર લેતા-લેતા ક્યારેક એવા તો સ્વરૂપ મંથન કે તત્ત્વ-વિચારમાં

(અનુસંધાન કવર ૩ ઉપર)

卐 પ્રસ્તાવના 卐

'ભગવાન આત્મા'ના મધૂર ટંકારવ વડે સમસ્ત આત્માર્થીઓને જાગૃત કરનાર સ્વભાવ સ્વરૂપે સર્વ જીવોને ભગવાન સ્વરૂપે દેખવાવાળા અધ્યાત્મ યુગપ્રવર્તક પરમોપકારી **પરમપૂજ્ય કહાન ગુરુદેવશ્રી**એ આપણા જીવનને એક કુશળ શિલ્પીની જેમ ઘડ્યું છે, એવા આપણા ધર્મપિતા મંગલમૂર્તિ પરમપૂજ્ય **સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી**નું પ્રસંશનીય અને અનુકરણીય જીવન, તેઓશ્રીનો અપૂર્વ અલૌકિક અને ઐતિહાસિક મહિમા, સન્માર્ગ દર્શાવીને આપણા ઉપર કરેલા મહાન ઉપકારો, તેઓશ્રીનાં સુહસ્તે થયેલા જિન શાસનની પ્રભાવનાના અજોડ કાર્યો તથા પૂજ્યશ્રીના અંતરંગ જીવનની આધ્યાત્મિક સાધના વગેરેનું જીવન દર્શન તથા સાધનાભૂમિ સોનગઢનો સચિત્ર વિસ્તૃત પરિચય, પુસ્તક દ્વારા પ્રકાશિત કરવાની ભાવના ઘણા વખતથી હતી તે આજે મૂર્તિમંત થઈ છે અને આ પુસ્તિકારૂપે આપની સમક્ષ પ્રસ્તુત કરતા અમોને અતિ આનંદ થાય છે.

અધ્યાત્મમૂર્તિ અનંત ઉપકારી પરમકૃપાળુ પરમપૂજ્ય **સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી**નું જીવનચરિત્ર અને સાધનાભૂમિ સોનગઢની પરિચય પુસ્તિકા વિસ્તૃત રીતે પ્રકાશિત થાય તો જિજ્ઞાસુઓને મહાન લાભનું કારણ થાય તે હેતુથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ દ્વારા અનેક વિચારણા બાદ આ કાર્યમાં સહભાગી થવા ભાઈશ્રી **ભરતભાઈ વૃજલાલ શાહ** સમક્ષ રજુઆત કરવામાં આવી, જે ભાઈ શ્રી ભરતભાઈ વૃજલાલ શાહે સહર્ષ સ્વીકારીને ઉત્સુકતાપૂર્વક આ કાર્ય હાથમાં લીધુ. તેઓશ્રી પોતે અનેક કાર્યોમાં વ્યસ્ત હોવા છતાં અમૂલ્ય સમય ફાળવીને ચીવટપૂર્વક, સમકાલીન વ્યક્તિઓ પાસેથી, અનેક પુસ્તકોમાંથી તથા ફોટાઓ દ્વારા આ પુસ્તિકાનું સુંદર રીતે સંકલન-સંયોજન અલ્પસમયમાં કરી આપેલ છે, તે બદલ શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ તેઓશ્રીના આભારી છે. તેઓશ્રીની અદ્‌ભૂત શક્તિ દ્વારા તૈયાર થયેલ આ પરિચય પુસ્તક આપની સમક્ષ પ્રસ્તુત કરતા ટ્રસ્ટ આનંદ અનુભવે છે.

પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીનાં ઉપદેશોને સમજવા તે ઉપદેશોમાં સમાયેલા જીવંત પ્રતિમૂર્તિરૂપે **પૂજ્ય કહાન ગુરુદેવશ્રી**નું જીવન દર્શન તથા સાધનાભૂમિનો પરિચય જાણવાની જિજ્ઞાસા સહજ હોય જ જેથી તેઓશ્રીનાં ઉપદેશો વધુ ને વધુ હૃદયંગમ બને, તથા આ પરિચય પુસ્તક ભાવિકોના ઉત્સાહને ફરી ફરી તાજો કરવામાં સહાયરૂપ થશે તથા જેઓ આ પ્રસંગોથી અપરિચિત હશે તેઓનો ઉત્સાહ જગાડશે, એવી પવિત્ર ભાવનાથી આ પુસ્તક પ્રકાશિત કર્યુ છે. ઉપરાંત અધ્યાત્મ સાધના પંથે પ્રયાણ કરતાં મુમુક્ષુઓને સ્વભાવનાં સામર્થ્યનો સંદેશો આપનાર ગુરુદેવશ્રી વિષે અને સાધનાભૂમિ વિષેના આ પ્રકાશનથી આપણાં અધ્યાત્મ સાધનાપંથના પાયા પાકા થશે અને તેનાં ઉપર અધ્યાત્મસાધનાની સર્વાંગી પ્રગતિનું ચણતર વધુ સુદઢ બનશે એવી હૃદયપૂર્વકની મંગલભાવના સહ...

આ પુસ્તકની આકર્ષક છપાઈ માટે **પારસ પ્રીન્ટ્સ**ના શ્રી નિલેશ પારેખ અને સુંદર લેઆઉટ-ડિઝાઈનીંગ માટે **ક્રિએટીવ પેજ સેટર્સ**ના શ્રી સમીર પારેખના આભારી છીએ.

સોનગઢ

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ

તા.૧૦-૪-૨૦૦૨

સંકલનકારનું નિવેદન



પરમ પૂજ્ય કહાનગુરુદેવશ્રીનું જીવનચરિત્ર અને સાધનાભૂમિ સોનગઢની સચિત્ર પરિચય પુસ્તિકા તૈયાર કરવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું, તેનાથી મારા હૃદયમાં પ્રસન્નતા અનુભવું છું, વળી વિશેષ રૂપે **પૂજ્ય કહાનગુરુદેવશ્રી** પ્રત્યેની શ્રદ્ધાભક્તિ, તેઓશ્રીનાં અનંત ઉપકારો તથા મારી પોતાની જન્મભૂમિ (સોનગઢ)ના નાતે મારું પુરું તાદાત્મ્ય હોવાથી આ કાર્યમાં પ્રત્યક્ષ સાધનભૂત થવાનો વિશેષ વિશેષ આનંદ અનુંભવું છું. એક સર્વાંગ સંપૂર્ણ પ્રકાશનની આવશ્યકતા ઘણા સમયથી હતી પણ કાર્યની વિશાળતા જોતાં, તેને પાર પાડવું સહેલું ન હતું.

પૂજ્ય કહાનગુરુદેવના શરૂના જીવનચરિત્રના લેખન માટે અનેક મુશ્કેલીઓ હતી. **ગુરુદેવશ્રી** પોતાના જીવનની અંગત બાબતો વિષે બહુ ઓછું બોલતા. તેથી તેમની સાધના તથા પરિવ્રાજક જીવનનાં અનુભવો વિષે પ્રસંગોપાત તેમના શ્રીમુખેથી બહાર આવી ગયેલ ઘટનાઓ સાંભળનાર તેમની સમકાલીન વ્યક્તિઓ પાસેથી જે કાંઈ વિવરણ મળ્યુ છે, તેના પરથી મર્યાદિત શબ્દ શક્તિના સહારે એ સમયનું ચરિત્ર રચાયું છે. સ્વાભાવિક રીતે જ એ સહેજ અઘરૂં લાગે. **કહાન ગુરુદેવશ્રી**ના જીવનના મધ્યાહ્નકાળનો તેમના કિર્તિભાસ્કરનાં પ્રચંડ પ્રકાશપૂર્ણ ધર્મપ્રભાવનાનાં સમયનો પરિવર્તન પછીનાં વરસોનો ઈતિહાસ કડીબદ્ધ મળે છે અને તે દૃષ્ટિગોચર પણ છે. તથા **આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતભાઈ જે. શાહ** તથા **બ્ર. શ્રી હરિભાઈ**નાં લખાણમાંથી મહત્તમ આધાર લીધો છે.

અધ્યાત્મજગતના ભારતવર્ષનાં આધ્યાત્મિક આદ્ય સૃષ્ટા યુગ વિભૂતિ **પૂજ્ય કહાન ગુરુદેવશ્રી**નું જીવનચરિત્ર તથા સાધનાભૂમિ સોનગઢનો પરિચય મારી શક્તિ પ્રમાણે રજુ કરવાનો પ્રયાસ કર્યો છે, તે એવી આશાથી કે એ ચરિત્ર તેઓશ્રીનાં પોતાના જ પ્રભાવથી વાંચનારને પ્રેરણાદાયી બને, બાકી **પૂજ્ય કહાન ગુરુદેવશ્રી**નો આંતર વૈભવ કઈ ઉચ્ચ કક્ષાએ પહોંચ્યો હશે એ કળાવું મારા જેવા સામાન્ય માણસની શક્તિની બહારનું છે, એટલે હું મારી સર્વ પ્રકારે અલ્પતા સ્વીકારુ છું.


આ કાર્યની સૌહાર્દપૂર્ણ પ્રેરણા બદલ **મુ. શ્રી ચીમનભાઈ મોદી, મુ. શ્રી હસમુખભાઈ વોરા** તથા **બ્ર. શ્રી ચંદ્રુભાઈ ઝોબાળીયા**નો અંતઃકરણથી આભારી છું.

- ભરત વૃજલાલ શાહ

પુણ્ય પ્રસંગોના મણકા

૧ વૈશાખ સુદ બીજ વિક્રમ સંવત ૧૯૪૬ (ઈ.સ. ૧૮૯૦) ૪
૨ ધંધામાં જોડાણ છતાં વૈરાગ્યની જાગૃતિ ૪
૩ વૈરાગ્ય અને દિક્ષા ૫
૪ શાસ્ત્રાભ્યાસ અને પુરૂષાર્થ-જીવનમંત્ર ૬
૫ મહાનગ્રંથ શ્રી સમયસારની પ્રાપ્તિ ૬
૬ અંતરાત્મધર્મનો ઉદ્યોત ૭
૭ સંપ્રદાય પરિવર્તન ૭
૮ સુવર્ણપુરી સોનગઢનાં ભવ્ય ઈતિહાસનાં મંડાણ ૮
૯ શ્રી જૈન સ્વાધ્યાય મંદિરનું નિર્માણ ૯
૧૦ સમયસાર અને કુંદકુંદાચાર્ય ભગવાન તથા
શ્રી સીમંધર ભગવાન પ્રત્યેની ભક્તિ ૯
૧૧ જૈનધર્મની શ્રદ્ધા અને પ્રચાર ૧૦
૧૨ ઉપદેશનો પ્રધાન સૂર ૧૦
૧૩ અંતર વિકાસ અને મુમુક્ષુઓ ઉપર પરમ ઉપકાર ૧૧
૧૪ અધ્યાત્મ-રસથી ભરપૂર વ્યાખ્યાનશૈલી ૧૧
૧૫ આ કાળે મુમુક્ષુઓનાં મહાભાગ્ય ૧૨
૧૬ વિહાર અને પ્રચાર-પ્રસાર તથા પ્રભાવનાના વિશેષ પ્રસંગો ૧૨
૧૭ શ્રી સીમંધરસ્વામી જિનમંદિર તથા શ્રી સમવસરણ મંદિર.. ૧૩
૧૮ શ્રી પ્રવચનસારજી ઉપર પ્રવચન ૧૩
૧૯ ધાર્મિક શિક્ષણવર્ગ ૧૪
૨૦ બ્રહ્મચર્યાશ્રમ ઉદ્‌ઘાટન ૧૪
૨૧ 'આત્મધર્મ' માસિકનું પ્રકાશન ૧૫
૨૨ જિનવાણી પ્રત્યે અત્યંત બહુમાન ૧૫
૨૩ સો...ન...ગ...ઢ જીવંત વૈભવ ૧૬
૨૪ જૈન સમાજના અગ્રીમ શ્રી હુકમચંદજી શેઠ સોનગઢમાં ૧૬
૨૫ શ્રી કુંદકુંદ-પ્રવચન-મંડપ શિલાન્યાસ ૧૭
૨૬ વીંછીયામાં જિનમંદિરની શરૂઆત..... ..... ૧૮
૨૭ સોનગઢમાં વિદ્વત્પરિષદનું અધિવેશન ૧૮
૨૮ સુવર્ણપુરીના આમ્રવનમાં વૈરાગ્ય ભાવના..... ૧૯
૨૯ પૂજ્ય ગુરુદેવશ્રી ૫૯મી જન્મજયંતી..... ૧૯
૩૦ કુમારીકા બહેનોની બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા ૨૦
૩૧ 'સમયસાર-ભગવાનનો મહિમા' ૨૧
૩૨ પ્રતિષ્ઠા-મહોત્સવ અને વિહાર..... ૨૨
૩૩ શત્રુંજય સિદ્ધિધામની યાત્રા ૨૩
૩૪ ''સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ'' ૨૩
૩૫ આફ્રિકા અને વિદેશમાં પ્રભાવના ૨૪
૩૬ સોનગઢમાં સીમંધરનાથની પ્રતિષ્ઠાના દશ વર્ષ..... ૨૪
૩૭ શ્રાવિકા-બ્રહ્મચર્યાશ્રમનું ઉદ્‌ઘાટન ૨૬
૩૮ શ્રી માનસ્તંભ નિર્માણ તથા ભવ્ય મહોત્સવ ૨૭
૩૯ શ્રી માનસ્તંભજી પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ૨૮
૪૦ ઉમરાળા-જન્મભૂમિસ્થાન ૨૯
૪૧ સૌરાષ્ટ્રમાં અનેક જિનેન્દ્રપ્રતિષ્ઠા : ગિરનારયાત્રા ૨૯
૪૨ જિન મંદિર નવનિર્માણ ૩૧
૪૩ નેમિનાથ પ્રભુની વેદિ પ્રતિષ્ઠા અને ભવ્ય રથયાત્રા
તથા શિખરજી યાત્રાનો નિર્ણય..... ૩૨
૪૪ મુંબઈ શહેરમાં આગમન તથા મંગલ તીર્થ યાત્રા ૩૨
૪૫ મુંબઈ શહેરમાં પ્રતિષ્ઠા મહોત્સવ અને દક્ષિણ યાત્રા ૩૪
૪૬ અધ્યાત્મધામ સોનગઢની શીતલછાયામાં ૩૬
૪૭ સૌરાષ્ટ્રમાં ફરી પંચ કલ્યાણક પ્રતિષ્ઠાનો દોર... ..... ૩૬
૪૮ ઉમરાળામાં ૭૧મો જન્મોત્સવ ૩૭
૪૯ વિદેહનાં સંભારણાં ૩૭
૫૦ અધ્યાત્મની ધૂન અને મુનિદર્શનની ઉર્મિ ૩૮
૫૧ ''સુવર્ણ સન્દેશ'' સાપ્તાહિક પ્રકાશન - કોંગ્રેસનાં -
આગેવાનો સોનગઢમાં ૩૯
૫૨ ફરી ફરી યાત્રા વિહાર અને પ્રતિષ્ઠા મહોત્સવો ૩૯
૫૩ પ્રભાવના, પ્રચાર, ભક્તિ ને સંતની છાયામાં જીવનઘડતર . ૪૦
૫૪ માનસ્તંભનો દશવર્ષિય મહાઅભિષેક..... ૪૧
૫૫ મુંબઈ શહેરમાં શિલાન્યાસ - રાજકોટમાં જન્મોત્સવ..... ૪૧
૫૬ સૌરાષ્ટ્ર-ગુજરાત ને મધ્યપ્રદેશમાં વિહાર; લાઠી શહેરમાં -
જન્મોત્સવ; ભોપાલ શહેરમાં પ્રતિષ્ઠા મહોત્સવ ૪૨
૫૭ કુમારિકા બહેનોની બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા તથા
શ્રી મનફૂલા-સ્વાધ્યાય ભવન ઉદ્‌ઘાટન..... ૪૩
૫૮ યાત્રા... પ્રતિષ્ઠા... અને હીરક જયંતિ મહોત્સવ ૪૪
૫૯ જયપુરમાં પ્રતિષ્ઠા મહોત્સવ... -
સમ્મેદશીખરજીની બીજીવારની યાત્રા..... ૪૫
૬૦ એકવીસમી સદીનો યાત્રા-પ્રતિષ્ઠાનો દશકો ૪૬
૬૧ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ૭૫માં વર્ષ - ઈ.સ. ૧૯૬૪ પછી.... ... ૪૭
૬૨ શ્રી જિનેન્દ્રદેવના પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવો..... ૪૭
૬૩ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના જન્મ-જયંતી મહોત્સવો.. ૫૦
૬૪ સુવર્ણપુરીમાં વિ.સં. ૧૯૯૧ થી વિ.સં. ૨૦૩૭ ..... ૫૦
૬૫ સાધનાભૂમિ: સોનગઢ (સુવર્ણપુરી) પરિચય ..... ૫૩ થી ૭૬
૬૬ દિનચર્યા ..... કવર પેજ ૨ અને ૩

વૈશાખ સુદ બીજ વિક્રમ સંવત ૧૯૪૬ (ઈ.સ. ૧૮૯૦)



પરમ પૂજ્ય અધ્યાત્મ સંત **શ્રી કાનજીસ્વામી**નો શુભ જન્મ વિ.સં. ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ ને તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારના દિવસે સારાષ્ટ્રના નાનકડા ગામ ઉમરાળામાં સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં થયો હતો. માતા **ઉજમબા** અને પિતા **મોતીચંદભાઈ** ધાર્મિક પ્રકૃતિના હતા, તેથી તેમની અસર કાનજીસ્વામી ઉપર પણ છવાઈ ગઈ હતી. બાળવયમાં એક જ્યોતિષીએ કહ્યું હતું કે 'આ કોઈ મહાપુરૂષ થશે એવો સ્પષ્ટ સંકેત તેનામાં દેખાઈ રહ્યો છે.' બાળપણથી જ તેઓશ્રીના મુખ પર વૈરાગ્યની સૌમ્યતા અને નેત્રોમાં બુદ્ધિનું તેજ દેખાતું. તેઓશ્રીએ ઉમરાળાની નિશાળમાં અભ્યાસ કર્યો હતો.

ધંધામાં જોડાણ છતાં વૈરાગ્યની જાગૃતિ



નાની વયમાં જ માતાપિતા કાળધર્મ પામવાથી તેઓશ્રી આજીવિકા અર્થે તેમના મોટાભાઈ ખુશાલભાઈ સાથે પાલેજમાં ચાલુ દુકાનમાં જોડાયા.

પાલેજમાં તેઓશ્રી કોઈ કોઈ વખત નાટક જોવા જતા; પરંતુ અતિશય આશ્ચર્યની વાત તો એ છે કે નાટકમાંથી શૃંગારિક અસર થવાને બદલે કોઈ વૈરાગ્યપ્રેરક દશ્યની ઊંડી અસર તે મહાત્માને થતી અને તે કેટલાય દિવસ સુધી રહેતી. કોઈ કોઈ વખત

તો નાટક જોઈને આવ્યા પછી આખી રાત વૈરાગ્યની ધૂન રહેતી. એકવાર રામલીલા જોયા પછી 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ' એ લીટીથી શરૂ થતું કાવ્ય તેમણે બનાવ્યું હતું. સાંસારિક રસનાં પ્રબળ નિમિત્તોને પણ મહાન આત્માઓ વૈરાગ્યનાં નિમિત્ત બનાવે છે !

વૈરાગ્ય અને દિક્ષા




આ રીતે પાલેજની દુકાનમાં વેપારનું કામકાજ કરવા છતાં તે મહાત્માનું મન વેપારમય કે સંસારમય થયું નહોતું. તેમનો અંતર્વ્યાપાર તો જુદો જ હતો. અંતર્વ્યાપારનાં અભિલાષી ગુરુદેવનું મન બાહ્ય વ્યાપારમાં ન રમ્યું. તેમના અંતરનો સ્વાભાવિક ઝોક હંમેશાં ધર્મ અને સત્યની શોધ પ્રતિ જ રહેતો. ઉપાશ્રયે કોઈ સાધુ આવે કે તેઓ તે સાધુની સેવા તેમ જ તેમની સાથે ધાર્મિક વાર્તાલાપ માટે દોડી જતા. તેમનું ધાર્મિક જીવન અને સરળ અંતઃકરણ જોઈને તેમનાં સંબંધીઓ તેમને 'ભગત' કહેતા. જ્યારે તેમની સામે લગ્નપ્રસ્તાવ મુકવામાં આવ્યો ત્યારે તેમણે સાફ-સાફ કહી દીધું કે મારે તો દીક્ષા લેવાના ભાવ છે, હું લગ્ન કરવા નથી માંગતો.' ખુશાલભાઈએ તેમને ઘણું સમજાવ્યા કે-'ભાઈ, તારે દુકાનમાં ન બેસવું હોય તો ન બેસ, ભલે તું આખો દિવસ ધાર્મિક વાંચનમાં ને સાધુઓના સંગમાં રહે, પણ દીક્ષાની વાત ન કર.' આમ ઘણું સમજાવવા છતાં તે મહાત્માના વૈરાગી ચિત્તને સંસારમાં રહેવાનુ પસંદ પડ્યું નહિ. આખરે બોટાદ સંપ્રદાયના હીરાચંદજી મહારાજના હાથે દીક્ષા લેવાનું નક્કી થયું અને સં. ૧૯૭૦ના માગશર સુદ ૯ ને રવિવાર, તા. ૭-૧૨-૧૯૧૩ને દિવસે ઉમરાળામાં મોટી ધામધુમથી દીક્ષા મહોત્સવ થયો.

શાસ્ત્રાભ્યાસ અને પુરૂષાર્થ-જીવનમંત્ર



દીક્ષા લઈને તુરત જ ગુરુદેવશ્રીએ શ્વેતાંબર શાસ્ત્રોનો સખત અભ્યાસ કરવા માંડ્યો; તે એટલે સુધી કે આહારાદિ શારીરિક આવશ્યકતાઓમાં વખત જતો તે પણ તેમને ખટકતો. લગભગ આખો દિવસ ઉપાશ્રયના કોઈ એકાંત ભાગમાં અભ્યાસ કરતા તેઓ જોવામાં આવતા. ચારેક વર્ષમાં લગભગ બધા શ્વેતાંબર શાસ્ત્રો તેઓ વિચારપૂર્વક વાંચી ગયા. તેઓ સંપ્રદાયની રીત પ્રમાણે ચારિત્ર પણ કડક પાળતા. થોડા જ વખતમાં તેમની આત્માર્થિતાની, જ્ઞાનપિપાસાની અને ઉગ્ર ચારિત્રની સુવાસ સૌરાષ્ટ્રમાં ફેલાઈ ગઈ.

મહાન ગ્રંથ શ્રી સમયસારની પ્રાપ્તિ



સં. ૧૯૭૮ - ઈ.સ. ૧૯૨૨માં શ્રી વીરશાસનના ઉદ્ધારનો, અનેક મુમુક્ષુઓના મહાન પુણ્યોદયને સૂચવતો એક પવિત્ર પ્રસંગ બની ગયો. વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્ય વિરચિત શ્રી સમયસાર નામનો મહાન ગ્રંથ ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવ્યો. સમયસાર વાંચતાં વાચતાં જ તેમના હર્ષનો પાર ન રહ્યો. જેની શોધમાં તેઓ હતા તે તેમને મળી ગયું. શ્રી સમયસારજીમાં અમૃતના સરોવર છલકાતાં ગુરુદેવશ્રીના અંતરનયને જોયાં. એક પછી એક ગાથા વાંચતાં ગુરુદેવશ્રીએ ઘૂંટડા ભરી ભરીને તે અમૃત પીધું. ગ્રંથાધિરાજ સમયસારજીએ ગુરુદેવશ્રી પર અપૂર્વ, અલૌકિક, અનુપમ ઉપકાર કર્યો અને તેમના આત્માનંદનો પાર ન રહ્યો. ગુરુદેવશ્રીના અંતર્જીવનમાં પરમ પવિત્ર પરિવર્તન થયું.


અંતરાત્મધર્મનો ઉદ્યોત



સં. ૧૯૯૧ - ઈ.સ. ૧૯૩૫ સુધી ગુરુદેવશ્રીએ સ્થાનકવાસી સંપ્રદાયમાં રહી બોટાદ, વઢવાણ, અમરેલી, પોરબંદર, જામનગર, રાજકોટ વગેરે ગામોમાં ચાતુર્માસ કર્યા અને શેષકાળમાં સેંકડો નાના મોટા ગામોને પાવન કર્યા. સૌરાષ્ટ્રના હજારો માણસોને ગુરુદેવશ્રીના ઉપદેશ પ્રત્યે બહુમાન પ્રગટ્યું. અંતરાત્મધર્મનો ઉદ્યોત ઘણો થયો.

સ્થાનકવાસી સાધુઓમાં ગુરુદેવશ્રીનું સ્થાન અજોડ હતું. 'કાનજી મહારાજ શું કહે છે' -એ જાણવા સાધુ-સાધ્વીઓ પણ ઉત્સુક રહેતાં.

સંપ્રદાય પરિવર્તન



ગુરુદેવશ્રી સં. ૧૯૯૧ - ઈ.સ. ૧૯૩૫ સુધી સ્થાનકવાસી સંપ્રદાયમાં રહ્યા. પરંતુ અંતરંગ આત્મામાં વાસ્તવિક વસ્તુસ્વભાવ અને વાસ્તવિક નિર્ગ્રંથમાર્ગ ઘણા વખતથી સત્ય લાગતો હોવાથી તેઓશ્રીએ યોગ્ય સમયે સૌરાષ્ટ્રના સોનગઢ નામના નાના ગામમાં 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના મકાનમાં સં. ૧૯૯૧ના ચૈત્ર સુદ ૧૩ ને (મહાવીર જયંતી), મંગળવાર તા. ૧૬-૪-૧૯૩૫ ના દિને 'પરિવર્તન' કર્યું -સ્થાનકવાસી સંપ્રદાયનું ચિન્હ જે મુહપત્તિ તેનો ત્યાગ કર્યો. વિશ્વનાં આકાશમાં એક ઈતિહાસનું કોરૂ પાનું દેખાયું - જેમાં ભાવીનો ઈતિહાસ લખાવાનો હતો.

ગુરુદેવશ્રીએ જેમાં પરિવર્તન કર્યું તે મકાન વસતિથી અલગ હોવાથી બહુ શાંત હતું. થોડા મહિનાઓ સુધી આવા નિર્જન સ્થળમાં ગુરુદેવશ્રીના પરમભક્ત જીવણલાલજી મહારાજ સાથે અને કોઈ દર્શનાર્થે આવેલા બે ચાર મુમુક્ષુઓ સાથે સ્વાધ્યાય, જ્ઞાન-ધ્યાન વગેરેમાં લીન થયેલ ગુરુદેવશ્રીને જોતાં, ત્યારે હજારોની માનવમેદની સ્મૃતિગોચર થતી અને તે જહોજલાલીને સર્પ-કંચૂકવત્ છોડનાર મહાત્માની સિંહવૃત્તિ, નિરીહતા અને નિર્માનતા આગળ હૃદય નમી પડતું.

સુવર્ણપુરી સોનગઢનાં ભવ્ય ઈતિહાસનાં મંડાણ



જે સ્થાનકવાસી સંપ્રદાય કાનજીસ્વામીના નામથી ગૌરવ લેતો તે સંપ્રદાયમાં તેઓશ્રીના 'પરિવર્તન'થી ભારે ખળભળાટ થાય એ સ્વાભાવિક છે. પરંતુ ગુરુદેવશ્રી સં. ૧૯૯૧ - ઈ.સ. ૧૯૩૫ની સાલ સુધીમાં સૌરાષ્ટ્રમાં લગભગ દરેક સ્થાનકવાસીના હૃદયમાં વસી ગયા હતાં. ગુરુદેવશ્રી પાછળ સૌરાષ્ટ્ર આખું ઘેલું બન્યું હતું. તેથી 'ગુરુદેવશ્રીએ જે કર્યું હશે તે સમજીને જ કર્યું હશે' એમ વિચારીને ધીમે ધીમે ઘણા લોકો તટસ્થ થઈ ગયા. કેટલાક લોકો સોનગઢમાં શું ચાલે છે તે જોવા આવતા, પણ ગુરુદેવશ્રીનું પરમ પવિત્ર જીવન અને અપૂર્વ ઉપદેશ સાંભળી તેઓ ઠરી જતાં, તૂટેલો ભક્તિ પ્રવાહ ફરીને વહેવા લાગ્યો. આ રીતે જેમ જેમ ગુરુદેવશ્રીનાં પવિત્ર ઉજ્જ્વળ જીવન તેમ જ આધ્યાત્મિક ઉપદેશ વિષે લોકોમાં વાત ફેલાતી ગઈ, તેમ તેમ વધારે ને વધારે લોકોને ગુરુદેવશ્રી પ્રત્યે મધ્યસ્થતા થતી ગઈ અને ઘણાને સાંપ્રદાયિક મોહને કારણે દબાઈ ગયેલી ભક્તિ પુનઃ પ્રગટતી ગઈ. મુમુક્ષુ અને બુદ્ધિશાળી વર્ગની તો ગુરુદેવશ્રી પ્રત્યે પહેલાંના જેવી જ પરમ ભક્તિ રહી હતી. અનેક મુમુક્ષુઓના જીવનાધાર ગુરુદેવશ્રી સોનગઢમાં જઈને રહ્યા, તો મુમુક્ષુઓનાં ચિત્ત સોનગઢ તરફ ખેંચાયાં. ધીમે ધીમે મુમુક્ષુઓનાં પૂર સોનગઢ તરફ વહેવા લાગ્યાં. સાંપ્રદાયિક મોહ અત્યંત દુર્નિવાર હોવા છતાં, સત્‌ના અર્થી જીવોની સંખ્યા ત્રણે કાળે અત્યંત અલ્પ હોવા છતાં, સાંપ્રદાયિક મોહ તેમ જ લૌકિક ભયને છોડીને સોનગઢ તરફ વહેતાં સત્સંગાર્થી જનોનાં પૂર દિનપ્રતિદિન વેગપૂર્વક વધતાં જ ગયા.

પરિવર્તન કર્યા પછી પૂ. કહાનગુરુદેવનો મુખ્ય નિવાસ સોનગઢમાં જ રહ્યો. ગુરુદેવશ્રીની હાજરીને લીધે સોનગઢ એક તીર્થધામ જેવું બની ગયું. બહારગામથી અનેક મુમુક્ષુ ભાઈ-બહેનો ગુરુદેવશ્રીના ઉપદેશનો લાભ લેવા સોનગઢ આવવા લાગ્યા. દૂર દેશોથી ઘણા દિગંબર જૈનો, પંડિતો, બ્રહ્મચારીઓ વગેરે પણ આવવા લાગ્યા. બહારગામના માણસોને જમવા તથા ઊતરવા માટે ત્યાં એક જૈન અતિથિગૃહની સ્થાપના થઈ. કેટલાક ભાઈઓ તથા બહેનો ત્યાં ઘર કરીને કાયમ રહ્યાં. કેટલાક સત્સંગાર્થીઓ થોડા મહિનાઓ માટે પણ ત્યાં ઘર કરીને અવારનવાર રહેતા. બહારગામના મુમુક્ષુઓનાં ઘણાં મકાનો બંધાયા.


શ્રી જૈન સ્વાધ્યાય મંદિરનું નિર્માણ



પૂ. કહાનગુરુદેવે જે મકાનમાં પરિવર્તન કર્યું તે મકાન નાનું હતું. તેથી જ્યારે ઘણા માણસો થઈ જતાં ત્યારે વ્યાખ્યાન વાંચવાની અગવડ પડતી. પર્યુષણમાં તો બીજે સ્થળે વ્યાખ્યાન વાંચવા જવું પડતું. આ રીતે મકાનમાં માણસોનો સમાવેશ નહિ થતો હોવાથી ભક્તોએ સં. ૧૯૯૪ - ઈ.સ. ૧૯૩૮માં એક મકાન બંધાવ્યું અને તેનું નામ 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર' રાખ્યું.

સમયસાર અને કુંદકુંદાચાર્ય ભગવાન તથા શ્રી સીમંધર ભગવાન પ્રત્યેની ભક્તિ

પરમપૂજ્ય અધ્યાત્મયોગી ગુરુદેવને સમયસાર પ્રત્યે અતિશય ભક્તિ હતી તેથી જે દિવસે સ્વાધ્યાય મંદિરનું ઉદ્‌ઘાટન થયું તે જ દિવસે એટલે કે સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ ને રવિવાર, તા. ૨૨-૫-૧૯૩૮ના રોજ સ્વાધ્યાય મંદિરમાં શ્રી સમયસારજીની પ્રતિષ્ઠા કરવામાં આવી.




શ્રી સમયસારજી પ્રતિષ્ઠાના મહોત્સવ પ્રસંગે બહારગામથી ૭૦૦ માણસો આવ્યાં હતાં. ગુરુદેવશ્રી સમયસારજીને ઉત્તમોત્તમ શાસ્ત્ર ગણે છે. સમયસારજીની પ્રત્યેક ગાથા મોક્ષ આપે એવી છે એમ તેઓશ્રી કહે છે. ભગવાન કુંદકુંદાચાર્યના બધાં શાસ્ત્રો પર તેમને અત્યંત પ્રેમ છે.

જૈનધર્મની શ્રદ્ધા અને પ્રચાર




વીતરાગના પરમ ભકત ગુરુદેવ કહે છે કે- 'જૈનધર્મ એ કોઈ વાડો નથી. એ તો વિશ્વધર્મ છે. જૈનધર્મનો મેળ અન્ય કોઈ ધર્મ સાથે છે જ નહિ. જૈનધર્મનો ને અન્ય ધર્મોનો સમન્વય કરવાનો પ્રયત્ન રેશમનો ને કંતાનનો સમન્વય કરવાના પ્રયત્ન જેવો વૃથા છે.' દિગંબર જૈનધર્મ તે જ વાસ્તવિક જૈનધર્મ છે અને આંતરિક તેમ જ બાહ્ય દિગંબરતા વિના કોઈ જીવ મોક્ષ પામી શકે નહિ એમ તેમની દઢ માન્યતા છે. તેઓશ્રીની મારફત સમયસાર, પ્રવચનસાર, પંચાધ્યાયી, મોક્ષમાર્ગ પ્રકાશક વગેરે અનેક દિગંબર પુસ્તકોનો ઘણો ઘણો પ્રચાર થયો. ગુજરાત-સૌરાષ્ટ્રના અધ્યાત્મપ્રેમી મુમુક્ષુઓને ગુજરાતી ભાષામાં આધ્યાત્મિક સાહિત્ય સુલભ થયું. સૌરાષ્ટ્રમાં હજારો મુમુક્ષુઓ તેનો અભ્યાસ કરતા થયા. કેટલાક ગામોમાં પાંચ, દશ, પંદર મુમુક્ષુઓ ભેગા થઈને ગુરુદેવ પાસેથી ગ્રહણ કરેલા રહસ્ય અનુસાર સમયસારાદિ ઉત્તમ શાસ્ત્રોનું નિયમિત વાંચન-મનન કરતા થયા. આ રીતે પરમ પૂજ્ય ગુરુદેવની કૃપાથી પરમ પવિત્ર શ્રુતામૃતના ધોરિયા સૌરાષ્ટ્રના ગામેગામમાં વહેવા લાગ્યા. અનેક સુપાત્ર જીવો એ જીવનોદકનું પાન કરી કૃતાર્થ થયા.

ઉપદેશનો પ્રધાન સૂર



પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું મુખ્ય વજન સમજણ પર છે. 'તમે સમજો; સમજ્યા વિના બધું નકામું છે' એમ તેઓશ્રી વારંવાર કહે છે. પ્રવચન દરમ્યાન વારંવાર ''સમજાણું કાંઈ'' એમ કહેતા. 'કોઈ આત્મા-જ્ઞાની કે અજ્ઞાની-એક પરમાણુમાત્રને હલાવવાનું સામર્થ્ય ધરાવતો નથી, તો પછી દેહાદિની ક્રિયા આત્માના હાથમાં ક્યાંથી હોય? અજ્ઞાની પરદ્રવ્યનો તથા રાગદ્વેષનો કર્તા થાય છે અને જ્ઞાની પોતાને શુદ્ધ અનુભવતો થકો તેમનો કર્તા થતો નથી. તે કર્તૃત્વબુદ્ધિ છોડવાનો મહાપુરુષાર્થ દરેક જીવે કરવાનો છે. તે કર્તૃત્વબુદ્ધિ જ્ઞાન વિના છૂટશે નહિ. માટે તમે જ્ઞાન કરો.'- આ તેઓશ્રીના ઉપદેશનો પ્રધાન સૂર છે.


અંતર વિકાસ અને મુમુક્ષુઓ ઉપર પરમ ઉપકાર



પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું જીવન સોનગઢના વિશેષ નિવૃત્તિવાળા સ્થળમાં અદ્‌ભુત સૂક્ષ્મતાને પામ્યું; નવી નવી જ્ઞાનશૈલી સોનગઢમાં ખૂબ ખીલી. અમૃતકળશમાં જેમ અમૃત ઘોળાતાં હોય તેમ ગુરુદેવના પરમ પવિત્ર અમૃતકળશસ્વરૂપ આત્મામાં તીર્થંકરદેવના વચનામૃતો ખૂબ ઘોળાયાં-ઘૂંટાયાં. એ ઘૂંટાયેલાં અમૃત કૃપાળુદેવ અનેક મુમુક્ષુઓને પીરસે છે ને ન્યાલ કરે છે. સમયસાર, પ્રવચનસાર વગેરે ગ્રંથો પર પ્રવચન કરતાં ગુરુદેવના શબ્દે શબ્દે એટલી ગહનતા, સૂક્ષ્મતા અને નવીનતા નીકળે છે કે તે શ્રોતાજનોના ઉપયોગને પણ સૂક્ષ્મ બનાવે છે અને વિદ્વાનોને આશ્ચર્યચકિત કરે છે. જે અનંત આનંદમય ચૈતન્યઘન દશા પ્રાપ્ત કરીને તીર્થંકરદેવે શાસ્ત્રો પ્રરૂપ્યા, તે પરમ પવિત્ર દશાનો સુધાસ્યંદી સ્વાનુભૂતિસ્વરૂપ પવિત્ર અંશ પોતાના આત્મામાં પ્રગટ કરીને સદ્‌ગુરુદેવશ્રીએ વિકસિત જ્ઞાનપર્યાય દ્વારા શાસ્ત્રમાં રહેલા ગહન રહસ્યો ઉકેલી મુમુક્ષુને સમજાવી અપાર ઉપકાર કર્યો છે.

અધ્યાત્મ-રસથી ભરપૂર વ્યાખ્યાનશૈલી

ગુરુદેવશ્રી કહેવાની વાતનું એવી સ્પષ્ટતાથી, અનેક સાદા દાખલાઓ આપીને, શાસ્ત્રીય શબ્દોનો ઓછામાં ઓછો પ્રયોગ કરીને સમજાવે છે કે સામાન્ય મનુષ્ય પણ તે સહેલાઈથી સમજી જાય છે. અત્યંત ગહન વિષયને પણ અત્યંત સુગમ રીતે પ્રતિપાદિત કરવાની ગુરુદેવમાં વિશિષ્ટ શક્તિ છે. વળી ગુરુદેવશ્રીની વ્યાખ્યાનશૈલી એટલી રસમય છે કે જેમ સર્પ મોરલી પાછળ મુગ્ધ બને છે તેમ શ્રોતાઓ મંત્રમુગ્ધ બની જાય છે, સમય ક્યાં પસાર થઈ જાય છે તેનું ભાન પણ રહેતું નથી. સ્પષ્ટ અને રસમય હોવા ઉપરાંત ગુરુદેવશ્રીનું પ્રવચન શ્રોતાઓમાં અધ્યાત્મનો પ્રેમ ઉત્પન્ન કરે છે. ગુરુદેવશ્રી પ્રવચન કરતાં અધ્યાત્મમાં એવા તન્મય થઈ જાય છે, પરમાત્મદશા પ્રત્યેની એવી ભક્તિ તેમના મુખ પર દેખાય છે કે શ્રોતાઓને તેની અસર થયા વિના રહેતી નથી. અને મુમુક્ષુઓનાં હૃદયો એ અધ્યાત્મરસથી ભીંજાઈ જાય છે.



આ કાળે મુમુક્ષુઓનાં મહાભાગ્ય




ગુરુદેવનું વ્યાખ્યાન સાંભળવું એ એક જીવનનો લ્હાવો છે. તેમનું વ્યાખ્યાન સાંભળ્યા પછી અન્ય વ્યાખ્યાતાઓના વ્યાખ્યાનમાં રસ પડતો નથી. તેમનું વ્યાખ્યાન સાંભળનારને એટલું તો સ્પષ્ટ લાગે છે કે 'આ પુરૂષ કોઈ જુદી જાતનો છે, જગતથી એ કાંઈક જુદું કહે છે, અપૂર્વ કહે છે. એના કથન પાછળ કોઈ અજબ દઢતા ને જોર છે. આવું ક્યાંય સાંભળ્યું નથી.' ગુરુદેવશ્રીના વ્યાખ્યાનમાંથી અનેક જીવો પોતપોતાની પાત્રતા અનુસાર લાભ મેળવી લે છે, કેટલાકને સત્ પ્રત્યે રૂચિ જાગે છે, કોઈ કોઈને સત્સમજણના અંકુર ફૂટે છે અને કોઈ વિરલ જીવોની તો દશા જ પલટાઈ જાય છે.

વિહાર અને પ્રચાર-પ્રસાર તથા પ્રભાવનાના વિશેષ પ્રસંગો

સોનગઢમાં પરિવર્તન કર્યા પછીથી પૂજ્ય ગુરુદેવશ્રીના ૭૫માં વર્ષ ઈ.સ. ૧૯૬૪ સુધીના જીવનવૃત્તાંત સાથે સંબંધ ધરાવતા કેટલાક પ્રસંગો સંક્ષેપમાં રજુ કરીએ છીએ. પૂજ્ય ગુરુદેવશ્રીના ૭૫માં વર્ષ પછીના પ્રસંગો લગભગ બધાને દૃષ્ટિગોચર છે તેથી આ જીવન ચરિત્રના અંતમાં મુખ્ય મુખ્ય પ્રસંગોની સળંગ યાદી માત્ર રજુ કરી છે. ભવિષ્યની પેઢી માટે હવે પછી તેને વિસ્તૃત વર્ણન સાથે પ્રસિદ્ધ કરવાનો પ્રયત્ન કરીશું.

સોનગઢથી બાર માઈલ દૂર આવેલા શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરવાની ઘણા વખતથી ગુરુદેવશ્રીની ભાવના હતી. તે સં. ૧૯૯૫ ના પોષ વદ તેરશ તા. ૧૮-૧-૧૯૩૯ના પૂર્ણ થઈ. લગભગ ૨૦૦ ભક્તો સહિત ગુરુદેવશ્રીએ તે તીર્થરાજની યાત્રા અતિ ઉત્સાહ ને ભક્તિપૂર્વક કરી.

રાજકોટના શ્રાવકોના બહુ આગ્રહને લીધે સં.૧૯૯૫ - ઈ.સ. ૧૯૩૯માં ગુરુદેવશ્રીનું રાજકોટ પધારવું થયું. ત્યાં દશેક માસની સ્થિતિ દરમ્યાન ગુરુદેવશ્રીએ સમયસાર, આત્મસિદ્ધિ અને પદ્મનંદિપંચવિંશતિકા



પર અપૂર્વ પ્રવચનો કર્યાં. ગુરુદેવના આગળ વધેલા જ્ઞાનપર્યાયોમાંથી નીકળેલા જડ-ચેતનની વહેંચણીના, નિશ્ચય-વ્યવહારની સંધિના તેમ જ બીજા અનેક અપૂર્વ ન્યાયો સાંભળી રાજકોટના હજારો લોકો પાવન થયા અને અનેક સુપાત્ર જીવોએ પાત્રતા અનુસાર આત્મલાભ મેળવ્યો.

રાજકોટથી સોનગઢ પાછાં ફરતા ગુરુદેવશ્રી ગિરિરાજ ગિરનારતીર્થની યાત્રા કરવા પધાર્યા અને એ પવિત્ર નેમગિરિ ઉપર લગભગ ૩૦૦ ભક્તો સાથે ત્રણ દિવસ રહ્યા.

રાજકોટ જતાં તથા ત્યાંથી પાછાં ફરતાં પરમ પૂજ્ય ગુરુદેવ રસ્તામાં આવતાં અનેક ગામોમાં વીતરાગપ્રણીત સદ્ધર્મનો ડંકો વગાડતા ગયા. ગામે ગામ લોકોની ભક્તિ ગુરુદેવ પ્રત્યે ઉછળી પડતી હતી અને લાઠી, અમરેલી વગેરે મોટા ગામોમાં અત્યંત ભવ્ય સ્વાગત થયું હતું.

શ્રી સીમંધરસ્વામી જિનમંદિર તથા શ્રી સમવસરણ મંદિર

સં. ૧૯૯૬ ના વૈશાખ માસ- ઈ.સ. ૧૯૪૦માં ગુરુદેવનાં પુનિત પગલાં ફરી સોનગઢમાં થયાં. ત્યાર પછી તુરત જ શેઠ કાળિદાસ રાઘવજી જસાણીના ભક્તિવંત સુપુત્રોએ શ્રી સ્વાધ્યાય મંદિર પાસે શ્રી સીમંધર ભગવાનનું જિનમંદિર બંધાવવા માંડ્યું. સં. ૧૯૯૭ ના ફાગણ સુદ બીજ, તા. ૨૮-૨-૧૯૪૧ના માંગલિક દિને પ્રતિષ્ઠા મહોત્સવમાં બહારગામના લગભગ ૧૫૦૦ માણસોએ ભાગ લીધો હતો.


શ્રી જિનમંદિર બંધાયા પછી બીજા વર્ષે થોડા મુમુક્ષુભાઈઓ દ્વારા જિનમંદિરની પાસે જ શ્રી સમવસરણ મંદિર બંધાયું. પ્રતિષ્ઠા મહોત્સવ સં. ૧૯૯૮ ના વૈશાખ વદ ૬, તા. ૬-૫-૧૯૪૨ના દિવસે થયો હતો અને તે પ્રસંગે બહારગામથી લગભગ ૨૦૦૦ માણસો આવ્યાં હતાં.

શ્રી પ્રવચનસારજી ઉપર પ્રવચન

સં. ૧૯૯૮ ના અષાઢ વદ એકમ, તા. ૨૮-૭-૧૯૪૨ના રોજ સોનગઢમાં ગુરુદેવશ્રીએ સભા સમક્ષ શ્રી પ્રવચનસારનું વાંચન શરૂ કર્યું હતું. તેમાંથી જ્ઞેય અધિકાર ઉપાડતાં અનેક વર્ષોમાં જ્ઞેયેલ તેનાથી પણ કોઈ અચિંત્ય ને આશ્ચર્યકારક ગુરુદેવના અંતર આત્મામાંથી નિર્મળ ભાવશ્રુતજ્ઞાનની પર્યાયમાંથી સુક્ષ્મને ગહન એવો શ્રુતનો ધોધ વહેવા લાગ્યો.

પરમ પૂજ્ય ગુરુદેવ ફરીને પાછા રાજકોટના શ્રાવકોના આગ્રહને લીધે અને પ્રભાવના ઉદયને લીધે સં. ૧૯૯૯ ના ફાગણ સુદ પાંચમ, તા. ૧૧-૩-૧૯૪૩ના રોજ સોનગઢથી વઢવાણ રસ્તે રાજકોટ જવા માટે વિહાર કર્યો છે. અમૃત વરસતા મહામેઘની જેમ રસ્તામાં આવતા દરેક ગામમાં ગુરુદેવ પરમાર્થ-અમૃતનો ધોધમાર વરસાદ વરસાવતા જાય છે અને અનેક તૃષાવંત જીવોની તૃષા છિપાવતા જાય છે.

ધાર્મિક શિક્ષણવર્ગ



માત્ર મોટી ઉંમરના ગૃહસ્થો જ નહિ, પરંતુ નાની ઉંમરના બાળકો પણ ગુરુદેવના તત્ત્વજ્ઞાનમાં ઉત્સાહથી ભાગ લેતા થયા; એટલે વિદ્યાર્થીઓ ઉનાળાની દોઢ માસની રજાઓનો સદુપયોગ કરીને તત્ત્વજ્ઞાન પામે તે હેતુથી સં. ૧૯૯૭ - ઈ.સ. ૧૯૪૧ થી દર વર્ષે ધાર્મિક શિક્ષણવર્ગ શરૂ થયા. તેમા ગામેગામના સેંકડો જીજ્ઞાસુઓ આઠ વર્ષથી ૯૦ વર્ષના મુમુક્ષુઓ શિક્ષણવર્ગનો લાભ લેતા.

બ્રહ્મચર્યાશ્રમ ઉદ્‌ઘાટન

સં. ૧૯૯૯ -ઈ.સ. ૧૯૪૩માં ગુરુદેવની છાયામાં એક બ્રહ્મચર્યાશ્રમની સ્થાપના થઈ; જેમાં અધ્યાત્મ-અભ્યાસ કરવા અને ગુરુદેવની શીતલછાયામાં રહેવા કેટલાક ભાઈઓ દાખલ થયા.... નાના-નાના બાળકો ગુરુદેવની છાયામાં આનંદકિલ્લોલ કરતા. અનેક કુમાર ભાઈઓએ જીવનભર ગુરુદેવની છાયામાં રહેવાના હેતુથી ગુરુદેવ પાસે આજીવન-બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી. એ સિવાય બીજા જે ગૃહસ્થોએ સન્મેડે ગુરુદેવ પાસે આજીવન-બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લીધી તેની સંખ્યા તો સેંકડો છે.





'આત્મધર્મ' માસિકનું પ્રકાશન

ગુરુદેવના ભક્ત-જિજ્ઞાસુઓ સૌરાષ્ટ્રમાં ને દેશભરમાં ઠેરઠેર પ્રસરેલા હતા, ને તેઓ નિયમિતપણે ગુરુદેવનો સંદેશ મેળવવા આતૂર હતા. એટલે સં. ૨૦૦૦ ના માગસર માસ, ડિસેમ્બર ૧૯૪૩ થી 'આત્મધર્મ' માસિકનું પ્રકાશન શરૂ થયું; એના દ્વારા ગુરુદેવનો સંદેશ ભારતભરમાં પ્રસરવા લાગ્યો; ભારતના ખૂણેખૂણેથી અનેક જિજ્ઞાસુઓ આકર્ષાવા લાગ્યા. સર હુકમચંદજી શેઠ જેવા અનેક મહાનુભાવો પણ 'આત્મધર્મ' દ્વારા સોનગઢ આકર્ષાયા. તેમને એવો પ્રમોદ આવેલ કે 'આત્મધર્મ'નું એક સાથે પચીસ વર્ષનું લવાજમ તેમણે મોકલી આપેલું. ભારતના અધ્યાત્મ માસિકોમાં આત્મધર્મનું સ્થાન ઘણું ઊંચું છે. આ ઉપરાંત અધ્યાત્મ-સાહિત્યનાં બીજાં પ્રકાશનોની પ્રવૃત્તિ પણ સંસ્થાએ હાથ ધરી. લાખોની સંખ્યામાં પુસ્તકો આજ સુધીમાં પ્રકાશીત થયાં છે.

જિનવાણી પ્રત્યે અત્યંત બહુમાન



સં. ૨૦૦૦ - ઈ.સ. ૧૯૪૩ની સાલમાં જ્યારે ગુરુદેવ વિહારમાં હતા તે વખતે જયધવલનો પહેલો ભાગ પ્રસિદ્ધ થયો; તે હાથમાં આવતાં ને વાંચતાં ગુરુદેવને એ જિનવાણી પ્રત્યે એવું અતિશય બહુમાન ને પ્રમોદ જાગ્યો, - કે જાણે તાજી સાંભળેલી દિવ્યધ્વનિ ફરીને જોવા મળી; અને ગામેગામ-રાજકોટ, વીંછીયા, લાઠી વગેરેમાં - મુમુક્ષુ મંડળો દ્વારા ઉત્સાહથી તેનું શ્રુતપૂજન થયું.

સો...ન...ગ...ઢ જીવંત વૈભવ



ગુરુદેવના પ્રતાપથી સોનગઢની સુરત ધીમે ધીમે પલટાવા લાગી. સોનગઢનું શાંત-અધ્યાત્મ વાતાવરણ અને ભરચક ધાર્મિક કાર્યક્રમો જોઈને બહારથી આવેલા જિજ્ઞાસુઓ મુગ્ધ બની જતા ને સોનગઢમાં રહે એટલા દિવસો તો બહારની દુનિયાના વાતવરણને લગભગ ભૂલી જાય, કોઈ નવું જ જીવન એને પ્રાપ્ત થાય છે. ઠંડા પ્રદેશના લોકો તો રાડ પાડી જાય એવી સખત ગરમી પણ, અધ્યાત્મની શીતળતામાં વસતા એ મુમુક્ષુને જાણે અસર કરી શકતી નથી. ધર્માત્માઓ, વિદ્વાનો, બ્રહ્મચારી ભાઈ-બહેનો, શ્રીમાનો, વૃદ્ધથી માંડીને બાળક સુધીના તત્ત્વપ્રેમી જિજ્ઞાસુઓ, સંસારની અનેકવિધ પ્રતિકૂળતાના પહાડ વચ્ચે અધ્યાત્મપ્રેમમાં અણનમ રહેલા મુમુક્ષુઓ, ધર્મપ્રેમ ખાતર સંસારના સંબંધોને છોડીને સંતની છાયામાં સોનગઢ વસનારા ભક્તો,- એવા અનેક મહાનુભાવો પોતપોતાની વિવિધ વિશેષતા ધરાવે છે, -એ રીતે સોનગઢનો 'જીવંત વૈભવ' અપાર છે, પરંતુ અહીં કોઈનો વ્યક્તિગત પરિચય આપવાનું ઉચિત લાગતું નથી; ગુરુદેવની શોભામાં આખા સોનગઢની શોભા સમાઈ જાય છે.


જૈન સમાજના અગ્રીમ શ્રી હુકમચંદજી શેઠ સોનગઢમાં



જૈન સમાજના અગ્રીમ નેતા ઈન્દોરના શ્રી હુકમચંદજી શેઠ ગુરુદેવની અધ્યાત્મખ્યાતિ સાંભળીને અને તેમના દ્વારા થયેલી જૈનધર્મની મહાન પ્રભાવના જોઈને સં. ૨૦૦૧ ના વૈશાખ વદ છઠ્ઠ, તા. ૨-૬-૧૯૪૫ ના દિવસે ગુરુદેવના દર્શન તથા સત્સંગાર્થે સોનગઢ આવ્યા; તેમને ગુરુદેવનો આ પહેલવહેલો જ સમાગમ હતો. ગુરુદેવનું પ્રવચન

સાંભળીને અને ભક્તિ વગેરેનું અધ્યાત્મરસભીનું વાતાવરણ દેખીને તેઓ ખૂબ જ આનંદિત થયા, ને સ્વાધ્યાય મંદિરને રૂા.૨૫,૦૦૧/- ની ઉદાર ભેટ એ વેળા આપી. તેઓ સોનગઢ ત્રણ દિવસ રહ્યા ને વૈશાખ વદ છઠ્ઠ-આઠમના ઉત્સવોમાં હર્ષથી ભાગ લીધો. સમવસરણની રચના જોઈને તેમને ઘણી પ્રસન્નતા થઈ.

શ્રી કુંદકુંદ-પ્રવચન-મંડપ શિલાન્યાસ



દિનેદિને વધતી જતી જિજ્ઞાસુઓની સંખ્યાને લીધે ઉત્સવના દિવસોમાં સ્વાધ્યાય-મંદિર ટૂંકું પડવા લાગ્યું. તેથી તેના કરતાં ચારગણો (પાંચ હજાર ચોરસ ફૂટનો) ''ભગવાન શ્રી કુંદકુંદપ્રવચનમંડપ'' બાંધવાનું નક્કી થયું. સં. ૨૦૦૨ - માગસર સુદ દશમ, તા. ૧૪-૧૨-૧૯૪૫ ના દિવસે શ્રી હુકમચંદજી શેઠના હસ્તે ઘણા આનંદોલ્લાસ ભરેલા વાતાવરણમાં એ મંડપનું શિલાન્યાસ થયું. એ વખતે રૂા.૧૧૦૦૧/- શ્રી હુકમચંદજી શેઠે અર્પણ કર્યા અને કુલ ફાળો સવા લાખ રૂપિયા ઉપરાંત થયો. શિલાન્યાસ પ્રસંગે શેઠજીએ કહ્યું કે - **'महाराजश्रीके उपदेशके प्रभावसे बहुत जीवों को लाभ हुआ है। मेरा भी अहोभाग्य है कि मुझे महाराजश्री के चरणों की सेवा का लाभ प्राप्त हुआ है। मेरी तो भावना है कि मेरा समाधिमरण महाराजश्री के समीप में हो। आपके पास तो मोक्ष जाने का सीधा रास्ता है।'** જિનમંદિરમાં થતી જિનેન્દ્રભક્તિ જોઈને પણ શેઠજીનું હૃદય ઉલ્લસી પડતું.


સં. ૨૦૦૩ ના ફાગણ વદ એકમ, તા. ૧૯-૩-૧૯૪૬ ના દિવસે ભગવાનશ્રી કુંદકુંદ પ્રવચન મંડપનું ઉદ્‌ઘાટન શેઠ શ્રી હુકમચંદજીના હસ્તે ઘણા ઉલ્લાસભર્યા વાતાવરણમાં થયું. શેઠજીએ આ વખતના પ્રવાસને 'સોનગઢ યાત્રા' નામ આપેલ, ને તેમની સાથે ૪૫ જેટલા ભક્તો હતા. આ પ્રસંગે ત્રણેક હજાર જેટલા મુમુક્ષુઓ સોનગઢ આવ્યા હતા. અનેક પૌરાણિક ચિત્રો ને સૈદ્ધાંતિક સૂત્રોથી સુશોભિત પ્રવચનમંડપના ઉદ્‌ઘાટન પ્રસંગે રૂા.૩૫,૦૦૦/- ની જાહેરાત સાથે શેઠજીએ કહ્યું હતું કે - 'હું મારા હૃદયમાં એમ સમજું છું કે મારી સર્વસ્વ સંપત્તિ આ સદ્‌ધર્મની પ્રભાવના અર્થે ન્યોછાવર કરી દઉં તોપણ ઓછું છે.' આ પ્રસંગે સાથે આવેલા પંડિત શ્રી દેવકીનંદનજી વગેરેએ પણ ઉત્સાહ ને પ્રમોદ બતાવેલ. પંડિતજીએ તો કહ્યું હતું કે 'અમારૂં તો બધુંય ભૂલવાળું હતું, આપે જ સત્ય સમજાવ્યું છે.'

વીંછીયામાં જિનમંદિરની શરૂઆત....



હવે સોનગઢ પછી સૌરાષ્ટ્રમાં બીજા અનેક ગામોમાં પણ દિ. જિનમંદિરોના પાયા નખાવા શરૂ થયા. તેમાં સૌ પ્રથમ સં. ૨૦૦૩, ફાગણ વદ ત્રીજ, તા. ૯-૩-૧૯૪૭ ના દિવસે સર હુકમચંદજીના હસ્તે વીંછીયામાં દિ. જિનમંદિરનું શિલાન્યાસ થયું. તે પ્રસંગે ભાષણ કરતાં તેમણે કહ્યું કે 'આવા પવિત્ર ધર્મપ્રસંગમાં ભાગ લેવા હું દિનરાત તૈયાર છું. મારી તો ભાવના છે કે જૈન ધર્મનો ડંકો સારા હિંદુસ્તાનમાં વાગી જાય.'

સોનગઢમાં વિદ્વત્પરિષદનું અધિવેશન




સં. ૨૦૦૩ ના ફાગણ વદ, ઈ.સ. ૧૯૪૭ માર્ચ માસમાં સોનગઢમાં ભારતવર્ષીય દિ. જૈન વિદ્વત્પરિષદનું વાર્ષિક અધિવેશન થયું. અધિવેશનમાં બનારસ, આગ્રા, દિલ્હી, કટની, સાગર, લખનૌ વગેરેથી ૩૨ જેટલા વિદ્વાન ભાઈઓ પધાર્યા હતા. તે બધાય વિદ્વાનો સોનગઢનું અધ્યાત્મ વાતાવરણ જોઈને બહુ પ્રસન્ન થયા હતા, વિદ્વત્પરિષદે પૂ. ગુરુદેવશ્રી પ્રત્યે અભિનંદનનો એક ખાસ પ્રસ્તાવ પસાર કરેલ, શ્રીમાન હુકમચંદજી શેઠના આગમન પછી અને આ વિદ્વત્પરિષદના સંમેલન પછી ગુરુદેવનો પ્રભાવ અને અધ્યાત્મનો પ્રચાર ભારતમાં ઝડપથી ફેલાવા લાગ્યો. સૌરાષ્ટ્રમાં ઠેરઠેર જિનમંદિરોની તૈયારી થવા લાગી. તત્ત્વજ્ઞાનનો પ્રચાર જેમ જેમ વધતો ગયો તેમ તેમ લોકોની જિજ્ઞાસા પણ જાગતી ગઈ, વધુ ને વધુ જિજ્ઞાસુઓ સોનગઢ આવીને સત્સંગનો લાભ લેવા લાગ્યા.

સુવર્ણપુરીના આમ્રવનમાં વૈરાગ્ય ભાવના



સં. ૨૦૦૩ ના જેઠ સુદ પૂનમ, તા. ૩-૬-૧૯૪૭ સોનગઢમાં વનયાત્રાનો આનંદકારી પ્રસંગ બન્યો. સોનગઢમાં નદીકિનારે સેંકડો આંબાઓના ઝાડનું મધુરવન છે. ગુરુદેવ ભક્તો સાથે એ આમ્રવનમાં પધાર્યા ને ત્યાં વનના ઉપશાંત વાતાવરણમાં વૈરાગ્યમય ચારિત્ર ભાવનાઓ ભાવી અને પ્રવચનસારની ચરણાનુયોગ ચૂલિકાની પહેલી બે ગાથાનું ગુજરાતી ભાષાંતર પંડિતજી હિંમતભાઈએ વાંચ્યું. તેમાં આચાર્યદેવ કહે છે કે ચારિત્ર અંગીકાર કરવાનો જે યથાનુભૂતમાર્ગ તેના પ્રણેતા અમે આ ઊભા. એ સાંભળીને સૌને ઘણો પ્રમોદ થયો, મુનિમાર્ગ પ્રત્યે ભક્તિ જાગી. ગુરુદેવે આમ્રવનમાં 'અપૂર્વ અવસર' ગવડાવીને મુનિપદની ભાવના ભાવી. બેનશ્રી-બેને પણ મુનિવરોના સ્મરણપૂર્વક વૈરાગ્યભરી ભક્તિ કરાવી.



પૂજ્ય ગુરુદેવશ્રી ૫૯મી જન્મજયંતી


સં. ૨૦૦૪- ઈ.સ. ૧૯૪૮માં સોનગઢમાં ઉજવાયેલ પૂ. ગુરુદેવનો ૫૯મો જન્મોત્સવ એ એક વિશિષ્ટ આનંદપ્રસંગ હતો. કોઈ આશ્ચર્યકારી મંગળપ્રસંગના હર્ષોલ્લાસને લીધે એ ઉત્સવમાં સૌને અસાધારણ ઉમંગ હતો. ત્રણ દિવસના એ મહાન ઉત્સવ વખતે ઘરેઘરે જે દીપકોની જ્યોતિ ઝગમગી ઊઠી એટલા દીપકોની અનેક હારમાળા સોનગઢમાં પહેલી વાર જ થઈ હશે. અનેક આગેવાનોએ ભાવભીના ભાષણો વડે ગુરુમહિમા પ્રસિદ્ધ કરીને પ્રમોદ વ્યક્ત કર્યો; રાત્રે પણ સ્વાધ્યાય-મંદિરના ચોકમાં ગુરુભક્તિનો ખાસ કાર્યક્રમ હતો; આનંદભર્યા નાટકો અને અવનવી ભક્તિ વડે એ ઉત્સવમાં આનંદના ઊભરા આવ્યા.

કુમારીકા બહેનોની બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા



સં. ૨૦૦૫ ના કારતક સુદ ૧૩, તા. ૧૪-૧૧-૧૯૪૮ ના રોજ એક નવીન ભવ્ય પ્રસંગ બન્યો. સોનગઢમાં વર્ષોથી પૂ. બેનશ્રી તથા બેનની મંગલ છાયામાં વસતા ને ગુરુદેવના પ્રવચનોનો લાભ લેતા (લગભગ ૨૨ વર્ષની ઉમરના) છ કુમારિકા બહેનોએ એક સાથે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા ગુરુદેવ સમક્ષ લીધી. આ પ્રસંગ સમાજે ખાસ ઉલ્લાસથી ઉજવ્યો ને બહેનો માટેના બ્રહ્મચર્યાશ્રમની પણ સ્થાપના થઈ. એક સાથે છ કુમારિકા બહેનોની બ્રહ્મચર્ય પ્રતિજ્ઞાનો આ વિરલ પ્રસંગ, પૂ. ગુરુદેવ જે અતીન્દ્રિય આત્મતત્ત્વની સન્મુખતાનો ઉપદેશ આપ્યો તેનું જ એક નાનકડું ફળ છે. ગુરુદેવના આત્મસ્પર્શી ઉપદેશનું શ્રવણ ને મંથન કરનારના જીવનમાં વૈરાગ્યભાવ સહેજે પોષાય છે. ને તેમાંય વળી પૂ. બેનશ્રી ચંપાબેન તથા પૂ. બેન શાન્તાબેન જેવા ધર્માત્માઓની છાયામાં દિન-રાત જ્ઞાન-વૈરાગ્યનું સીંચન થતું હોય. માતા જેવી તેઓશ્રીની હૂંફ બહેનોના જીવનમાં મહાન શરણરૂપ છે. (આવા જ બીજા ૧૪ તથા ૮ બહેનોના એકી સાથે, તેમ જ બીજા અનેક બહેનોના બ્રહ્મચર્યપ્રતિજ્ઞાના પ્રસંગો બન્યા છે.) આત્મહિત સાધવાના લક્ષે, અહર્નિશ સંતોની છાયામાં રહેવાના હેતુથી આ બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લેવામાં આવી છે, તે એક ખાસ આદર્શ છે. ને એવો આદર્શ અપનાવનારા બહેનો ધન્યવાદને પાત્ર છે.

'સમયસાર-ભગવાનનો મહિમા'



ગુરુદેવને 'સમયસાર' ઉપર મહાન પ્રેમ હતો, જેવો કુંદકુંદ પ્રભુ ઉપર. સમયસાર એમનું જીવનસાથી હોય એમ લગભગ દરરોજ તે વાંચતા હતા. ૧૯ વખત તો તેના ઉપર પ્રવચનો થયાં; તેમાંથી આઠમી વખતના પ્રવચનો લગભગ અઢી વર્ષ ચાલેલા.... તેની પૂર્ણતા કેવા આનંદથી થઈ તે અહીં બતાવવું છેઃ સં. ૨૦૦૨ - ઈ.સ. ૧૯૪૬ ની શ્રુતપંચમીથી શરૂ થયેલ એ પ્રવચનો, સં. ૨૦૦૫ ના માગશર વદ આઠમ, તા. ૨૨-૧૨-૧૯૪૮ના રોજ જ્યારે પૂર્ણ થયા ત્યારે છેલ્લા પ્રવચનની પૂર્ણતા કરતાં ગુરુદેવે કહ્યું કે ''હે જીવો ! અંદરમાં ઠરો...રે....ઠરો ! અનંત મહિમાવંત શુદ્ધાત્મભગવાનનો આજે જ અનુભવ કરો. જ્ઞાનના દિવસે (શ્રુતપંચમીએ) શરૂ કરેલું આ સમયસાર આજે ચારિત્રના દિવસે (કુંદપ્રભુની આચાર્યપદવીના દિવસે) પૂર્ણ થાય છે, એટલે શ્રુતજ્ઞાનથી શરૂઆત થઈ તે આગળ વધતાં ચારિત્રદશા પ્રાપ્ત કરીને ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચીને પૂરું થશે...બોલો....સમયસાર ભગવાનનો....જય....હો''. આમ ગુરુદેવે પોતે કેવળજ્ઞાનના કોલકરાર સાથે સમયસારના જય-જયકારપૂર્વક જ્યારે પ્રવચનની પૂર્ણતા કરી ત્યારે, સમસ્ત મુમુક્ષુ શ્રોતાજનોએ બહુ જ આનંદોલ્લાસથી એ જય-જયકાર ઝીલી લીધો.

પ્રતિષ્ઠા-મહોત્સવ અને વિહાર



સોનગઢના બે પ્રતિષ્ઠા-મહોત્સવ પછી સૌ પ્રથમ સં. ૨૦૦૫ - ઈ.સ. ૧૯૪૯માં વીંછીયામાં પંચકલ્યાણક-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો, અને એ નિમિત્તે ગુરુદેવે સૌરાષ્ટ્રમાં વિહાર કર્યો. ત્યારે ગુરુદેવ પગે ચાલીને વિહાર કરતાં અને બાળકો તેમની સાથે રહેતા. રોજ પાંચ-સાત માઈલનો પ્રવાસ થતો. એ વખતે ગુરુદેવ જે ગામડામાં પધારે ત્યાંના બધા ખેડૂતો પણ ઉત્સવ જેવું માનીને તે દિવસે બળદ જોડવાનું બંધ રાખતા ને હોંસે હોંસે ગુરુદેવનું પ્રવચન સાંભળવા આવતા. આ વિહાર દરમિયાન ગુરુદેવ ઉમરાળા પધાર્યા ત્યારે જન્મભૂમિસ્થાનના ઉદ્ધાર માટેની યોજના અને ફંડની શરૂઆત થઈ. વીંછીયા જેવા નાના ગામમાં ભવ્ય પંચકલ્યાણક-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. એ મહોત્સવમાં પ્રતિષ્ઠા માટે પધારેલા ૪૨ જિનબિંબો ઉપર ગુરુદેવે પાવનહસ્તે અંકન્યાસવિધિ કરી. એ જમાનામાં ઈન્દ્રપ્રતિષ્ઠાના જૂલુસ હાથી ઉપર નહિ પણ ગાડામાં બેસીને નીકળતા.... છતાંય એ પ્રસંગો અદ્‌ભુત ને આહ્લાદકારી લાગતા. એ વખતે ગુરુદેવના સુહસ્તે પ્રતિષ્ઠા કરાવવા માટે કલકત્તા, ઈન્દોર, ભેલસા, કાનપુર, મલકાપુર, અજમેર વગેરે અનેક સ્થળેથી જિનબિંબો આવ્યા હતા. એ જ વર્ષે લાઠી શહેરમાં પણ શ્રુતપંચમીએ પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો મહાન ઉત્સવ થયો. બીજા વર્ષે (સં. ૨૦૦૬- ઈ.સ. ૧૯૫૦માં) પણ રાજકોટના ભવ્ય જિનમંદિરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા નિમિત્તે ગુરુદેવે સૌરાષ્ટ્રમાં વિહાર કર્યો, ફાગણ માસમાં રાજકોટમાં મહાન પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો, તેમાં એકંદર ૩૯ જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ.

શત્રુંજય સિદ્ધિધામની યાત્રા



સૌરાષ્ટ્રના વિહારમાંથી પાછા ફરતાં સં. ૨૦૦૬ના પ્રથમ અષાઢ સુદ ૪, તા. ૧૯-૬-૧૯૫૦ ના દિવસે પૂ. ગુરુદેવે ૮૦૦ જેટલા યાત્રિકોના મહાન સંઘ સહિત શત્રુંજય-સિદ્ધિધામની અપૂર્વ મંગલકારી (બીજીવારની) યાત્રા કરી. પાંડવધામમાં અદ્‌ભુત ભક્તિ-પૂજન અને પ્રવચનો થયા.

"સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ"

સં. ૨૦૦૬ના ભાદરવા સુદ પાંચમ, તા. ૧૬-૯-૧૯૫૦ થી આ દૈનિક પત્રિકાનું પ્રકાશન શરૂ થયું; તે લગભગ છ વર્ષ ચાલુ રહ્યું. જિજ્ઞાસુઓને તે પ્રિય હતું, પરંતુ શ્રી અમૃતલાલભાઈના સ્વર્ગવાસ બાદ તેનું પ્રકાશન બંધ થયું.


આફ્રિકા અને વિદેશમાં પ્રભાવના



ગુરુદેવનો પ્રભાવ ક્યાં ક્યાં ફેલાયેલો છે તે જોવા માટે આપણે હિન્દુસ્તાન બહાર પણ જરા નજર કરવી પડશે. ગુરુદેવના પ્રકાશકિરણો આફ્રિકા જેવા દેશમાં પણ પહોંચી ગયા. જેમ જેમ ગુરુદેવના પ્રવચન-સાહિત્ય દ્વારા પ્રચાર વધતો ગયો તેમ તેમ ભારતભરમાંથી જિજ્ઞાસુઓ આકર્ષાતા ગયા, એટલું જ નહિ, મુખ્ય મુખ્ય બધા જ શહેરોમાં મુમુક્ષુ મંડળો સ્થપાતા ગયા, અને રંગુન તથા આફ્રિકામાં નૈરોબી, મોમ્બાસા વગેરે શહેરોમાં રહેનારા ગુજરાતી ભાઈઓ પણ સોનગઢ પ્રત્યે આકર્ષાયા. આફ્રિકામાં તો એકવાર આત્મધર્મના ૪૦૦ જેટલા ગ્રાહકો થઈ ગયા હતા. આજે પણ આફ્રિકામાં ઉત્સાહી મુમુક્ષુમંડળ ચાલી રહ્યું છે; ભારતમાંથી જિનપ્રતિમા ત્યાં લઈ જઈને દર્શન-પૂજન-ભક્તિ કરે છે. તેમ જ ત્યાંના મુમુક્ષુ ભાઈઓ અવારનવાર સોનગઢ આવીને સત્સંગનો લાભ લ્યે છે. પૂ. ગુરુદેવશ્રીએ આફ્રિકા-નૈરોબીમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા કરી છે.


સોનગઢમાં સીમંધરનાથની પ્રતિષ્ઠાના દશ વર્ષ

ભક્તજનોના હૃદયની ભાવનાથી વહાલા વિદેહીનાથ સં.૧૯૯૭ - ઈ.સ. ૧૯૪૧ માં સોનગઢ પધાર્યા; સીમંધરનાથની એ પ્રતિષ્ઠાને સં. ૨૦૦૭- ઈ.સ. ૧૯૫૧માં દશ વર્ષ પૂર્ણ થતાં ઉલ્લાસકારી અઠ્ઠાઈ-મહોત્સવ ઉજવાયો. સીમંધરનાથની પરમ ભક્તિથી સોનગઢનું વાતાવરણ ગાજી ઊઠ્યું. ગુરુકહાન કહે છે કે 'સીમંધરનાથની ૐકારધ્વનિમાંથી ઝીલીને કુંદકુંદાચાર્યદેવ મહાન શ્રુત લઈ આવ્યા, અને તેની જ કંઈક પ્રસાદી અહીં પીરસાય છે.' પૂ. બેનશ્રી તથા બેનને પણ એ વિદેહીનાથ પ્રત્યે જે ભક્તિ ઉલ્લસે છે, ને તેમની પ્રશાંત મુદ્રા દેખી દેખીને એમના હૃદયમાં જે આનંદોર્મિ જાગે છે તેનું વર્ણન




કઈ રીતે થાય ! વિદેહવાસી હે સીમંધરનાથ ! આપ 'સુવર્ણધામમાં....અથવા તો ભક્તોના અંતરમાં' પધાર્યા પછી આ ભરતભૂમિના જિનેન્દ્રશાસનમાં અનેકાનેક મંગલવૃદ્ધિ થઈ છે.-આવા મહાન ભક્તિભાવો સાથે દશવર્ષીય મંગલોત્સવ ઘણા જ આનંદથી ઉજવાયો હતો. આ પ્રસંગે અજમેરની ભજનમંડળી પહેલી જ વાર સોનગઢ આવી હતી, તેના વિવિધ કાર્યક્રમોથી ઉત્સવમાં વિશેષ આનંદ આવ્યો હતો. 'કુંદકુંદ-શ્રાવિકાશાળા'નું ઉદ્ઘાટન પણ તે દરમિયાન (મહાવદ તેરસે) થયું હતું. અઠ્ઠાઈ-ઉત્સવના પ્રારંભમાં, એક ભક્તિ દ્વારા સીમંધરનાથને સંદેશ મોકલાવ્યો કે 'સ્વસ્તિ શ્રી વિદેહક્ષેત્રે બિરાજમાન હે સીમંધરનાથ ! ભરતક્ષેત્રના આપના ભક્તોની વિનંતિ સ્વીકારીને, વહેલા વહેલા વિહાર કરીને આપ સોનગઢ પધારો.... ભારતના ભક્તો આપની વાટું જુએ છે....' એ ઉત્સવપ્રસંગે અનેક ધાર્મિક નાટકો, ધાર્મિક ફિલ્મ (તીર્થધામ સોનગઢની), વગેરે અવનવા કાર્યક્રમો થયા હતા. ગુરુદેવના પ્રતાપે સુવર્ણધામમાં આવા આનંદોત્સવના અવનવા પ્રસંગો બન્યા જ કરતા હતાં.

શ્રાવિકા-બ્રહ્મચર્યાશ્રમનું ઉદ્‌ઘાટન



સં. ૨૦૦૭ - ઈ.સ. ૧૯૫૧ માં કલકત્તાના (લાડનૂવાળા) શેઠશ્રી વછરાજજી ગંગવાલ વગેરે સોનગઢ પહેલીવાર આવ્યા. ગુરુદેવના માત્ર ચાર દિવસના પરિચયથી અને પૂ. બેનશ્રીબેનનું જીવન દેખીને તેઓ એવા પ્રભાવિત થયા કે તરત જ જિનમંદિર પાસે વિશાળ જગ્યા ખરીદીને લગભગ સવા લાખના ખર્ચે ભવ્ય આશ્રમનું નિર્માણ કર્યું. એ "શ્રી ગોગીદેવી દિ. જૈન શ્રાવિકા-બ્રહ્મચર્યાશ્રમ"નું ઉદ્‌ઘાટન શેઠજીના હસ્તે સં. ૨૦૦૮ ના મહા સુદ પાંચમ, તા. ૩૧-૧-૧૯૫૨માં થયું. એ દિવસે મહાવીરપ્રભુના પ્રતિમાજી આખો દિવસ આશ્રમમાં બિરાજમાન કર્યા હતા. ગુરુદેવનું પ્રવચન પણ આશ્રમમાં થયું હતું. આખો દિવસ ભક્તિ-ઉલ્લાસ ને હર્ષનું વાતાવરણ વ્યાપી ગયું હતું, પૂ. બેનશ્રી તથા બેનની હિતકર છાયામાં ૧૬ જેટલા બ્ર. બહેનોએ આશ્રમમાં વાસ કર્યો હતો. પછી તો અનુક્રમે બ્ર. બહેનોની સંખ્યા વધવા લાગી. આશ્રમનું વાતાવરણ અનેરું છે, ને આદર્શ મહાન છે.

શ્રી માનસ્તંભ નિર્માણ તથા ભવ્ય મહોત્સવ




હજી સુધી સૌરાષ્ટ્રમાં ક્યાંય માનસ્તંભ ન હતો; માનસ્તંભ શું કહેવાય એની ખબર પણ ઘણાને ન હતી. દશેક વર્ષ પહેલાં સોનગઢમાં જિનમંદિર થયું ત્યારથી જ માનસ્તંભની ભાવના ભક્તોના મનમાં ઘોળાતી હતી; તે આ સાલમાં ફળીભૂત થઈ. તેને માટે અત્યંત ઉમળકાપૂર્વક થોડા જ વખતમાં સવા લાખ રૂા. જેટલું મોટું ફંડ થઈ ગયું. સૌરાષ્ટ્રને માટે આ તદ્દન નવીન હતું. એક બાજુ જયપુરમાં માનસ્તંભના આરસના સામાનનો ઓર્ડર દેવાયો ને બીજી તરફ સોનગઢમાં એના ચણતરની જોરદાર તૈયારીઓ થવા લાગી. જે દિવસે ને જે સમયે ગુરુદેવે પરિવર્તન કરેલું, ૧૭ વર્ષ બાદ બરાબર તે જ દિવસે ને તે જ સમયે પૂ. બેનશ્રી તથા બેનના સુહસ્તે માનસ્તંભના પાયાની શરૂઆત થઈ. તેના પછી વૈશાખ વદ સાતમના રોજ ગુરુદેવની મંગલ છાયામાં અત્યંત ઉલ્લાસભર્યા વાતાવરણ વચ્ચે પૂ. બેનશ્રી તથા બેને તેમ જ શેઠશ્રી નાનાલાલભાઈ વગેરેએ ઉત્સાહપૂર્વક માનસ્તંભનું શિલાન્યાસ કર્યું. માનસ્તંભની મોટી મોટી ત્રણ પીઠિકાઓનું સીમેન્ટનું ચણતરકામ સેંકડો ભક્ત ભાઈ-બહેનો એ ઉમંગથી હાથોહાથ કર્યું હતું. પ્રવચનમાં ગુરુદેવ રોજરોજ માનસ્તંભનો મહિમા સમજાવતા. આ જ અરસામાં સૌરાષ્ટ્રમાં કેટલાય ઠેકાણે જિનમંદિરો તૈયાર થયા હતા ને મુમુક્ષુઓ પ્રતિષ્ઠા માટે ગુરુદેવના પધારવાની રાહ જોતા હતા. તો બીજી તરફ દેશભરમાંથી અનેક નાના-મોટા જિજ્ઞાસુઓ (ત્યાગીઓ તેમ જ ગૃહસ્થો) સોનગઢ આવતા ને ગુરુદેવના પરિચયથી તેમ જ સોનગઢના અધ્યાત્મ-વાતાવરણથી ખૂબ જ પ્રભાવિત થઈને 'ધન્ય...ધન્ય' બોલી ઊઠતા. કોઈ કહેતું કે સોનગઢ તો વિદેહધામ જેવું લાગે છે, તો કોઈ કહે કે એ તો ધર્મપુરી છે.

જયપુર (મકરાણા)થી છ વેગન ભરીને માનસ્તંભનો આરસનો સામાન આવ્યો. છેલ્લા બે વેગન સં. ૨૦૦૯, તા. ૩-૧૧-૧૯૫૨ ના ભાઈબીજને દિવસે આવ્યા. તેમાં બીજા સામાન ઉપરાંત માનસ્તંભના જિનબિંબો પણ હતા. આનંદપૂર્વક કારતક સુદ ત્રીજે જિનપ્રતિમાનો ગ્રામ પ્રવેશ થયો; ને માનસ્તંભની પીઠિકાના આરસનો પહેલો પાષાણ આ દિવસે પૂ. બેનશ્રી તથા બેનના હસ્તે ચણાયો. ભગવાનની બેઠકનું સ્થાપન માહ સુદ એકમે થયું ને બરાબર એ જ રાત્રે સ્વપ્નમાં ગુરુદેવે સીમંધરનાથના દિવ્ય દેદાર દેખ્યા. પછી તો એક પછી એક પથ્થર ઊંચે ઊંચે ચડતાં ચડતાં ૬૩ ફૂટ સુધી પહોંચી ગયા. (ગુરુદેવને એ વખતે ૬૩ મું વર્ષ ચાલતું હતું.)

શ્રી માનસ્તંભજી પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ

એમ કરતાં કરતાં ઈ.સ. ૧૯૫૩, સં. ૨૦૦૯ નો ચૈત્ર માસ આવ્યો ને માનસ્તંભના મહોત્સવની મંગલ વધાઈ લાવ્યો. જેવી માનસ્તંભની અનેરી શોભા....એવો જ એની પ્રતિષ્ઠાનો ઉત્સવ ! મહોત્સવ વખતે છ હજાર જેટલા મહેમાનો આવ્યા હતા. ૩૨ પ્રતિમાઓ ઉપર ગુરુદેવના હસ્તે અંકન્યાસ વિધિ થઈ પછી, વિદેહીનાથ સીમંધર ભગવાનની માનસ્તંભમાં પરમભક્તિથી ગુરુકહાને પ્રતિષ્ઠા કરી અને પછી થયો એ ગગનવિહારી માનસ્તંભનો મહાઅભિષેક. સૌરાષ્ટ્રમાં આ માનસ્તંભનો પ્રતિષ્ઠા મહોત્સવ અદ્‌ભુત ને અપૂર્વ હતો. એમાં હજારો ભક્તોએ ભાગ લીધો હતો. એ દિવસોમાં સુવર્ણધામની શોભા અદ્‌ભુત હતી. પ્રતિષ્ઠા પછી મંચ બાંધેલ હોવાથી ગુરુદેવ સહિત અનેક ભક્તજનો અવારનવાર ઉપર જઈને માનસ્તંભની યાત્રા-ભક્તિ કરતા, ને ઉપર બેઠા બેઠા પૂજન-ભક્તિ કરતા; માનસ્તંભ ઉપર જવાનો મંચ જેઠ સુદ પાંચમ સુધી રહ્યો હતો. પછી મંચ છોડી નાખતા, ખુલ્લા આકાશમાં માનસ્તંભની શોભા ગંધકૂટી જેવી શોભતી હતી.



એક તરફ ગુરુદેવનો પ્રભાવ વધતો ચાલ્યો ને બીજી તરફ પ્રવચનમાં તત્ત્વજ્ઞાનની સ્પષ્ટતા વધુ ને વધુ ખીલતી ગઈ. નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત વગેરે અનેક બાબતોની સ્પષ્ટતા પણ વધુ ને વધુ ખીલવા લાગી ને વધુ અને વધુ જિજ્ઞાસુઓ તેનો લાભ લેવા લાગ્યા.

ઉમરાળા-જન્મભૂમિસ્થાન



પૂ. ગુરુદેવની જન્મભૂમિ ઉમરાળા સોનગઢથી માત્ર ૧૧ માઈલ દૂર છે. ત્યાંના જન્મધામવાળા જૂના ઘરને સ્થાને એવું જ નવું જન્મધામ બાંધવા માટે સં. ૨૦૦૯ ના વૈશાખ સુદ પૂનમ, તા. ૨૮-૫-૧૯૫૩ના રોજ પૂ. બેનશ્રી તથા બેનના હસ્તે શિલાન્યાસ થયું. ઉપરના ભાગમાં સીમંધર ભગવાનની વેદિકા, નીચે જન્મધામમાં સ્વસ્તિક-સ્થાપન, અને બાજુમાં 'ઉજમબા-સ્વાધ્યાયગૃહ'ની રચના થઈ. પોષ વદ ત્રીજે તેનું ઉદ્‌ઘાટન થયું. એની પ્રતિષ્ઠાનો ઉત્સવ ઘણો ભવ્ય હતો....ગુરુદેવનું જન્મધામ ભક્તોને માટે દર્શનીય બન્યું છે.

સૌરાષ્ટ્રમાં અનેક જિનેન્દ્રપ્રતિષ્ઠા : ગિરનારયાત્રા

સં. ૨૦૧૦ની સાલ- ઈ.સ. ૧૯૫૩-૫૪ ને આપણે 'જિનેન્દ્ર પ્રતિષ્ઠાનું વર્ષ' કહી શકીએ. સૌરાષ્ટ્રમાં ઠેરઠેર તૈયાર થઈ ગયેલા દિ. જિનમંદિરોમાં પ્રતિષ્ઠા કરવા માટે ગુરુદેવે સોનગઢથી પોષ વદ ત્રીજે મંગલ વિહાર કર્યો. ઉમરાળામાં જન્મધામ તથા સ્વાધ્યાયગૃહનું ઉદ્‌ઘાટન થયા બાદ તેમાં ગુરુદેવે પોતાના સુહસ્તે સમયસારની સ્થાપના કરી. અનેક ગામમાં થઈને માહ સુદ દસમે પૂ. ગુરુદેવ ગિરનાર સિદ્ધિધામની યાત્રાએ પધાર્યા, ને અગીયારસ તેમજ બારસના રોજ એક હજાર જેટલા યાત્રિકોના સંઘ સાથે ગિરનાર સિદ્ધિધામની યાત્રા ઘણા જ ભક્તિભાવપૂર્વક કરી. ઠેરઠેર વૈરાગ્યભર્યા ઉદ્‌ગારોપૂર્વક ગુરુદેવે નેમનાથપ્રભુનું અને ગિરનારમાં વિચરેલા ધરસેનસ્વામી-કુંદકુંદસ્વામી વગેરે સંતોનું સ્મરણ કર્યું. ગુરુદેવની સંઘસહિત ગિરનારધામની આ બીજી વારની યાત્રા હતી. આ યાત્રા પછી જુનાગઢ શહેરમાં જિનેન્દ્રદેવની મોટી રથયાત્રા નીકળી હતી - લોકો કહેતા કે આવી રથયાત્રા અમે જુનાગઢમાં કદી જોઈ નથી. ગુરુદેવ સાથે સૌરાષ્ટ્રના



તીર્થોની યાત્રા તો થઈ, હવે ભારતના મહાન તીર્થો-સમ્મેદશિખર વગેરેની યાત્રા ગુરુદેવ સાથે થાય એવી ભાવના ઘણા ભક્તોના હૃદયમાં ઘૂંટાતી હતી.


સૌરાષ્ટ્રમાં વિહાર દરમ્યાન ગુરુદેવ જામનગર પણ પધાર્યા હતા. ત્યાં સૌરાષ્ટ્રના રાજપ્રમુખ શ્રી જામસાહેબે પોતાના બંગલે ગુરુદેવને નિમંત્રીને અધ્યાત્મ ઉપદેશ સાંભળ્યો હતો, સાચું આત્મિક સામ્રાજ્ય શું છે તે સાંભળીને રાજપ્રમુખશ્રી તથા મહારાણીશ્રી પ્રસન્ન થયા હતા.

ગિરનાર સિદ્ધિધામની યાત્રા કરીને ગુરુદેવ પોરબંદર-મોરબી-વાંકાનેર પધાર્યા. એ ત્રણેય શહેરોમાં નૂતન જિનમંદિરોમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ ઉજવાયો. ત્યારબાદ વઢવાણશહેર, સુરેન્દ્રનગર, રાણપુર, બોટાદ અને ઉમરાળામાં પણ નૂતન જિનાલયમાં વેદીપ્રતિષ્ઠાના ભવ્ય મહોત્સવો ઉજવાયા. ઉમરાળા એક તો ગુરુદેવનું જન્મધામ ને તેમાં વહાલા સીમંધરનાથની પધરામણી ! એ પ્રસંગના ઉત્સવનું શું કહેવું ? ગુરુદેવે રત્નોના અર્ઘ્ય વડે પ્રભુને પોતાના આંગણે વધાવ્યા હતા. ને પુષ્પવૃષ્ટિ માટે વિમાન આવ્યું હતું. આમ માત્ર ૪ માસમાં આઠ પ્રતિષ્ઠા મહોત્સવ થયા ! સૌરાષ્ટ્ર આખું જિનેન્દ્રપ્રભાવથી ગાજી ઊઠ્યું. આવા મહાન કાર્યો કરીને ગુરુદેવ જ્યારે સોનગઢ પધાર્યા ત્યારે હાથી ઉપરથી પુષ્પવૃષ્ટિ કરીને ભક્તોએ મહાન ભાવભીનું સ્વાગત કર્યું.

પૂજ્ય કહાન ગુરુદેવશ્રીનાં પૂણ્ય પ્રતાપથી આવા મહાન યોગ મુમુક્ષુ સમાજને પ્રાપ્ત થયાં. સાતિશય પૂણ્યનાં થોક ઉછળ્યા વિના આવો અપૂર્વ યોગ મળવો, માણવો, સાંભળવો કે વાંચવા મળવો મુશ્કેલ છે.


જિન મંદિર નવનિર્માણ

બીજા જ મહિને એક બીજી વધામણી આવી. પ્રતિદિન વૃદ્ધિગત થઈ રહેલા ગુરુદેવના પ્રભાવને લીધે ભારતભરના જિજ્ઞાસુઓની અવરજવર સોનગઢમાં ખૂબ વધતી ચાલી. દર્શન, પૂજન-ભક્તિ માટે જિનમંદિર નાનું પડવા લાગ્યું. ગુરુદેવની ૬૬મી જન્મ જયંતિ પ્રસંગે જિન મંદિર વિસ્તૃત કરવાનો નિર્ણય થયો. એટલે તેનું નવનિર્માણ કરવા માટે સં. ૨૦૧૨ ના કારતક વદ પાંચમ, તા. ૧૯-૧૧-૧૯૫૫ના દિવસે શિલાન્યાસ થયો. ગુરુદેવના મંગળ હસ્તે સ્વસ્તિકવિધાન કરાવીને આનંદોલ્લાસપૂર્વક શિલાન્યાસ થયો. શિલાન્યાસ પછી થોડા જ વખતમાં છત ભરવાનું કાર્ય અષાડ સુદ ૧૪ તથા ૧૫ ના રોજ સેંકડો ભક્તોએ હાથોહાથ કર્યું. એ ભક્તિના શ્રમયજ્ઞમાં સમસ્ત મંડળ ભાગ લેતું હતું. એ પ્રસંગની ભક્તિના ઉમંગનો ખ્યાલ આ ઉપરથી આવશે કે એ કાર્ય ચાલ્યું તે બે દિવસો ગુરુદેવે પ્રવચનો બંધ રાખ્યા હતા. સીમેન્ટની ગરમીથી હાથની ચામડી ફાટી ન જાય તે માટે હાથમાં સૌ કપડાની થેલી બાંધતા. ભક્તિ ગાતાં ગાતાં સતત બે દિવસ એ મહાન પ્રસંગ ચાલ્યો, તે દ્રશ્યો જોવાલાયક હતા; એ કાર્યની એટલી ધૂન હતી કે એ વખતે સૌરાષ્ટ્રભરમાં ધરતીકંપનો જે આંચકો લાગેલ તેનો પણ ખ્યાલ ભક્તોને આવ્યો ન હતો. અને છત પૂરી ભરાઈ રહ્યા પછી એ છત ઉપર ઉભા ઉભા જયજયનાદથી ભક્તોએ હર્ષ વ્યક્ત કર્યો હતો. આ જિનમંદિર માટેનું ફંડ પણ ઉત્સાહપૂર્વક વધ્યે જતું હતું.



અત્યાર સુધી સૌરાષ્ટ્રમાં તો અનેક જિનમંદિરો બંધાયા, હવે સૌરાષ્ટ્ર બહાર ગુજરાતના પાલેજમાં (જ્યાં ગુરુદેવ નવ વર્ષ રહેલા) પણ દિ. જિનમંદિર બંધાયું. અને સં. ૨૦૧૨ના આસો, ઈ.સ. ૧૯૫૬ના ઑક્ટોબર માસમાં તો ગુજરાતથી પણ બહાર નીકળીને એ પ્રભાવ ભારતની મુંબઈ નગરી સુધી પહોંચ્યો. ત્યાં આસો સુદ દશમ, તા. ૧૪-૧૦-૧૯૫૬ ના રોજ એક ભવ્ય જિનાલયનું શિલાન્યાસ થયું. મુંબઈના ઝવેરી બજાર જેવા લત્તામાં જિનમંદિર બંધાયું.

નેમિનાથ પ્રભુની વેદિ પ્રતિષ્ઠા અને ભવ્ય રથયાત્રા તથા શિખરજી યાત્રાનો નિર્ણય




અનેક વર્ષોથી ગુરુદેવ સાથે સમ્મેદશિખરજી જેવા શાશ્વત સિદ્ધિધામની યાત્રા કરવાની ભક્તજનોના મનમાં જે ભાવના હતી તે પૂર્ણ કરવાની વધાઈ શ્રાવણ સુદ એકમે ભક્તિ પછી ગુરુદેવે સંભળાવી...ગુરુદેવે કહ્યું કે આગામી સાલ (સં. ૨૦૧૩) લગભગ ફાગણ માસમાં સમ્મેદશિખરજીની જાત્રાએ જવું છે. એ સંદેશ સાંભળતાં ગામેગામના મુમુક્ષુઓએ ખુશાલી વ્યક્ત કરી. ભક્તોનાં હૃદય એ પ્રસંગ માટે થનગની રહ્યા...જે યાત્રાનો નિર્ણય સાંભળતાંય આનંદનું આવું મોજું ફરી વળ્યું તે યાત્રા કેવી આનંદકારી હશે !!

સં. ૨૦૧૨ ના ભાદરવા સુદ પાંચમ, તા. ૯-૯-૧૯૫૬ ના રોજે એક સાથે ૧૪ કુમારિકા બહેનોએ બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લીધી. તે પ્રસંગ પણ ઘણો પ્રભાવશાળી હતો.

સવા લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ ભવ્ય નૂતન જિનમંદિરમાં ઉપરના ભાગમાં નેમિનાથ ભગવાનની પુનઃ વેદિપ્રતિષ્ઠા સં. ૨૦૧૩ ના કારતક સુદ ૧૨, તા. ૧૫-૧૧-૧૯૫૬ ના રોજ થઈ; એ ઉત્સવ ઘણા હર્ષોલ્લાસથી ઊજવાયો... ઉત્સવ પછી ચાંદીની ગંધકૂટીવાળા નવીન રથમાં ભગવાનની જે રથયાત્રા નીકળી તેની શોભા ને તેનો ઉલ્લાસ અજોડ હતો. સોનગઢનું એ ઉન્નત જિનમંદિર જોઈને ભક્તો કહેતા કે જેમ મૂડબિદ્રીમાં ત્રિભુવનતિલક ચૂડામણિ છે તેમ આપણું આ મંદિર 'સમ્યક્ત્વશિખર ચૂડામણિ' છે.

મુંબઈ શહેરમાં આગમન તથા મંગલ તીર્થયાત્રા

સોનગઢના ઉત્સવ પછી તરત ગુરુદેવે મંગલ તીર્થયાત્રા માટે વિહાર કર્યો. વચ્ચે પાલેજમાં જિનમંદિરની પ્રતિષ્ઠાનો ઉત્સવ થયો. પાલેજના જિનમંદિરમાં ગુરુદેવે સ્વહસ્તે શ્રેયાંસનાથ, સીમંધરનાથ વગેરે ભગવંતોને ભાવથી બિરાજમાન કર્યા, ને પછી મુંબઈ નગરીમાં ૧૦-૧૫ હજાર માણસોની સભામાં પરમ સત્યની ઘોષણા કરીને સિદ્ધિધામની યાત્રા માટે પ્રસ્થાન કર્યું. ગુરુદેવ જ્યાં જ્યાં જાય ત્યાં એવા સ્વાગત થતા કે ત્યાંની જનતા આશ્ચર્યથી બોલી ઊઠતી કે અમારી નગરીમાં આવું સ્વાગત કદી જોયું નથી. આ યાત્રામાં ૫૦૦ ઉપરાંત યાત્રિકો (૮ બસો ને ૩૦ મોટરો) સહિત ગુરુદેવે ઘણાય તીર્થોની યાત્રા કરી.




સોનગઢથી વલ્લભીપુર, બરવાળા, ખંભાત, વડવા, અગાસ, વડોદરા, પાલેજ, ભરૂચ, અંકલેશ્વર, સન્નેદ, સુરત, ભીવંડી, મુંબઈ, ગજપંથા, દેવલાલી, માંગીતુંગી, રાવલગાંવ-ઈલોરા, માલેગાંવ, ધૂળીયા, બડવાની .... પાવાગીર, ઉન, ખંડવા, સનાવદ, સિદ્ધવરકૂટ, ઈન્દોર, ઉજ્જૈન, મક્ષી-પાર્શ્વનાથ, સારંગપુર, બ્યાવરા, રાઘવગઢ, સોનકચ્છ, ભોપાલ, કુરાના, નરસિંહગઢ, ગુના, બજરંગગઢ, કોલારસ, સેસઈ, શિવપુરી, ઝાંસી, થુબોનજી, ચંદેરી, દેવગઢ, બબીના, તાલહબેટ, લલિતપુર, ગ્વાલિયર, ધોલપુર, આગ્રા, શૌરીપુર-બટેશ્વર, મથુરા, ફિરોન્નબાદ, મૈનપુર, કાનપુરી, લખ્નૌ, રત્નપુરી, અયોધ્યાપુરી, બનારસ (કાશી), ચંદ્રપુરી, સિંહપુરી, આરા, પટના, રાજગૃહી, કુંડલપુર-નાલંદા, પાવાપુરી, ગુણાવા, ગયા, સમ્મેદશિખરજી, ચંપાપુરી-મંદારગિરિ, ઋજુવાલિકાને તીરે, જમશેદપુર, ઝરીઆ, ધનબાદ, કલકત્તા, ખંડગિરિ-ઉદયગિરિ, ચોપારન, ડાલમીયા નગર, બનારસ, અલ્લાહાબાદ, કાનપુર, કુરાવલી, એટા, હસ્તિનાપુર, દિલ્હી, સહરાનપુર, અલ્વર, આમેર, જયપુર, અલીગઢ-ટોંક, અજમેર, લાડનૂ, સુજાનગઢ, ફૂચામન, કિસનગઢ, બ્યાવર, શિવગંજ, જાવાલ, આબુ, તારંગા, અમદાવાદ થઈને પુનઃ સોનગઢ પધાર્યા.

મધુવનમાં હજારો માણસોની સભામાં જે પ્રવચનધારા વહેતી એ અદ્‌ભુત હતી. પં. ગંગાધરજીએ ભાવભીનું ભાષણ કરીને હિંમતપૂર્વક ગદ્‌ગદભાવથી સમાજમાં પ્રસિદ્ધ કર્યું કે : ''અનંત ચોવીસીના તીર્થંકરો અને આચાર્યોએ સત્ય દિગંબર જૈનધર્મને અર્થાત્ મોક્ષમાર્ગને પ્રગટ કરનારો જે સંદેશ સંભળાવ્યો તે જ આ કાનજીસ્વામીની વાણીમાં સાંભળવામાં આવી રહ્યો છે.'' યાત્રા કરીને વૈશાખ વદ છઠ્ઠે ગુરુદેવ સોનગઢ પધાર્યા ત્યારે ભવ્ય સ્વાગત થયું ને છ માસથી સૂની પડેલી સુવર્ણપુરી ફરી ઝાકઝમાળ બની.

યાત્રા ઉત્સવની ખુશાલી નિમિત્તે સોનગઢમાં અષાઢ માસની અષ્ટાહ્નિકામાં સિદ્ધચક્રવિધાન પૂજન ઘણા ઉત્સાહથી થયું. યાત્રાના છ હજાર ફૂટ લાંબા હાલતાચાલતા ચિત્ર (Film) દ્વારા એ તીર્થોને જ્યારે સોનગઢમાં જોઈએ છીએ ત્યારે યાત્રાનો આનંદ ફરી ફરી તાજો થાય છે.


લીંબડી શહેરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા નિમિત્તે ગુરુદેવે સૌરાષ્ટ્રમાં વિહાર કર્યો. આ દશકો જાણે 'વિહારનો દશકો' હોય એમ ઉપરા ઉપરી વિહારના મંગલ પ્રસંગો બનતા ગયા.

મુંબઈમાં મહોત્સવ અને દક્ષિણ યાત્રા



સં. ૨૦૧૫ના પોષ, - ઈ.સ. ૧૯૫૯ જાન્યુઆરી માસમાં ગુરુદેવ મુંબઈમાં પ્રતિષ્ઠા અને દક્ષિણદેશના તીર્થોની યાત્રા માટે પધાર્યા. મુંબઈમાં મુંબાદેવી પ્લોટમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ અત્યંત ભવ્ય રીતે ઊજવાયો. ત્યાં 'મહાવીરનગર'ની સુંદર રચના થયેલ હતી; ૨૫,૦૦૦ માણસો સમાય એવડો પ્રતિષ્ઠામંડપ હતો. એ મહોત્સવનાં દશ્યો નીહાળીને મુંબઈની જનતા મુગ્ધ બની હતી. પ્રવચનમાં ૧૫-૧૫ હજાર માણસો લાભ લેતા. મહા સુદ છઠ્ઠ, તા. ૧૪-૨-૧૯૫૯ ના રોજ જિનમંદિરમાં ભગવંતોની પ્રતિષ્ઠા કરીને મહા સુદ આઠમ, તા. ૧૬-૨-૧૯૫૯ ના રોજ ગુરુદેવે ૬૫૦ જેટલા યાત્રિકો (આઠ બસો ને ૪૦ મોટરો) ના વિશાળ સંઘ સાથે દક્ષિણ યાત્રા માટે પ્રસ્થાન કર્યું.

મુંબઈથી પુના, ફલ્ટન, જોગફોલ્સ, હૂમચ, કુંદાપુર-કુંદાદ્રિ, મુડબિદ્રિ કારકલ, વેણુર, હલેબીડ, શ્રવણબેલગોલા, મૈસુર, બેંગલોર, કાંજીવરમ્, પુંડીનગરી, મદ્રાસ, વંદેવાસ, પોન્નૂર, અકલંકબસ્તી, કેરેન્ડે, નેલ્લુર, બેઝવાડા, હૈદ્રાબાદ, સોલાપુર, કુંથલગિરિ, ધારાશિવની ગુફાઓ, ઉસ્માનાબાદ, ઈલોરા, અજન્ટા, જલગાંવ, મલકાપુર, શિરપુર, વાસીમ, કારંજા, પરતવાડા (એલિચપુર), મુક્તાગિરિ, અમરાવતી, ભાતકુલી, બજારગાંવ, નાગપુર, ડોંગરગઢ, ખૈરાગઢ, રામટેક, સીવની, જબલપુર, મઢીયાજી, ભેલુઘાટ,



પનાગર, દમોહ, કુંડલગિરિ-સિદ્ધક્ષેત્ર, શાહપુર, દ્રોણગિરિ સિદ્ધક્ષેત્ર, ખજુરાહો, પપૌરાજી, ટીકમગઢ, અહારજી, લલિતપુર, દેવગઢ, ચંદેરી, બારાં, ચાંદખેડી, ઝાલરાપાટણ, કોટા, બુંદી, ભાતપુરા, નીમચ, ચિતોડ, ઉદયપુર, કેસરીયાજી (ધૂલેવ), ઈડર, સોનાસણ, રામપુરા, ફત્તેપુર, તલોદ, રખિયાલ, દહેગામ, કલોલ, અમદાવાદ, પોલારપુર, શિહોર, ભાવનગર, ઘોઘા થઈને પુનઃ સોનગઢ પધાર્યા.


ગુરુદેવ જ્યાં જતાં ત્યાં હજારો માણસો ઉત્સુકતાથી સંઘને નીહાળતા લોકો ગુજરાતી તો શું, હિન્દીભાષા પણ ન સમજે, છતાં પ્રવચનમાં હજારો માણસો આવતા ને ગુરુદેવનો પ્રભાવ દેખીને પ્રસન્ન થતા. (કન્નડ-તામિલ વગેરે ભાષામાં પ્રવચનનો થોડો ઘણો અનુવાદ પણ સંભળાવવામાં આવતો.) રોજરોજ નવાનવા તીર્થો ને નવા નવા મંદિરોના દર્શન કરતાં આનંદ થતો. બંને યાત્રાઓથી ગુરુદેવને અને સાથેના યાત્રિકોને પણ તીર્થોનું અને તીર્થમાં જાગેલી ઉત્તમ ભાવનાઓનું મધુર સંભારણું જીવનમાં મળ્યું. ફત્તેપુરમાં ગુરુદેવનો ૭૦મો જન્મોત્સવ અતીવ ઉત્સાહથી સૌરાષ્ટ્ર-ગુજરાતની જનતાએ ઉજવ્યો.

ગુરુદેવનો પ્રભાવ હવે મધ્ય ભારતમાં પહોંચી ગયેલો; જ્યારે ગુરુદેવ ખેરાગઢ પધાર્યા ત્યારે ત્યાંના નૂતન દિ. જિનમંદિરમાં વેદિપ્રતિષ્ઠાનો મહોત્સવ થયો ને બે બહેનોએ બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લીધી. પહેલાં અહીં દિ. જૈનોના એક પણ ઘર ન હોવા છતાં નવું દિ. જૈનમંદિર થયું, ને વેદિપ્રતિષ્ઠા મહોત્સવ પણ થયો.

અધ્યાત્મધામ સોનગઢની શીતલછાયામાં

યાત્રા કરીને ગુરુદેવ સોનગઢ પધાર્યા ને ગુરુદેવની છાયામાં, સોનગઢના શાંત-અધ્યાત્મવાતાવરણમાં મુમુક્ષુ ભક્તજનો આનંદથી આત્મિકભાવનામાં રત બન્યા.... મંગલ તીર્થયાત્રામાંથી મળેલી સંતોના આદર્શ-જીવનની પ્રેરણા અંતરમાં વાગોળવા માંડ્યા. ગુરુદેવનું અંતર પણ અધ્યાત્મચિંતનમાં વિશેષ પરોવાયું. યાત્રાના મધુર સંભારણાં ગુરુદેવ ફરીફરીને યાદ કરતા ને તેમનું હૃદય તીર્થ પ્રત્યેની ભક્તિભાવનાથી દ્રવી જતું.

દક્ષિણયાત્રાની ખુશાલીમાં ચોવીસ તીર્થંકરપૂજન વિધાન થયું હતું.



સૌરાષ્ટ્રમાં ફરી પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો દોર...

આફ્રિકાના ઉત્સાહી ભાઈઓ તરફથી સં. ૨૦૧૬ના કારતક સુદ ૮, તા. ૭-૧૧-૧૯૫૯ ના રોજ બે પત્રો આવ્યા; જામનગરમાં જિનમંદિર બંધાવવા બાબત જેમાં જિનમંદિર માટે મહત્વપૂર્ણ યોગદાન બાબત જણાવેલ હતું. જામનગરના જિનમંદિર માટે અત્યંત અલ્પ સમયમાં દોઢ લાખ ઉપરાંત ફંડ થઈ ગયું હતું.


સં. ૨૦૧૬ના પોષ માસ- ઈ.સ. ૧૯૬૦ જાન્યુઆરી મહિનામાં ફરીને ગુરુદેવનો વિહાર સૌરાષ્ટ્રમાં વડીયા, જેતપુર ને ગોંડલના દિ. જિનમંદિરોમાં પ્રતિષ્ઠા નિમિત્તે થયો. ત્રણે ગામમાં દિ. જિનમંદિરોમાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવો ઊજવાયા. ફાગણ સુદ ૧૨ના રોજ રાજકોટ જિનમંદિરનો દશવર્ષીય ઉત્સવ ઉજવાયો.

ઉમરાળામાં ૭૧મો જન્મોત્સવ



(માતા ઉજમબાના હસ્તાક્ષર)


પૂ. ગુરુદેવશ્રીનો ૭૧મો જન્મોત્સવ જન્મ-નગરી ઉમરાળા ગામે તેઓશ્રીએ જ્યાં જન્મ લીધો હતો તે જ જન્મધામમાં ઉજવાયો.... ૭૦ વર્ષ પહેલાં જ્યાં માતા ઉજમબાએ કુંવર કહાનને લાડ લડાવ્યા-જમાડ્યા-રમાડ્યા, એ જ સ્થાનમાં ભારતભરનાં ભક્તો ઉજમબાને યાદ કરી કરીને, ભક્તિથી ગુરુ કહાનને અભિનંદતા હતા. વૈશાખ સુદ બીજે જન્મવધાઈ લઈને ભારતના ભક્તો આવ્યા ને ઉજમબાના આંગણે ૫૦૦ શ્રીફળનો ને રૂપિયાનો ઢગલો થઈ ગયો. ગામ-પરગામના જેટલા બાળકો દર્શન કરવા આવ્યા તે દરેકને પ્રેમથી સ્વહસ્તે જૈનબાળપોથી તથા આત્મસિદ્ધિ તેઓએ આપી, ગુરુદેવ પાસેથી એમના 'બેસતા વર્ષની બોણી' મળતાં સૌ આનંદિત થયા. જન્મધામમાં ભક્તિ પણ અદ્‌ભુત આનંદકારી થઈ હતી. ખરેખર ઉમરાળા આજે ફરીને ધન્ય બન્યું હતું.



વિદેહનાં સંભારણાં

ત્યાર બાદ વૈશાખ માસના ઉત્સવ દરમિયાન સમવસરણમાં ભક્તિ વખતે, સીમંધરનાથ અને કુંદકુંદાચાર્યદેવ પ્રત્યે પરમ ઉલ્લાસ-ભક્તિ-બહુમાન આવતાં ગુરુદેવે સમવસરણમાં બેઠા બેઠા પુસ્તકમાં લખ્યું કે - 'ભરતથી મહાવિદેહની મૂળ દેહે જાત્રા કરનાર શ્રી કુંદકુંદ આચાર્યનો જય હો, વિજય હો.'' તીર્થયાત્રાના કેવા ભાવો, ને વિદેહનાં કેવાં સ્મરણો એમના અંતરમાં ઉલ્લસે છે તે આ ઉદ્‌ગારો દ્વારા દેખાઈ આવે છે.

અધ્યાત્મની ધૂન ને મુનિદર્શનની ઉર્મિ



સં. ૨૦૧૬માં શ્રાવણ સુદ પાંચમ, તા. ૨૮-૬-૧૯૬૦ના રોજ એકવાર ગુરુદેવ બહાર ફરવા ગયેલ, ને ત્યાં ખુલ્લા મેદાનમાં બેઠાબેઠા એકાંતમાં એકલા ધૂન જમાવી. મુખમાંથી શબ્દો નીકળતા હતા -

જ્યાં ચેતન ત્યાં સર્વગુણ કેવળી બોલે એમ, પ્રગટ અનુભવ આતમા નિર્મળ કરો સપ્રેમ....રે....
ચૈતન્યપ્રભુ ! પ્રભુતા તમારી ચૈતન્યધામમાં.... જિનવરપ્રભુ ! પધાર્યા સમોસરણધામમાં....

-એ રટણમાં ને રટણમાં ગુરુદેવને મુનિદર્શનની એવી ઊર્મિ સ્ફૂરી કે અરે, અત્યારે અહીં કોઈક મુનિરાજના દર્શન થાય તો કેવું સારૂં ! કુંદકુંદસ્વામી જેવા કોઈ મુનિરાજ ક્યાંકથી આકાશમાર્ગે અહીં આવી ચડે ને નીચે પધારીને દર્શન આપે - તો કેવું ધનભાગ્ય !!


-આ પ્રકારે ઘણીવાર ગુરુદેવ એકાંતમાં બેઠાબેઠા, કોઈવાર સ્વાધ્યાયમંદિરના ચોકમાં ઝાડની છાયામાં અધ્યાત્મ-ચિંતનમાં મશગુલ બની જતા ....એ વખતનું એમની મુદ્રાનું દશ્ય ખૂબ જ અધ્યાત્મપ્રેરક હતું.

"સુવર્ણ સન્દેશ" સાપ્તાહિક પ્રકાશન - કોંગ્રેસનાં આગેવાનો સોનગઢમાં

સં. ૨૦૧૬ના આસો વદ અમાસ, તા. ૨૦-૧૦-૧૯૬૦ ના દિવસે આ સાપ્તાહિક શરૂ થયું, તેના દ્વારા જિજ્ઞાસુઓને સોનગઢના -તાજા સમાચાર નિયમિત મળ્યા કરતા; ને સર્વે જિજ્ઞાસુઓમાં તે ખૂબ પ્રિય હતું. સં. ૨૦૧૮, ચૈત્ર માસ - ઈ.સ. ૧૯૬૨ના એપ્રીલ મહિના સુધી તેનું પ્રકાશન ચાલ્યું.

સં.૨૦૧૭, પોષ માસ, ઈ.સ. ૧૯૬૧ ડિસેમ્બર-જાન્યુઆરીમાં કોંગ્રેસનું અધિવેશન ભાવનગર મુકામે થયેલ ત્યાં આવેલા અનેક નેતાઓ, કાર્યકરો ને પ્રેક્ષકો મોટી સંખ્યામાં સોનગઢ પણ આવ્યા હતા. અધિવેશનના ભરચક કાર્યક્રમમાંથી પણ સમય મેળવીને ઢેબરભાઈ જેવા આગેવાન (ભૂતપૂર્વ કોંગ્રેસપ્રમુખ) પણ સોનગઢ આવીને ગુરુદેવ સાથે એક કલાક તત્ત્વચર્ચા કરી હતી. ઢેબરભાઈ ગુરુદેવ પ્રત્યે ખાસ પ્રેમ ધરાવતા હતા અને અવારનવાર સોનગઢ આવીને (તેમજ બીજે જ્યાં અવકાશ મળે ત્યાં) તેઓ ગુરુદેવના સત્સંગનો લાભ લેતા હતા.

ફરી ફરી યાત્રા વિહાર અને પ્રતિષ્ઠા મહોત્સવો



સં. ૨૦૧૭ - ઈ.સ. ૧૯૬૧માં ફરી પાછો વિહાર આવ્યો...જો કે વારંવાર વિહાર સોનગઢવાસી ભક્તોને વિરહદાતા લાગે....પરંતુ ભારતમાં પ્રસરતા ગુરુદેવના પ્રભાવનાના વેગને કોણ રોકી શકે ? જામનગરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા, સાવરકુંડલામાં વેદિપ્રતિષ્ઠા અને ગિરનાર સિદ્ધિધામની યાત્રા-આવા મંગળપ્રસંગો નિમિત્તે પોષ માસમાં ગુરુદેવે વિહાર કર્યો.

જામનગરના પ્રતિષ્ઠામહોત્સવ પછી ગુરુદેવ ગિરનારની યાત્રાએ પધાર્યા. ગુરુદેવ સાથે યાત્રાસંઘમાં ૧૨૦૦ જેટલા યાત્રિકો હતા, ને અદ્ભુત ઉત્સાહપૂર્વક યાત્રા થઈ હતી. ગુરુદેવે સંઘસહિત ગિરનારની આ ત્રીજી વારની યાત્રા કરી. ગિરનારના ધામ ઉપર બેઠાબેઠા ગુરુદેવના મુખથી વૈરાગ્યની વાણી સાંભળતા હોઈએ કે કોઈ અધ્યાત્મની ચર્ચા ચાલતી હોય, કે કોઈ ટૂંકની ટોચે બેઠાબેઠા ભક્તિપૂજન કરતા હોઈએ- કે મૌન બેઠા હોઈએ, અગર આનંદથી ગાતાં ગાતાં સંતો સાથે પર્વત ચડતા કે ઊતરતા હોઈએ - એ બધાય પ્રસંગો મુમુક્ષુજીવનમાં જ્ઞાન-વૈરાગ્ય ને ભક્તિનું અમીભર્યું સીંચન કરતા હોય છે. - ખરેખર એ જીવનની સોનેરી પળો હતી.

-અને એ સિદ્ધિધામની યાત્રા પછી તરત બીજે જ મહિને સાવરકુંડલામાં નૂતન દિ. જિનમંદિરમાં જિનેન્દ્રદેવની વેદિપ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ ઉજવાયો. ને પછી ગુરુદેવ સોનગઢ પધાર્યા.....



ગુરુદેવના સાક્ષાત્ સમાગમનો તો દર વર્ષે હજારો જિજ્ઞાસુઓ લાભ લેતા, તે ઉપરાંત સાહિત્ય દ્વારા ને ટેપરેકોર્ડિંગ-પ્રવચન દ્વારા ગામેગામના અનેક જિજ્ઞાસુઓ લાભ લઈને પોતાની જિજ્ઞાસા પોષતા ને સોનગઢ પ્રત્યે આકર્ષાતા. દૂર દૂરના જિજ્ઞાસુઓનું આગમન દિનેદિને વધતુ ગયું.

સોનગઢમાં સ્થિરતાના કાળ દરમિયાન નિત નવાનવા ભક્તિના ઉત્સવપ્રસંગો ઊજવાતા ગુરુદેવ પણ એવા પ્રસંગોમાં ઉપસ્થિત રહેતા. કોઈ વાર ચોવીસ તીર્થંકર વિધાન, કોઈ વાર સહસ્રમંડલ વિધાન, કોઈ વાર વીસ વિહરમાન તીર્થંકર વિધાન, કોઈ વાર અઢીદ્વિપ વિધાન કે ત્રિલોકમંડલ વિધાન, તો કોઈ વાર સિદ્ધચક્ર વિધાન કે પંચપરમેષ્ઠી વિધાન, કોઈ વાર જિનેન્દ્રપ્રભુનો મહાઅભિષેક તો કોઈ વાર રથયાત્રા, કોઈ વાર મુનિવરોની અવનવી ભક્તિ તો કોઈ વાર જિનવાણી માતાની સેવાના વિધવિધ પ્રસંગો. - આમ દેવ-ગુરુ-શાસ્ત્રની સેવામાં અનુરક્ત મુમુક્ષુનું ચિત્ત સંસારની અનેકવિધ અટપટી માયાજાળોને ભૂલી જાય છે; સંતચરણમાં ચૈતન્યને સાધવાની ધૂનમાં અનુકૂળતા કે પ્રતિકૂળતાના પ્રસંગો પ્રત્યે તેનું વિશેષ લક્ષ જતું નથી, મુમુક્ષુનું આવું સુંદર જીવનઘડતર ગુરુદેવની છાયામાં થતું હતું.

અહિં ઉલ્લેખનીય છે કે સાક્ષરવર્ય આદરણીય **પંડિતરત્ન શ્રી હિંમતભાઈ જેઠાલાલ શાહે** પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણા અને પ્રોત્સાહનથી સમયસારાદિ વગેરે કેટલાય શાસ્ત્રોનો ગુજરાતી અનુવાદ તથા તેની મૂળ ગાથાઓનાં ગંભીરભાવો યથાર્થપણે જાળવી ગુજરાતી પદ્યાનુવાદ હરિગીત છંદમાં કર્યો છે તે જિજ્ઞાસુજીવોને બહુજ ઉપયોગી અને સમાજને ઉપકારી થયેલ છે. ઉપરાંત સમવશરણ સ્તુતિ, સમયસાર સ્તુતિ, ગુરુદેવ સ્તુતિની રચના ખરેખર ઉત્કૃષ્ટ અને અભિનંદનીય છે.




માનસ્તંભનો દશવર્ષિય મહાઅભિષેક

સં. ૨૦૧૮ ના ચૈત્ર માસ, - ઈ.સ. ૧૯૬૨ના એપ્રીલમાં માનસ્તંભના મહાન પ્રતિષ્ઠા મહોત્સવની દસમી વર્ષગાંઠ હતી, તે નિમિત્તે મંચ બાંધીને માનસ્તંભના દશવર્ષિય મહાઅભિષેકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. હજારો યાત્રિકો હોંશેહોંશે મંચ દ્વારા ઉપર જઈને માનસ્તંભની આનંદકારી યાત્રા કરતા, ને ભક્તિભાવથી પૂજન કરતા. ગુરુદેવ પણ ઘણીવાર મંચ ઉપર જઈને સીમંધરનાથ પાસે બેસતા, ને વિધવિધ ભાવનાઓ સાથે ભક્તિ ગવડાવતા.

મુંબઈ શહેરમાં શિલાન્યાસ - રાજકોટમાં જન્મોત્સવ

ત્યાર બાદ તુરત મુંબઈ-દાદરમાં શ્રી નવનીતલાલભાઈ ઝવેરીના હસ્તે જિનમંદિરનું (જેમાં સમવસરણની પણ રચના છે) શિલાન્યાસ થયું. આ પ્રસંગે મુંબઈના મુમુક્ષુઓને ઘણો જ આનંદ હતો. આ જ અરસામાં જોરાવરનગર તથા દહેગામમાં પણ દિ. જિનમંદિરના શિલાન્યાસ થયા. આ વર્ષે ગુરુદેવનો વૈશાખ સુદ બીજનો (૭૩મો) જન્મોત્સવ રાજકોટ શહેરમાં ઉત્સાહથી ઉજવાયો હતો. અનેક શહેરનો જૈન સમાજ હવે ગુરુદેવની-ઉપદેશ શૈલીને અનુસરવા લાગ્યો. ગુરુદેવની અધ્યાત્મરસ ઝરતી ઉપદેશ શૈલી પાસે બીજા ઉપદેશ તેમને નીરસ જેવા લાગે છે. એટલે પર્યુષણ જેવા વિશેષ તહેવારોમાં સોનગઢથી કોઈ ભાઈને વાંચન માટે બોલાવતા. આ પ્રકારની માગણી અનેક ગામોથી આવતી જતી. સોનગઢની અધ્યાત્મ શૈલીથી સૌ પ્રભાવિત થતા ગયા.

સૌરાષ્ટ્ર-ગુજરાત ને મધ્યપ્રદેશમાં વિહાર; લાઠી શહેરમાં જન્મોત્સવ; ભોપાલ શહેરમાં પ્રતિષ્ઠા મહોત્સવ




સં. ૨૦૧૯ માં ફાગણ માસ - ઈ.સ. ૧૯૬૩, માર્ચ મહિનામાં ફરીને ગુરુદેવનો મંગલવિહાર સૌરાષ્ટ્ર-ગુજરાત અને મધ્યપ્રદેશમાં થયો. તે દરમિયાન લાઠી શહેરમાં ગુરુદેવનો ૭૪મો જન્મોત્સવ અતિ ઉત્સાહપૂર્વક ઊજવાયો. લાઠીમાં આ જન્મોત્સવ વખતે મુંબઈના પ્રમુખશ્રી અને મંત્રી વગેરે સાથે આગામી જન્મોત્સવ (હીરક મહોત્સવ) મુંબઈમાં ઉજવવા બાબત વાતચીત થઈ તથા તે પ્રસંગે અભિનંદન ગ્રંથ બહાર પાડવાનું નક્કી થયું. ....એ મહાન કાર્ય મુંબઈના ઉત્સાહી મંડળથી જ થઈ શકે તેમ હતું; આ બધી વાતચીતથી તે જન્મોત્સવના સરઘસમાં જ હીરકજયંતી-અભિનંદન ગ્રંથના પાયા રોપાયા. લાઠીમાં એ જન્મોત્સવ બહુ ઉત્સાહથી ઉજવાયો હતો, જિનમંદિરના નવા શિખરની પ્રતિષ્ઠાનો ઉત્સવ પણ સાથે જ હતો.

ત્યાર બાદ વૈશાખમાં જેરાવર નગરમાં નવા દિ. જિનમંદિરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ થયો. જેરાવર નગર જેવા નાના ગામમાં પણ આવો મોટો મહોત્સવ ગુરુદેવના પ્રતાપથી ઊજવાયો, એ મહોત્સવ આનંદકારી હતો. દહેગામ (ગુજરાત)માં પણ વૈશાખ વદમાં વેદિપ્રતિષ્ઠાનો મહોત્સવ ગુરુદેવની છાયામાં ઊજવાયો ગુજરાતની જનતાએ આ ઉત્સવમાં ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. આસપાસના ગામોથી પાંચ હજાર ભાઈ-બહેનો આવ્યા હતા ને મોટા ધાર્મિક મેળા જેવું વાતાવરણ હતું. દહેગામના ઈતિહાસમાં આવો મહોત્સવ આ પહેલ વહેલો જ હતો. અહીંથી ગુરુદેવ અમદાવાદ પધારેલા ત્યારે ત્યાં પણ દિ. જિનમંદિરનું શિલાન્યાસ થયું હતું....મુમુક્ષુઓને આ પ્રસંગે ઘણો આનંદ હતો.

અમદાવાદથી દાહોદ થઈને ગુરુદેવ ભોપાલ શહેર પધાર્યા....ત્યાં અધ્યાત્મ-સંમેલન થયું જેમાં દશ હજાર માણસો હતા. નૂતન સ્વાધ્યાય ભવન તથા જિનભવનમાં વેદિપ્રતિષ્ઠાનો મહોત્સવ ભવ્ય હતો. મધ્યપ્રદેશની જનતા ગુરુદેવનો અધ્યાત્મ સન્દેશ ખૂબ ઉત્સુકતાથી સાંભળતી હતી. જેઠ સુદ પાંચમે શાંતિનાથ ભગવાનની ભવ્ય રથયાત્રામાં ભગવાનના સારથિ તરીકે ગુરુદેવ રથમાં બેઠા હતા. અહીંથી ગુરુદેવ ભેલસા (વિદર્ભ) પધારેલા, ત્યાં પણ તેમના હસ્તે સ્વાધ્યાય ભવનનું શિલાન્યાસ થયું. પછી ઈન્દૌર પધાર્યા. ઈન્દૌરનો જૈનસમાજ પહેલેથી જ ગુરુદેવ પ્રત્યે ખાસ પ્રેમ ધરાવે છે; હજારોની સંખ્યામાં જિજ્ઞાસુઓએ લાભ લીધો ને તિલકનગર સોસાયટીમાં ગુરુદેવની ઉપસ્થિતિમાં જિનમંદિરનું શિલાન્યાસ થયું. ત્યાંથી ગુરુદેવ ઉજ્જૈન પધારતાં મુમુક્ષુ મંડળના સ્વાધ્યાયમંદિરનું ઉદ્‌ઘાટન તેમ જ તેના ઉપરના ભાગમાં જિનાલયનું શિલાન્યાસ થયું. આમ સં. ૨૦૨૦- ઈ.સ. ૧૯૬૪માં મધ્ય પ્રદેશનો પ્રભાવશાળી પ્રવાસ કરીને તેમ જ સિદ્ધવરકૂટ વગેરે તીર્થોની યાત્રા કરીને ગુરુદેવ પુનઃ સોનગઢ પધાર્યા....

કુમારિકા બહેનોની બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા તથા શ્રી મનફૂલા-સ્વાધ્યાય ભવન ઉદ્‌ઘાટન



સં. ૨૦૧૯, ભાદરવા માસ- ઈ.સ. ૧૯૬૩માં ૨૨ વર્ષની આસપાસના આઠ કુમારિકા બહેનોની બ્રહ્મચર્ય પ્રતિજ્ઞાનો ભવ્ય પ્રસંગ બન્યો હતો. આવો સામૂહિક બ્રહ્મચર્ય પ્રતિજ્ઞાનો આ ત્રીજો અવસર હતો. આઠ બહેનોમાંથી ત્રણ બહેનો તો બી.એ. સુધી ભણેલ હતી. નાનાં નાનાં બાળકોને પણ ગુરુદેવનો ઉપદેશ કેવો પ્રિય લાગે છે ને સંતોના ચરણમાં અધ્યાત્મજીવન કેવું ગમે છે તેનાં આ ઉદાહરણ છે.

ભાદરવા વદ પાંચમ, તા. ૮-૯-૧૯૬૩ના રોજ ગોગીદેવી આશ્રમ અંતર્ગત શ્રી મનફૂલા-સ્વાધ્યાય ભવનના ઉદ્‌ઘાટનનો પ્રસંગ પણ ઘણા હર્ષોલ્લાસથી ઉજવાયો હતો. ગુરુદેવે કરેલી સમ્મેદશિખર વગેરે મંગલતીર્થોની મહાન યાત્રાના આનંદકારી સ્મરણોથી ને તીર્થમહિમાથી ભરેલું પુસ્તક મંગલ તીર્થયાત્રા દીવાળી પ્રસંગે પ્રકાશિત થયું.


યાત્રા... પ્રતિષ્ઠા... અને હીરક જયંતિ મહોત્સવ



મધ્ય પ્રદેશના પ્રવાસેથી પાછા ફર્યાને છ માસ થયા ત્યાં તો ફરીને મોટો પ્રભાવશાળી પ્રવાસ આવ્યો- એમાં સૌરાષ્ટ્ર ને ગુજરાત તથા દક્ષિણ દેશના મહાનતીર્થો-બાહુબલી, મૂડબિદ્રી, કુન્દાદ્રિ અને પોન્નૂર વગેરેની યાત્રા થઈ. આ યાત્રા દ્વારા ગુરુદેવે પોન્નૂરના અસાધારણ મહિમાને ભારતભરમાં પ્રસિદ્ધ કર્યો. આ યાત્રામાં ગુરુદેવનો આનંદોલ્લાસ અપૂર્વ હતો. કુંદકુંદસ્વામી પ્રત્યેની ભક્તિનો પાર ન હતો. હજ્જર જેટલા યાત્રિકોએ ઘણાં ઉત્સાહથી યાત્રા કરી હતી. ને દક્ષિણદેશનો જૈનસમાજ તો અતીવ પ્રભાવિત થયો હતો. પોન્નૂર યાત્રામાં આસપાસના લગભગ પાંચ હજ્જર માણસો આવ્યા હતા, ને પોન્નૂર પાસે તો મોટો મેળો ભરાયો હતો. કુંદકુંદસ્વામીના અજોડ મહિમાને ગુરુદેવ ભક્તિપૂર્વક પ્રસિદ્ધ કરી રહ્યા હતા.

પોન્નૂરની યાત્રા બાદ ગુરુદેવ રાજકોટ પધાર્યા. ત્યાં સમવસરણમંદિર અને માનસ્તંભમંદિરનું શિલાન્યાસ ઘણા ઉમંગભર્યા વાતાવરણમાં થયું. પછી રખિયાલમાં જિનમંદિરનો વેદિપ્રતિષ્ઠા મહોત્સવ પણ કોઈ અનેરા ઉત્સાહથી ઉજવાયો. ગુરુદેવથી ગુજરાતની જનતા ખૂબ પ્રભાવિત થઈ. બોટાદમાં પણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. આમ પગલે પગલે જિનેન્દ્રશાસનની પ્રભાવના કરતા કરતા, ઠેરઠેર ભગવંતોને સ્થાપતા સ્થાપતા ને જિનેન્દ્રોનો અધ્યાત્મસંદેશ ગામેગામ પહોંચાડતા પહોંચાડતા ગુરુદેવ મુંબઈ પધાર્યા, મુંબઈમાં ગુરુદેવનો હીરકજન્મ મહોત્સવને જિનેન્દ્રદેવનો પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ આનંદપૂર્વક ભવ્ય રીતે ઉજવાયો....ભારતના હજ્જરો ભક્તોના હૈયા હીરકજયંતી પ્રસંગે ગુરુદેવને અભિનંદી રહ્યા.

જયપુરમાં પ્રતિષ્ઠા મહોત્સવ... સમ્મેદશીખરજીની બીજીવારની યાત્રા



વિ. સં. ૨૦૨૩- ઈ.સ. ૧૯૬૭માં જયપુરમાં પંડિત ટોડરમલ સ્મારક ભવનની સ્થાપના અને જિનમંદિરની પ્રતિષ્ઠા થઈ. ૧૮ હાથી સહિત ભવ્ય રથયાત્રાનો પ્રસંગ જયપુરમાં થયો. જિનેન્દ્ર ભગવાનની ભવ્ય રથયાત્રામાં ભગવાનના સમીપ ગુરુદેવ રથમાં બેઠા હતા. અધ્યાત્મ નભો મંડળમાં તેજસ્વી સૂર્ય સમાન જૈન જગતમાં ચમકૃત થયેલા સ્વાનુભવી સંત પ્રતિ કયા આત્માર્થિને ભક્તિભાવ ન થાય? તેમાં વળી જે મહાત્માનો મુમુક્ષુ સમાજ ઉપર અત્યંત નિષ્પૃહી ઉપકાર હોય તેમનાં ગુણગાન સાથે નમ્ર ભાવે ભક્તિ પ્રદર્શિત કરવાનો સુઅવસર પ્રાપ્ત થતાં મુમુક્ષુ હૃદયનાં તાર ભક્તિભાવથી ઝણઝણી ઉઠે છે. આવા મહાત્માના પરમ પુનિત પ્રભાવના ઉદયે રાજસ્થાનની ગુલાબી નગરી જયપુરમાં પ્રતિષ્ઠા મહોત્સવ ઉમંગ અને ઉત્સાહથી ઉજવાયો.



પ્રતિષ્ઠા પછી ૧૩ બસ તથા ખાનગી મોટર સાથે બીજી વારની સમ્મેદશિખરની યાત્રા થઈ.

એકવીસમી સદીનો યાત્રા-પ્રતિષ્ઠાનો દશકો



એકવીસમી સદીના સં. ૨૦૧૦ થી સં. ૨૦૨૦ એટલે કે ઈ.સ. ૧૯૫૪ થી ઈ.સ. ૧૯૬૪ સુધીના સમયને આપણે ''યાત્રાના અને પ્રતિષ્ઠાના દશકા'' તરીકે ગણાવી શકીએ. જેમાં ગુરુદેવની હીરકજયંતી ઉજવાઈ. તથા વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રી દ્વારા અભિનંદન ગ્રંથ અર્પણ થયો. એવા આ દશકા દરમિયાન નવ વખત વિહાર, બે વખત બાહુબલી-પોન્નૂર વગેરે દક્ષિણના તીર્થો તથા મધ્યભારતના તીર્થોની યાત્રા, શાશ્વત તીર્થ સમ્મેદ્ શીખરજીની યાત્રા એકવાર ભોપાલ તરફ, ત્રણવાર મુંબઈ, આઠ પંચકલ્યાણક પ્રતિષ્ઠા અને ૧૭ વેદિ પ્રતિષ્ઠાના મહોત્સવો તથા કેટલાય ઠેકાણે દિ. જિનમંદિરોના શિલાન્યાસ થયા. ગુરુદેવનું જીવન ધર્મપ્રભાવનાના પ્રસંગોથી કેવું ભરપૂર છે - તેનો આપણને આ ઉપરથી ખ્યાલ આવશે.

જો કે સંતોના અંતરંગ અધ્યાત્મ જીવનનો ખ્યાલ માત્ર બાહ્ય પ્રસંગો ઉપરથી તો ન જ આવી શકે....છતાં વિચારક એટલું તો સ્પષ્ટ જાણી શકે કે એમની બધી પ્રવૃત્તિઓમાં અધ્યાત્મની પ્રધાનતા સતત જળવાયેલી હોય છે, બધી પ્રવૃત્તિઓમાં-તે તે પ્રવૃત્તિ કરતાં ચૈતન્યની મહત્તા સદાય વર્ત્યા જ કરે છે. ચૈતન્ય તરફનું એક વિશિષ્ટ પ્રકારનું જોર એમના જીવનમાં સતત વર્તતું હતું. એમના જીવન પરિચય દ્વારા એ ચૈતન્યની મહત્તા જ આપણે સમજવાની છે, એ ચૈતન્ય તરફના જોરની પ્રેરણા આપણે એમના જીવનમાંથી મેળવવાની છે.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ૭૫માં વર્ષ પછી....



ચૈતન્યપ્રેરક જેમનું જીવન છે એવા ગુરુદેવને
અત્યંત ભક્તિપૂર્વક ચૈતન્યપ્રાપ્તિ અર્થે નમસ્કાર હો.

પૂ. ગુરુદેવશ્રીનાં જીવનકાળ દરમ્યાન અનેક ધર્મપ્રભાવનાનાં પ્રસંગો બની ગયા છે. તે બધાં જ પ્રસંગોનું વિસ્તારથી વર્ણન અશક્ય છે પરંતુ શરૂઆતનાં વર્ષોથી પૂ. કહાન ગુરુદેવશ્રીનાં ૭૫માં વર્ષ સુધીનાં વિસ્તૃત તથા ત્યારબાદનાં સળંગ પ્રસંગોને ટુંકમાં ઘટનાક્રમની તવારીખ નીચે આપીએ છીએ.

સંસારમાં જીવોને નિજ કલ્યાણની પ્રાપ્તિ કરાવનારા દુનિયાના સર્વોત્કૃષ્ટ શ્રી જિનેન્દ્ર દેવના પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવો

૧ સોનગઢ જિનમંદિર	- ફાગણ સુદ ૨, વિ.સં.૧૯૯૭ - તા. ૨૮-૨-૧૯૪૧	શ્રી સીમંધર ભગવાન	પં. પ્ર.
૨ સોનગઢ સમવસરણ મંદિર	- વૈશાખ વદ ૬, વિ.સં.૧૯૯૮ - તા. ૬-૫-૧૯૪૨	શ્રી સીમંધર ભગવાન	પં. પ્ર.
૩ વીંછિયા જિનમંદિર	- ફાગણ સુદ ૭, વિ.સં.૨૦૦૫ - તા. ૭-૩-૧૯૪૯	શ્રી ચંદ્રપ્રભુ ભગવાન	પં. પ્ર.
૪ લાઠી જિનમંદિર	- જેઠ સુદ ૫, વિ.સં.૨૦૦૫ - તા. ૧-૬-૧૯૪૯	શ્રી સીમંધર ભગવાન	પં. પ્ર.
૫ રાજકોટ જિનમંદિર	- ફાગણ સુદ ૧૨, વિ.સં.૨૦૦૬-તા. ૧-૩-૧૯૫૦	શ્રી સીમંધર ભગવાન	પં. પ્ર.
૬ સોનગઢ માનસ્થંભજી	- ચૈત્ર સુદ ૧૦, વિ.સં.૨૦૦૯ - તા. ૨૪-૩-૧૯૫૩	શ્રી સીમંધર ભગવાન	પં. પ્ર.

૭ પોરબંદર જિનમંદિર	- ફાગણ સુદ ૩, વિ.સં.૨૦૧૦	- તા. ૭-૩-૧૯૫૪	શ્રી પાર્શ્વનાથ ભગવાન પં. પ્ર.
૮ મોરબી જિનમંદિર	- ચૈત્ર સુદ ૨, વિ.સં.૨૦૧૦	- તા. ૫-૪-૧૯૫૪	શ્રી મહાવીર ભગવાન પં. પ્ર.
૯ વાંકાનેર જિનમંદિર	- ચૈત્ર સુદ ૧૩, વિ.સં.૨૦૧૦	- તા. ૧૩-૪-૧૯૫૪	શ્રી વર્ધમાન ભગવાન પં. પ્ર.
૧૦ વઢવાણ જિનમંદિર	- ચૈત્ર વદ ૮, વિ.સં.૨૦૧૦	- તા. ૨૬-૪-૧૯૫૪	શ્રી સીમંધર ભગવાન વેદિ પ્ર.
૧૧ સુરેન્દ્રનગર જિનમંદિર	- વૈશાખ સુદ ૩, વિ.સં.૨૦૧૦	- તા. ૫-૫-૧૯૫૪	શ્રી શાંતિનાથ ભગવાન વેદિ પ્ર.
૧૨ રાણપુર જિનમંદિર	- વૈશાખ સુદ ૧૩, વિ.સં.૨૦૧૦	-તા. ૧૫-૫-૧૯૫૪	શ્રી મહાવીર ભગવાન વેદિ પ્ર.
૧૩ બોટાદ જિનમંદિર	- વૈશાખ વદ ૮, વિ.સં.૨૦૧૦	- તા. ૨૬-૫-૧૯૫૪	શ્રી શ્રેયાંસનાથ ભગવાન વેદિ પ્ર.
૧૪ ઉમરાળા જિનમંદિર	- જેઠ સુદ ૪, વિ.સં.૨૦૧૦	- તા. ૪-૬-૧૯૫૪	શ્રી સીમંધર ભગવાન વેદિ પ્ર.
૧૫ સોનગઢ વિસ્તૃત જિનમંદિર	- કારતક સુદ ૧૨, વિ.સં.૨૦૧૩	-તા. ૧૫-૧૧-૧૯૫૬	શ્રી નેમિનાથ ભગવાન વેદિ પ્ર.
૧૬ પાલેજ જિનમંદિર	- માગસર સુદ ૧૧,વિ.સં.૨૦૧૩,	- તા. ૧૩-૧૨-૧૯૫૬	શ્રી અનંતનાથ ભગવાન વેદિ પ્ર.
૧૭ લીંબડી જિનમંદિર	- વૈશાખ સુદ ૧૩, વિ.સં.૨૦૧૪	-તા. ૨-૫-૧૯૫૮	શ્રી પાર્શ્વનાથ ભગવાન પં. પ્ર.
૧૮ મુંબઈ જિનમંદિર	- મહા સુદ ૬, વિ.સં.૨૦૧૫	- તા. ૧૪-૨-૧૯૫૯	શ્રી સીમંધર ભગવાન પં. પ્ર.
૧૯ ખેરાગઢ જિનમંદિર	- ચૈત્ર સુદ ૧, વિ.સં.૨૦૧૫	- તા. ૯-૪-૧૯૫૯	શ્રી શાંતિનાથ ભગવાન વેદિ પ્ર.
• ૨૦ વડિયા જિનમંદિર	- મહા સુદ ૬, વિ.સં.૨૦૧૬	- તા. ૨-૨-૧૯૬૦	શ્રી નેમિનાથ ભગવાન વેદિ પ્ર.
૨૧ જેતપુર જિનમંદિર	- મહા સુદ ૧૧, વિ.સં.૨૦૧૬	- તા. ૮-૨-૧૯૬૦	શ્રી શ્રેયાંસનાથ ભગવાન વેદિ પ્ર.
૨૨ ગોંડલ જિનમંદિર	- મહા સુદ ૧૫, વિ.સં.૨૦૧૬	- તા. ૧૨-૨-૧૯૬૦	શ્રી શાંતિનાથ ભગવાન વેદિ પ્ર.
૨૩ જામનગર જિનમંદિર	- મહા સુદ ૭, વિ.સં.૨૦૧૭	- તા. ૨૩-૧-૧૯૬૧	શ્રી મહાવીર ભગવાન પં. પ્ર.
૨૪ સાવરકુંડલા જિનમંદિર	- ફાગણ સુદ ૧૨, વિ.સં.૨૦૧૭	-તા. ૨૭-૨-૧૯૬૧	શ્રી શાંતિનાથ ભગવાન વેદિ પ્ર.
૨૫ જોરાવરનગર જિનમંદિર	- વૈશાખ સુદ ૧૩, વિ.સં.૨૦૧૯	-તા. ૬-૫-૧૯૬૩	શ્રી આદિનાથ ભગવાન પં. પ્ર.
૨૬ દહેગામ જિનમંદિર	- વૈશાખ વદ ૧૨, વિ.સં.૨૦૧૯	-તા. ૨૦-૫-૧૯૬૩	શ્રી મહાવીર સ્વામી વેદિ પ્ર.
૨૭ ભોપાલ જિનમંદિર	- જેઠ સુદ ૫, વિ.સં.૨૦૧૯	- તા. ૨૭-૫-૧૯૬૩	શ્રી મહાવીર સ્વામી વેદિ પ્ર.
૨૮ રખિયાલ જિનમંદિર	- ફાગણ વદ ૩, વિ.સં.૨૦૨૦	- તા. ૧-૩-૧૯૬૪	શ્રી નેમિનાથ ભગવાન વેદિ પ્ર.
૨૯ બોટાદ જિનમંદિર (ઉપર)	- ચૈત્ર સુદ ૮, વિ.સં.૨૦૨૦	- તા. ૨૧-૩-૧૯૬૪	શ્રી સીમંધર ભગવાન વેદિ પ્ર.
૩૦ દાદર જિનમંદિર તથા સમવસરણ	- વૈશાખ સુદ ૧૧, વિ.સં.૨૦૨૦	-તા. ૨૨-૫-૧૯૬૪	શ્રી મહાવીર સ્વામી તથા શ્રી સીમંધર ભગવાન પં. પ્ર.
૩૧ ઉજ્જૈન જિનમંદિર	- મહા વદ ૬, વિ.સં.૨૦૨૧	- તા. ૨૧-૨-૧૯૬૫	શ્રી સીમંધર સ્વામી વેદિ પ્ર.
૩૨ ભોપાલ જિનમંદિર	- વિ.સં.૨૦૨૧	- ઈ. સ. ૧૯૬૫	શ્રી આદિનાથ ભગવાન વેદિ પ્ર.
૩૩ રાજકોટ સમવસરણ અને માનસ્થંભજી	- વૈશાખ સુદ ૧૨, વિ.સં.૨૦૨૧	-તા. ૧૨-૫-૧૯૬૫	શ્રી સીમંધર સ્વામી પંચકલ્યાણક પ્રતિષ્ઠા
૩૪ જસદણ જિનમંદિર	- પોષ વદ ૮, વિ.સં.૨૦૨૩	- તા. ૨-૨-૧૯૬૭	શ્રી મહાવીર સ્વામી વેદિ પ્ર.
• ૩૫ આંકડિયા જિનમંદિર	- મહા સુદ ૧, વિ.સં.૨૦૨૩	- તા. ૧૦-૨-૧૯૬૭	શ્રી સીમંધર ભગવાન પં. પ્ર.
૩૬ હિંમતનગર જિનમંદિર	- મહા સુદ ૧૧, વિ.સં.૨૦૨૩	- તા. ૨૧-૨-૧૯૬૭	શ્રી મહાવીર સ્વામી પં. પ્ર.
૩૭ જયપુર જિનમંદિર	- ફાગણ સુદ ૨, વિ.સં.૨૦૨૩	- તા. ૧૩-૩-૧૯૬૭	શ્રી સીમંધર સ્વામી વેદિ પ્ર.
૩૮ ઉદયપુર જિનમંદિર	- ચૈત્ર વદ ૮, વિ.સં.૨૦૨૩	- તા. ૧-૫-૧૯૬૭	શ્રી ચંદ્રપ્રભુ ભગવાન વેદિ પ્ર.
૩૯ અમદાવાદ જિનમંદિર	- ફાગણ સુદ ૫, વિ.સં.૨૦૨૫	- તા. ૨૨-૨-૧૯૬૯	શ્રી પાર્શ્વનાથ ભગવાન પં. પ્ર.
૪૦ રણાસણ જિનમંદિર	- ફાગણ વદ ૨, વિ.સં.૨૦૨૫	- તા. ૫-૩-૧૯૬૯	શ્રી આદિનાથ ભગવાન પં. પ્ર.

૪૧ મલાડ જિનમંદિર - વૈશાખ સુદ ૭, વિ.સં.૨૦૨૫- તા. ૨૩-૪-૧૯૬૯ શ્રી આદિનાથ ભગવાન પં. પ્ર. (વીસ વિહરમાન સહિત)

૪૨ ઘાટકોપર જિનમંદિર - વૈશાખ સુદ ૮, વિ.સં.૨૦૨૫- તા. ૨૪-૪-૧૯૬૯ શ્રી નેમિનાથ ભગવાન પં. પ્ર. (ચોવિસ તીર્થંકર સહિત)

૪૩ ઈંદૌર જિનમંદિર - વૈશાખ સુદ ૫, વિ.સં.૨૦૨૫- તા. ૨૧-૪-૧૯૬૯ શ્રી વેદિ પ્રતિષ્ઠા

૪૪ મકસી (પાર્શ્વનાથ) - વૈશાખ વદ ૭, વિ.સં.૨૦૨૫- તા. ૮-૫-૧૯૬૯ શ્રી પાર્શ્વનાથ ભગવાન વેદિ પ્ર.

૪૫ અંતરીક્ષ પાર્શ્વનાથ (શીરપુર)-ફાગણ સુદ ૨, વિ.સં.૨૦૨૬ - તા. ૯-૩-૧૯૭૦ શ્રી પાર્શ્વનાથ ભગવાન પં. પ્ર.

૪૬ જલગાંવ જિનમંદિર - ફાગણ સુદ ૬, વિ.સં.૨૦૨૬ - તા. ૧૩-૩-૧૯૭૦ શ્રી આદિનાથ ભગવાન વેદિ પ્ર.

૪૭ કાનાતળાવ જિનમંદિર - ચૈત્ર વદ ૧૧, વિ.સં.૨૦૨૬ - તા. ૧-૫-૧૯૭૦ શ્રી ધર્મનાથ ભગવાન વેદિ પ્ર.

૪૮ ભાવનગર જિનમંદિર - વૈશાખ સુદ ૩, વિ.સં.૨૦૨૬- તા. ૮-૫-૧૯૭૦ શ્રી સીમંધર સ્વામી પં. પ્ર.

૪૯ અમરેલી જિનમંદિર - ફાગણ સુદ ૫, વિ.સં.૨૦૨૮ - તા. ૧૯-૨-૧૯૭૨ શ્રી શાંતિનાથ ભગવાન વેદિ પ્ર.

૫૦ ઘાટકોપર જિનમંદિર(સર્વોદય)-ફાગણ વદ ૩, વિ.સં.૨૦૨૮ - તા. ૩-૩-૧૯૭૨ શ્રી આદિનાથ ભગવાન પં. પ્ર.

૫૧ ફત્તેપુર સમવસરણ - વૈશાખ સુદ ૩, વિ.સં.૨૦૨૮- તા. ૧૫-૫-૧૯૭૨ શ્રી સીમંધર સ્વામી પં. પ્ર.

૫૨ રામપુરા જિનમંદિર - વૈશાખ સુદ ૫, વિ.સં.૨૦૨૮- તા. ૧૭-૫-૧૯૭૨ શ્રી આદિનાથ ભગવાન વેદિ પ્ર.

૫૩ બામણવાડા જિનમંદિર - વૈશાખ સુદ ૬, વિ.સં.૨૦૨૮- તા. ૧૮-૫-૧૯૭૨ શ્રી આદિનાથ ભગવાન વેદિ પ્ર.

૫૪ જાંબૂડી જિનમંદિર - કારતક સુદ ૧૩, વિ.સં.૨૦૩૦-તા. ૮-૧૧-૧૯૭૩ શ્રી ... વેદિ પ્રતિષ્ઠા

૫૫ સોનગઢ પરમાગમમંદિર - ફાગણ સુદ ૧૩, વિ.સં.૨૦૩૦-તા. ૬-૩-૧૯૭૪ શ્રી મહાવીર સ્વામી પં. પ્ર.

૫૬ ગઢડા જિનમંદિર - વૈશાખ વદ ૨, વિ.સં.૨૦૩૦- તા. ૮-૫-૧૯૭૪ શ્રી પાર્શ્વનાથ ભગવાન વેદિ પ્ર.

૫૭ જુનાગઢ માનસ્થંભ - મહા સુદ ૫, વિ.સં.૨૦૩૧ - તા. ૧૬-૨-૧૯૭૫ શ્રી નેમિનાથ ભગવાન વેદિ પ્ર.

૫૮ ભોપાલ જિનમંદિર (પીપલાની) - મહા વદ ૩, વિ.સં.૨૦૩૧ - તા. ૨૮-૨-૧૯૭૫ શ્રી મહાવીર સ્વામી પં. પ્ર.

૫૯ ખુરઈ માનસ્થંભ - મહા વદ ૭, વિ.સં.૨૦૩૧ - તા. ૪-૩-૧૯૭૫ શ્રી આદિનાથ ભગવાન વેદિ પ્ર.

૬૦ સનાવદ સમવસરણ - મહા વદ ૧૧, વિ.સં.૨૦૩૧ - તા. ૮-૩-૧૯૭૫ શ્રી સીમંધર સ્વામી વેદિ પ્ર.

૬૧ બેંગ્લોર જિનમંદિર / - ચૈત્ર સુદ ૧૩, વિ.સં.૨૦૩૧ - તા. ૨૩-૪-૧૯૭૫ શ્રી મહાવીર સ્વામી પં. પ્ર.
તથા સમવસરણ તથા શ્રી સીમંધર સ્વામી પં. પ્ર.

૬૨ વઢવાણ જિનમંદિર - ફાગણ સુદ ૮, વિ.સં.૨૦૩૨ - તા. ૯-૩-૧૯૭૬ શ્રી વર્ધમાન સ્વામી પં. પ્ર.

૬૩ મદ્રાસ જિનમંદિર - ફાગણ સુદ ૩, વિ.સં.૨૦૩૪ - તા. ૧૧-૩-૧૯૭૮ શ્રી મહાવીર સ્વામી પં. પ્ર.

૬૪ કુરાવડ જિનમંદિર - વૈશાખ સુદ ૧, વિ.સં.૨૦૩૪- તા. ૮-૫-૧૯૭૮ શ્રી સીમંધર સ્વામી પં. પ્ર.

૬૫ નાઈરોબી જિનમંદિર - મહા સુદ ૨, વિ.સં.૨૦૩૬ - તા. ૧૯-૧-૧૯૮૦ શ્રી મહાવીર સ્વામી પં. પ્ર. (લગભગ ૩૫૦ મુમુક્ષુઓ સહિત આફ્રીકા ગયા)

૬૬ વડોદરા જિનમંદિર - ફાગણ સુદ ૧૩, વિ.સં.૨૦૩૬-તા. ૨૯-૨-૧૯૮૦ શ્રી આદિનાથ ભગવાન પં. પ્ર.

૩૩ - પંચકલ્યાણક તથા ૩૩ - વેદિ પ્રતિષ્ઠા

મુમુક્ષુ ભાવિકોને પૂજ્ય કહાન ગુરુ પ્રતાપે લાધેલું સત્ય અત્યારે પણ કૃષ્ણની વાંસળીનાં સૂરની માફક પ્રસરતું રહે છે મુમુક્ષુ જીવોને મળેલી દિવ્યપ્રસાદી જ્યારે ઉદ્‌ગાર અને ભાવના થકી વ્યકત થાય ત્યારે આવા અપૂર્વ માંગલિક અવસરો દુનિયાને માણવા મળતા હોય છે.

૪૧ મલાડ જિનમંદિર - વૈશાખ સુદ ૭, વિ.સં.૨૦૨૫- તા. ૨૩-૪-૧૯૬૯ શ્રી આદિનાથ ભગવાન પં. પ્ર. (વીસ વિહરમાન સહિત)

૪૨ ઘાટકોપર જિનમંદિર - વૈશાખ સુદ ૮, વિ.સં.૨૦૨૫- તા. ૨૪-૪-૧૯૬૯ શ્રી નેમિનાથ ભગવાન પં. પ્ર. (ચોવિસ તીર્થંકર સહિત)

૪૩ ઈંદૌર જિનમંદિર - વૈશાખ સુદ ૫, વિ.સં.૨૦૨૫- તા. ૨૧-૪-૧૯૬૯ શ્રી વેદિ પ્રતિષ્ઠા

૪૪ મકસી (પાર્શ્વનાથ) - વૈશાખ વદ ૭, વિ.સં.૨૦૨૫- તા. ૮-૫-૧૯૬૯ શ્રી પાર્શ્વનાથ ભગવાન વેદિ પ્ર.

૪૫ અંતરીક્ષ પાર્શ્વનાથ (શીરપુર)-ફાગણ સુદ ૨, વિ.સં.૨૦૨૬ - તા. ૯-૩-૧૯૭૦ શ્રી પાર્શ્વનાથ ભગવાન પં. પ્ર.

૪૬ જલગાંવ જિનમંદિર - ફાગણ સુદ ૬, વિ.સં.૨૦૨૬ - તા. ૧૩-૩-૧૯૭૦ શ્રી આદિનાથ ભગવાન વેદિ પ્ર.

૪૭ કાનાતળાવ જિનમંદિર - ચૈત્ર વદ ૧૧, વિ.સં.૨૦૨૬ - તા. ૧-૫-૧૯૭૦ શ્રી ધર્મનાથ ભગવાન વેદિ પ્ર.

૪૮ ભાવનગર જિનમંદિર - વૈશાખ સુદ ૩, વિ.સં.૨૦૨૬- તા. ૮-૫-૧૯૭૦ શ્રી સીમંધર સ્વામી પં. પ્ર.

૪૯ અમરેલી જિનમંદિર - ફાગણ સુદ ૫, વિ.સં.૨૦૨૮ - તા. ૧૯-૨-૧૯૭૨ શ્રી શાંતિનાથ ભગવાન વેદિ પ્ર.

૫૦ ઘાટકોપર જિનમંદિર(સર્વોદય)-ફાગણ વદ ૩, વિ.સં.૨૦૨૮ - તા. ૩-૩-૧૯૭૨ શ્રી આદિનાથ ભગવાન પં. પ્ર.

૫૧ ફત્તેપુર સમવસરણ - વૈશાખ સુદ ૩, વિ.સં.૨૦૨૮- તા. ૧૫-૫-૧૯૭૨ શ્રી સીમંધર સ્વામી પં. પ્ર.

૫૨ રામપુરા જિનમંદિર - વૈશાખ સુદ ૫, વિ.સં.૨૦૨૮- તા. ૧૭-૫-૧૯૭૨ શ્રી આદિનાથ ભગવાન વેદિ પ્ર.

૫૩ બામણવાડા જિનમંદિર - વૈશાખ સુદ ૬, વિ.સં.૨૦૨૮- તા. ૧૮-૫-૧૯૭૨ શ્રી આદિનાથ ભગવાન વેદિ પ્ર.

૫૪ જંબૂડી જિનમંદિર - કારતક સુદ ૧૩, વિ.સં.૨૦૩૦-તા. ૮-૧૧-૧૯૭૩ શ્રી ... વેદિ પ્રતિષ્ઠા

૫૫ સોનગઢ પરમાગમમંદિર - ફાગણ સુદ ૧૩, વિ.સં.૨૦૩૦-તા. ૬-૩-૧૯૭૪ શ્રી મહાવીર સ્વામી પં. પ્ર.

૫૬ ગઢડા જિનમંદિર - વૈશાખ વદ ૨, વિ.સં.૨૦૩૦- તા. ૮-૫-૧૯૭૪ શ્રી પાર્શ્વનાથ ભગવાન વેદિ પ્ર.

૫૭ જુનાગઢ માનસ્થંભ - મહા સુદ ૫, વિ.સં.૨૦૩૧ - તા. ૧૬-૨-૧૯૭૫ શ્રી નેમિનાથ ભગવાન વેદિ પ્ર.

૫૮ ભોપાલ જિનમંદિર (પીપલાની) - મહા વદ ૩, વિ.સં.૨૦૩૧ - તા. ૨૮-૨-૧૯૭૫ શ્રી મહાવીર સ્વામી પં. પ્ર.

૫૯ ખુરઈ માનસ્થંભ - મહા વદ ૭, વિ.સં.૨૦૩૧ - તા. ૪-૩-૧૯૭૫ શ્રી આદિનાથ ભગવાન વેદિ પ્ર.

૬૦ સનાવદ સમવસરણ - મહા વદ ૧૧, વિ.સં.૨૦૩૧ - તા. ૮-૩-૧૯૭૫ શ્રી સીમંધર સ્વામી વેદિ પ્ર.

૬૧ બેંગ્લોર જિનમંદિર / તથા સમવસરણ - ચૈત્ર સુદ ૧૩, વિ.સં.૨૦૩૧ - તા. ૨૩-૪-૧૯૭૫ શ્રી મહાવીર સ્વામી પં. પ્ર. તથા શ્રી સીમંધર સ્વામી પં. પ્ર.

૬૨ વઢવાણ જિનમંદિર - ફાગણ સુદ ૮, વિ.સં.૨૦૩૨ - તા. ૯-૩-૧૯૭૬ શ્રી વર્ધમાન સ્વામી પં. પ્ર.

૬૩ મદ્રાસ જિનમંદિર - ફાગણ સુદ ૩, વિ.સં.૨૦૩૪ - તા. ૧૧-૩-૧૯૭૮ શ્રી મહાવીર સ્વામી પં. પ્ર.

૬૪ કુરાવડ જિનમંદિર - વૈશાખ સુદ ૧, વિ.સં.૨૦૩૪- તા. ૮-૫-૧૯૭૮ શ્રી સીમંધર સ્વામી પં. પ્ર.

૬૫ નાઈરોબી જિનમંદિર - મહા સુદ ૨, વિ.સં.૨૦૩૬ - તા. ૧૯-૧-૧૯૮૦ શ્રી મહાવીર સ્વામી પં. પ્ર. (લગભગ ૩૫૦ મુમુક્ષુઓ સહિત આફ્રીકા ગયા)

૬૬ વડોદરા જિનમંદિર - ફાગણ સુદ ૧૩, વિ.સં.૨૦૩૬-તા. ૨૯-૨-૧૯૮૦ શ્રી આદિનાથ ભગવાન પં. પ્ર.

૩૩ - પંચકલ્યાણક તથા ૩૩ - વેદિ પ્રતિષ્ઠા

મુમુક્ષુ ભાવિકોને પૂજ્ય કહાન ગુરુ પ્રતાપે લાધેલું સત્ય અત્યારે પણ કૃષ્ણની વાંસળીનાં સૂરની માફક પ્રસરતું રહે છે મુમુક્ષુ જીવોને મળેલી દિવ્યપ્રસાદી જ્યારે ઉદ્‌ગાર અને ભાવના થકી વ્યક્ત થાય ત્યારે આવા અપૂર્વ માંગલિક અવસરો દુનિયાને માણવા મળતા હોય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના જન્મ-જયંતી મહોત્સવો

જન્મ-જયંતી	વિક્રમ સંવત	ઈ.સ. વર્ષ	સ્થળ
૫૯	૨૦૦૪	ઈ.સ. ૧૯૪૮	સોનગઢ
૬૦	૨૦૦૫	ઈ.સ. ૧૯૪૯	રાજકોટ
૬૧	૨૦૦૬	ઈ.સ. ૧૯૫૦	સોનગઢ
૬૨	૨૦૦૭	ઈ.સ. ૧૯૫૧	સોનગઢ
૬૩	૨૦૦૮	ઈ.સ. ૧૯૫૨	સોનગઢ
૬૪	૨૦૦૯	ઈ.સ. ૧૯૫૩	સોનગઢ
૬૫	૨૦૧૦	ઈ.સ. ૧૯૫૪	સુરેન્દ્રનગર
૬૬	૨૦૧૧	ઈ.સ. ૧૯૫૫	સોનગઢ
	વિશેષતા - જિનમંદિર વિસ્તૃત કરવાની જાહેરાત.		
૬૭	૨૦૧૨	ઈ.સ. ૧૯૫૬	સોનગઢ
૬૮	૨૦૧૩	ઈ.સ. ૧૯૫૭	અમદાવાદ
૬૯	૨૦૧૪	ઈ.સ. ૧૯૫૮	સુરેન્દ્રનગર
૭૦	૨૦૧૫	ઈ.સ. ૧૯૫૯	ફત્તેપુર
૭૧	૨૦૧૬	ઈ.સ. ૧૯૬૦	ઉમરાળા
૭૨	૨૦૧૭	ઈ.સ. ૧૯૬૧	સોનગઢ
૭૩	૨૦૧૮	ઈ.સ. ૧૯૬૨	રાજકોટ
૭૪	૨૦૧૯	ઈ.સ. ૧૯૬૩	લાઠી
	વિશેષતા - જિનમંદિર ઉપર નવું શિખર થયું.		
૭૫	૨૦૨૦	ઈ.સ. ૧૯૬૪	મુંબઈ
	વિશેષતા -'હીરકજયંતિ મહોત્સવ' તરીકે ઉજવાયો. લાલબહાદુર શાસ્ત્રીના હાથે અભિનંદન ગ્રંથ વૈશાખ સુદ ત્રીજે અર્પણ થયો.		
૭૬	૨૦૨૧	ઈ.સ. ૧૯૬૫	રાજકોટ
૭૭	૨૦૨૨	ઈ.સ. ૧૯૬૬	સોનગઢ
	વિશેષતા - 'સિદ્ધચક્ર મંડલ વિધાન' પૂજા થઈ હતી.		
૭૮	૨૦૨૩	ઈ.સ. ૧૯૬૭	બોટાદ
૭૯	૨૦૨૪	ઈ.સ. ૧૯૬૮	વીંછિયા
૮૦	૨૦૨૫	ઈ.સ. ૧૯૬૯	મુંબઈ
	વિશેષતા - 'રત્નચિંતામણી મહોત્સવ' તરીકે ઉજવાયો. તથા 'પરમાગમ મંદિર' બનાવવાનું નક્કી થયું.		
૮૧	૨૦૨૬	ઈ.સ. ૧૯૭૦	ભાવનગર
૮૨	૨૦૨૭	ઈ.સ. ૧૯૭૧	પોરબંદર
૮૩	૨૦૨૮	ઈ.સ. ૧૯૭૨	ફત્તેપુર
૮૪	૨૦૨૯	ઈ.સ. ૧૯૭૩	કલકત્તા
૮૫	૨૦૩૦	ઈ.સ. ૧૯૭૪	મુંબઈ
૮૬	૨૦૩૧	ઈ.સ. ૧૯૭૫	અમદાવાદ
૮૭	૨૦૩૨	ઈ.સ. ૧૯૭૬	દાદર(મુંબઈ)
૮૮	૨૦૩૩	ઈ.સ. ૧૯૭૭	જામનગર
૮૯	૨૦૩૪	ઈ.સ. ૧૯૭૮	ઘાટકોપર (મુંબઈ)
૯૦	૨૦૩૫	ઈ.સ. ૧૯૭૯	મુંબઈ
	વિશેષતા - પૂ. ગુરુદેવના પરમાગમો ઉપર થયેલા પ્રવચનો પ્રકાશિત કરવાનું નક્કી થયું.		
૯૧	૨૦૩૬	ઈ.સ. ૧૯૮૦	મલાડ (મુંબઈ)
	વિશેષતા - પ્રવચનરત્નાકર ભાગ-૧ પ્રકાશિત થયો.		
	મહા સમાધિ - મુંબઈ કારતક વદ ૭, સં. ૨૦૩૭, તા. ૨૮-૧૧-૧૯૮૦		

સુવર્ણપુરીમાં વિ.સં. ૧૯૯૧ થી વિ.સં. ૨૦૩૭ (ઈ.સ. ૧૯૩૫ થી ઈ.સ. ૧૯૮૦)

૧. શ્રી જૈન સ્વાધ્યાય મંદિરનું ઉદ્‌ઘાટન સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮, તા. ૨૨-૫-૧૯૩૮ના રોજ થયું હતું. અને તે જ દિવસે સમયસારજીની પુનિત સ્થાપના થઈ હતી. (ઉદ્‌ઘાટક શ્રી નાનચંદભાઈ ખારા)

૨. શ્રી જૈન સ્વાધ્યાય મંદિરમાં ૐ ની સ્થાપના ૧૯૯૫ ના ફાગણ વદ એકમ, તા. ૬-૩-૧૯૩૯ (શ્રી વજુભાઈ શાહ)

૩. શ્રી સમયસારજી શાસ્ત્ર ગુજરાતીમાં પ્રકાશિત ૧૯૯૭ કારતક સુદ-૧૫, તા. ૧૫-૧૧-૧૯૪૦

૪. શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરની પ્રતિષ્ઠા ૧૯૯૭ ના ફાગણ સુદ ૨, તા. ૨૮-૨-૧૯૪૧ (જિનમંદિર જસાણી પરિવાર તરફથી અને તેમના તરફથી પ્રતિષ્ઠા)

૫. શ્રી જિનેન્દ્ર ધર્મસભા-સમવસરણમાં પ્રતિષ્ઠા ૧૯૯૮ ના વૈશાખ વદ ૬, તા. ૬-૫-૧૯૪૨ના રોજ શ્રી કુંદકુંદાચાર્યની પ્રતિષ્ઠા પણ ત્યારે થઈ (પ્રતિષ્ઠા શ્રી નારણભાઈ અને ચંદુભાઈ સંઘવી)

૬. ભાઈઓ માટે સનાતન જૈન બ્રહ્મચર્યાશ્રમનું વિ.સં.૧૯૯૮ના ભાદરવા સુદ પાંચમ, તા. ૧૫-૩-૧૯૪૨ના દિવસે ઉદ્‌ઘાટન.

૭. શ્રી સમયસારજીની મૂળ ગાથા કોતરેલ ચાંદીના ૩૧ પત્ર વિ.સં.૨૦૦૧ ના વૈશાખ વદ આઠમ, તા. ૪-૬-૧૯૪૫ના રોજ સર હુકમચંદજીના હાથે શ્રી જૈન સ્વાધ્યાયમંદિરના શાસ્ત્રજીના ગોખલામાં બિરાજમાન કર્યા.
(શ્રી નાનાલાલભાઈ જસાણી તરફથી)

૮. શ્રી કુંદકુંદ પ્રવચન મંડપનું ઉદ્‌ઘાટન વિ.સં.૨૦૦૩ ના ફાગણ સુદ ત્રીજ, તા. ૨૪-૨-૧૯૪૭
(ઉદ્‌ઘાટન સર હુકમચંદજી શેઠ)

૯. શ્રી સનાતન જૈન કુમારિકા બ્રહ્મચર્યાશ્રમની સ્થાપના વિ.સં.૨૦૦૫ના કારતક સુદ ૧૩, તા. ૧૪-૧૧-૧૯૪૮

૧૦. પૂજ્ય ગુરુદેવના પ્રવચનોનું ટેપ-રેકોર્ડિંગ (સૌથી પહેલા) વિ.સં.૨૦૦૭ના મહા વદ છઠ્ઠ, તા. ૮-૨-૧૯૫૦ના રોજ પ્રવચનસારજીની ૧૭૨મી ગાથા ઉપરનું પ્રવચન (સૌજન્યઃ શ્રી નવનીતભાઈ ઝવેરી)

૧૧. શ્રી કુંદકુંદ શ્રાવિકાશાળાનું ઉદ્‌ઘાટન વિ.સં.૨૦૦૭ના મહા વદ ૧૩, તા. ૧૫-૨-૧૯૫૦

૧૨. શ્રી ગોગીદેવી દિ. જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમનું ઉદ્‌ઘાટન (શ્રી વચ્છરાજજી શેઠ) વિ.સં.૨૦૦૮ના મહા સુદ-૫, તા. ૩૧-૧-૧૯૫૨

૧૩. શ્રી માનસ્થંભજી પ્રતિષ્ઠા વિ.સં.૨૦૦૯ના ચૈત્ર સુદ ૧૦, તા. ૨૪-૩-૧૯૫૩

૧૪. શ્રી સીમંધરસ્વામીના જિનમંદિરમાં ઉપરની વેદીમાં વિ.સં.૨૦૧૩ના કારતક સુદ ૧૨, તા. ૧૫-૧૧-૧૯૫૬ના મંગલ દિવસે શ્રી નેમિનાથ ભગવાનની પુનઃ પ્રતિષ્ઠા.

૧૫. શ્રી જૈન વિદ્યાર્થીગૃહના નવા મકાનનું ઉદ્‌ઘાટન વિ.સં.૨૦૧૩ના ભાદરવા સુદ ત્રીજ, તા. ૨૮-૮-૧૯૫૭

૧૬. શ્રી મનફૂલા સ્વાધ્યાય ભવનનું ઉદ્‌ઘાટન વિ.સં.૨૦૧૯ના ભાદરવા વદ ૫, તા. ૮-૯-૧૯૬૩

૧૭. શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન સરસ્વતી ભુવનનું ઉદ્‌ઘાટન વિ.સં.૨૦૨૩ ના ભાદરવા સુદ ૪, તા. ૭-૯-૧૯૬૭
(મુ. શ્રી રામજીભાઈના ૮૪મા જન્મ દિવસે, શ્રી શાંતિપ્રસાદ સાહુના હસ્તે ઉદ્‌ઘાટન)

૧૮. શ્રી મહાવીર-કુંદકુંદ પરમાગમ મંદિર પ્રતિષ્ઠા વિ.સં.૨૦૩૦ ના ફાગણ સુદ ૧૩, તા. ૭-૩-૧૯૭૪

૧૯. પૂજ્ય શ્રી કાનજીસ્વામી વિશ્રાંતિ ગૃહનું ઉદ્‌ઘાટન વિ.સં.૨૦૩૭ના માગશર વદ ૭, તા. ૨૯-૧૨-૧૯૮૧

વિ.સં ૧૯૯૧ થી સં. ૨૦૩૭ - ઈ.સ. ૧૯૩૫ થી ઈ.સ. ૧૯૮૦ સુધીનાં સમયગાળાનાં અર્ધશતક યુગને (૪૬ વર્ષ) આપણે મહત્તમ શાસન પ્રભાવના, વિશેષ ધર્મપ્રભાવનાનાં યુગ તરીકે ગણાવી શકીએ. જેમાં અનેક જિનમંદિરોનાં નિર્માણ, પ્રતિષ્ઠા, મહોત્સવો, પૂજન વિધાનો, જન્મજયંતી મહોત્સવો, તીર્થયાત્રાઓ અને પૂજ્ય ગુરુદેવશ્રીની અવિરત પ્રવચન ધારાનો હજારો ભાવિકોએ લાભ લીધો છે.

આગામી યુગ પણ ધર્મપ્રભાવનાનાં ભરપૂર પ્રસંગોથી જાય અને આવા ધર્મપ્રભાવનાનાં પ્રસંગોમાંથી ભાવિકો અધ્યાત્મ તરફ વળે અને તેના બળ વડે ચૈતન્ય તરફનું એક વિશિષ્ટ પ્રકારનું જોર જીવનમાં સતત વર્તી રહો અને આ યુગ ચૈતન્ય તરફનાં જોરની પ્રેરણારૂપ બની રહો એ જ ભાવના.

ધર્મકાળ વર્તે અહો ફરીને આ ભરત વર્ષમાં,
કુંદકહાન વાણી જહાં ગર્જે સાધના-ધામમાં

નિતનિત આનંદ મંગળની વૃદ્ધિનાં કારણભૂત, મંગલમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીનો પુનિત પ્રભાવના ઉદય જયવંત વર્તો !



પૂજ્ય કહાન ગુરુદેવશ્રીએ આ રીતે દેશ-વિદેશમાં ધર્મની પ્રભાવના કરી અને જૈન શાસનનાં પ્રચાર-પ્રસારમાં એક મહાન ક્રાંતિનું સર્જન થયું દિન-પ્રતિદિન સોનગઢમાં ધર્મપ્રભાવના અને ધર્માયતનોની વૃદ્ધિ થતી ગઈ, પ્રાતઃકાળનાં સૂર્યની જેમ કહાન ગુરુદેવશ્રીનો ધર્મપ્રભાવના ઉદય નિરંતર અજ્ઞાન અંધકારને ભેદતો થકો ઝગમગ જ્યોતિની જેમ પ્રગટ પ્રકાશમાન થયો. સૌરાષ્ટ્રમાં દિગંબર જિનમંદિરો દુર્લભ હતાં ત્યાં તેઓશ્રીની પ્રેરણાથી અનેક જિન-મંદિરોનાં નિર્માણ થયા. ઉત્તરોત્તર સોનગઢમાં માનસ્તંભજી, પ્રવચન મંડપ, શ્રી પરમાગમ મંદિર, શ્રી નંદીશ્વર ભાવનજિનાલય વગેરેનું ભવ્ય નિર્માણ અને દેશ વિદેશમાં અનેક જિનમંદિરોનાં નિર્માણ થયા. અનેક જીવો મતમતાંતર ભૂલીને સાચા દિગંબર જૈન ધર્માનુયાયી થયા. ગામેગામ અને ઘરેઘરે સમયસારાદિ શાસ્ત્રોનો નિયમિત આત્મહિતકારી સ્વાધ્યાય શરૂ થયો. અનેક આધ્યાત્મિક ગ્રંથો લાખોની સંખ્યામાં પ્રકાશિત થયા. આવા પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રસંશનીય અને અનુકરણીય જીવન, તેઓશ્રીનો અપૂર્વ અલૌકિક ઐતિહાસિક મહિમા, સન્માર્ગ દર્શાવીને આપણા ઉપર કરેલા મહાન ઉપકારો, તેઓશ્રીનાં પુનિત પ્રતાપે સમસ્ત જૈન શાસનમાં આવેલી મહાન જાગૃતી અને ક્રાંતિ, તેઓશ્રીનાં સુહસ્તે થયેલા જિનેન્દ્ર પ્રતિષ્ઠા તથા ધર્મપ્રભાવનાનાં અજોડ કાર્યો, તેઓશ્રીનાં અંતરંગ જીવનની આધ્યાત્મિક સાધના, પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા અનુભવબોધ - આ સર્વ નિત્ય સ્મરણીય રહેશે.

પૂજ્ય કહાન ગુરુદેવશ્રીનાં ઉપદેશોને સમજતાની સાથે સાથે તે ઉપદેશોમાં સમાયેલા સત્યોની જીવંત પ્રતિમૂર્તિરૂપે પૂજ્ય કહાન ગુરુદેવશ્રીનું જીવનચરિત્ર જાણવાની જિજ્ઞાસા સહજ હોય જેથી તેઓશ્રીનાં ઉપદેશો વધુ હૃદયંગમ બને તથા મુમુક્ષુઓને જીવનનાં અનેક અટપટા પ્રસંગોમાં માર્ગદર્શક, જીવનપંથ ઉજાળનારી પ્રેરણા જ્યોતી બની રહો એજ ભાવના.

વર્તમાન તીર્થંકરો પાસેથી અહિં પધારીને ભાવિના તીર્થંકરે ભૂતકાલીન તીર્થંકરોના વિરહા ભૂલાવ્યા હતા. પરંતુ આજે તો ભૂતકાલીન અને વર્તમાનનાં તીર્થંકરોની સાથે સાથે ભાવિના તીર્થંકરનો પણ વિરહ છે તો આપણે એવી ભાવના ભાવીએ અને એવો પુરૂષાર્થ કરીએ કે જેથી હવે ત્રણે કાળના તીર્થંકરોનો વિરહ ન રહે, આપણે તેઓની સમીપમાં જ સદા રહીએ.

હવે વિભાગ-૨ માં સાધનાભૂમિનો સચિત્ર પરિચય જોઈએ...

સાધનાભૂમિ : સોનગઢ (સુવર્ણપુરી) પરિચય વિભાગ - ૨



સમવસૃતિ શ્રીમંદિરજી ઉપરનો રવેશ

અધ્યાત્મતીર્થધામ સોનગઢ

ગુજરાત પ્રદેશના સૌરાષ્ટ્ર વિભાગમાં (ભાવનગર જિલ્લામાં) સુરેન્દ્રનગર-ભાવનગર અથવા અમદાવાદ-ભાવનગર લાઈનમાં સોનગઢ રેલ્વે-સ્ટેશન આવેલું છે. હાઈ-વે પર અમદાવાદ-પાલીતાણા અથવા રાજકોટ-ભાવનગર માર્ગ પર સોનગઢ ગામ વસેલું છે.

વિક્રમ સંવતની આ વીસ-એકવીસમી સદીમાં લુપ્તપ્રાયઃ શુદ્ધાત્મવિદ્યાનું પવિત્ર અનુપમ આંદોલન સમગ્ર ભારતવર્ષ તેમ જ વિદેશમાં પ્રસરાવનાર, અધ્યાત્મયુગસ્રષ્ટા **પરમપૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી**ની પવિત્ર સાધનાભૂમિ-૪૬ વર્ષ (વિ.સં. ૧૯૯૧ થી ૨૦૩૭) સુધી તેમના પુનિત વસવાટ તેમ જ અધ્યાત્મામૃત વર્ષાથી જીવંત તીર્થધામરૂપે પ્રસિદ્ધિ પામેલી પાવનભૂમિ-તે સોનગઢ યા સુવર્ણપુરી.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સત્પ્રભાવથી સોનગઢ અધ્યાત્મવિદ્યા અને સાધનાનું અનુપમ કેન્દ્ર-તીર્થધામ બની ગયું છે. સોનગઢમાં મુમુક્ષુ સમાજ તથા સમાગત મહેમાનોનું દૈનિક જીવન ધાર્મિક ગતિશીલતાથી પ્રસન્ન રહે છે, તેમ જ બહાર રહેનારા હજારો મુમુક્ષુઓની અધ્યાત્મરૂચિની પુષ્ટિ માટે સોનગઢથી ગુજરાતી અને હિન્દી માસિકપત્ર 'આત્મધર્મ' પ્રકાશિત થાય છે. તથા ભગવાનશ્રી કુંદકુંદ કહાન જૈન શાસ્ત્રમાળા પુષ્પોના રૂપમાં લાખોની સંખ્યામાં સાહિત્ય પ્રકાશિત થયા છે. ઉપરાંત **શ્રી નવનીતભાઈ ઝવેરી**ની પ્રેરણાથી પૂજ્ય ગુરુદેવશ્રીનાં લગભગ ૮૫૦૦ પ્રવચનો તે વેળા ટેપમાં ઉતારી લેવામાં આવેલા તે હાલ **શ્રી શાંતિલાલ રતીલાલ શાહ પરિવાર-મુંબઈ** તરફથી તેને સી.ડી.માં રૂપાંતર કરી કૉમ્પ્યુટર સહિત મુમુક્ષુ મંડળોને ભેટ આપવામાં આવેલ છે. હાલ સી.ડી. તથા ઑડીયો કેસેટમાં પ્રવચનો ઉપલબ્ધ છે.

અહીં જે ઉત્સવો ઉજવાય છે તે અનેરા ભાવોથી ભરપૂર હોય છે; માત્ર રૂઢિગત રીતે નહિ પણ તે તે ઉત્સવને અનુરૂપ ભાવભીના વાતાવરણમાં પ્રસંગો ઉજવાય છે. પ્રતિષ્ઠાના દિવસો કે પર્યુષણના દિવસો, શ્રુતપંચમી કે વીરશાસનજયંતી, નંદીશ્વરઅષ્ટાહ્નિકા કે મહાવીરજન્મોત્સવ, દીપાવલી કે રથયાત્રા, વિધાનો, પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મજયંતી, પૂજ્ય બેનશ્રીની સમ્યક્ જયંતી અને જન્મજયંતી વગેરે પ્રસંગો ખાસ અનેરી શૈલીથી ઉજવાય છે. દૈનિક કાર્યક્રમો - દર્શન, પૂજન, પ્રવચન, ભક્તિ, તત્ત્વચર્ચા, શાસ્ત્રસ્વાધ્યાય તથા પૂજ્ય ગુરુદેવશ્રીના અલૌકિક સીડી પ્રવચનો વગેરે વહેલી સવારથી મોડી રાત સુધી આવી ઉચ્ચપ્રવૃત્તિઓમાં આખોય દિવસ કેવી રીતે પસાર થઈ જાય છે તેની જાણે ખબર પડતી નથી. થોડા દિવસ અહીં રહેનાર જિજ્ઞાસુને પછી બીજે ઠેકાણે જવું ગમતું નથી. ખરેખર ! અધ્યાત્મની સાધનાને અનુરૂપ શાંતિ સંતોના આ ધામમાં ભરી છે.

ચંદનનાં વનમાં પ્રવેશતા જેમ ચંદનની સુગંધ આવે છે તેમ અહીં સુવર્ણપુરી સાધનાધામમાં પ્રવેશતાં ચૈતન્યનાં વનમાં પ્રવેશ કરતાં હોઈએ તેમ પરમ શાંત પરિણામ અને અંતરનાં આનંદની સુગંધ આવે છે. અહિંના જિનાલયોમાં પ્રશાંતમુદ્રામાં બિરાજમાન વીતરાગી જિનેન્દ્ર ભગવંતોની ઉપશમરસ ઝરતી

પરમ વીતરાગી ભાવવાહી જિનબિંબોની સમક્ષ દર્શન-પૂજન કરતાં ભાવિકોને અપૂર્વ આનંદ અને ભક્તિનો સ્વાદ આવે છે. વીતરાગી જિનબિંબોની અચિંત્ય પ્રભાવશાળી પ્રશાંત મુદ્રા જગતને આત્મસાધનાની મહાન પ્રેરણા આપી રહી છે. ભગવંતોની પ્રશાંત મુદ્રામાં પુણ્ય અને પવિત્રતા બંને દેખાઈ આવે છે. ઉપરાંત પૂજ્ય કહાન ગુરુદેવશ્રીનાં ઉપકારભીનાં ઉપદેશ ધ્વનિનાં પડઘા ચારેકોર સંભળાઈ રહ્યા છે. ઉચ્ચ આધ્યાત્મિક પ્રવૃતિઓમાં આખો દિવસ પસાર થાય છે. અધ્યાત્મની સાધનાને અનુકૂળ શાંતિ અહીં સુવર્ણપુરી સાધનાધામમાં ભરી પડી છે.

પ્રસ્તુત છે સાધનાભૂમિ સોનગઢનો સચિત્ર પરિચય

સાધનાભૂમિ સોનગઢ (સુવર્ણપુરી)નાં ધર્માયતનો

પાના નં.

૧) શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિન મંદિર ૫૬-૫૭

૨) શ્રી સીમંધરસ્વામી સમવશરણ મંદિર (ધર્મસભા) ૫૮-૫૯

૩) શ્રી સીમંધરસ્વામી માનસ્તંભજી ૬૦-૬૧

૪) શ્રી મહાવીર કુંદકુંદ દિગમ્બર જૈન પરમાગમ મંદિર ૬૨-૬૩

૫) શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ૬૪-૬૫

૬) શ્રી પંચમેરૂ નંદીશ્વર જિનાલય તથા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી વચનામૃતભવન - તથા પૂ. બહેનશ્રી ચંપાબેન વચનામૃત ભવન ૬૬

૭) શ્રી કુંદકુંદ-કહાન પ્રવચન મંડપ ૬૭

૮) શ્રી ગોગીદેવી દિ. જૈન શ્રાવિકા-બ્રહ્મચર્યાશ્રમ ૬૮

૯) શ્રી ખુશાલ જૈન અતિથિ સેવાસમિતિ અને શ્રી કહાન દિગમ્બર જૈન ભોજનાલય ૬૯

૧૦) શ્રી કુંદકુંદ કહાન સરસ્વતીભવન ૭૦

૧૧) શ્રી જૈન વિદ્યાર્થી ગૃહ ૭૦

૧૨) પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સમાધિમંદિર ૭૧

૧૩) પૂજ્યશ્રી કાનજીસ્વામી દિગમ્બર જૈન વિશ્રાંતિગૃહ ૭૨

૧૪) 'સ્ટાર ઓફ ઈન્ડીયા' ''પરિવર્તન'' ધામ ૭૨


૧૫) પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સમાધિ મંદિર ૭૩

૧૬) શ્રી કુંદકુંદ શ્રાવિકાશાળા ૭૩

૧૭) શ્રી કુંદકુંદ-કહાન પ્રવચન મંડપમાં કહાનગુરુ જીવનદર્શન (ફોટો પ્રદર્શની) ૭૪-૭૫

૧૮) શ્રીમતી કલાવતીબેન હસમુખલાલ વોરા દિ. જૈન અતિથિ ભવન ૭૬

૧. શ્રી સીમંધરસ્વામીનું દિગમ્બર જિનમંદિર (વિ.સં ૧૯૯૭) ઈ.સ. ૧૯૪૧




ઉપરની વેદિમાં બિરાજમાન ભગવાન શ્રી નેમિનાથપ્રભુ



શ્રી સીમંધરસ્વામીનું દિગમ્બર જિનમંદિર

અહો ! આવા ચમત્કારી સ્વભાવની વાત સ્વભાવના લક્ષે સાંભળે તો મિથ્યાત્વના હાંજા ગગડી જાય.

શ્રી સીમંધરસ્વામીનું દિગમ્બર જિનમંદિર



જિનાલયમાં બિરાજિત ભગવાન શ્રી સીમંધરસ્વામી, શ્રી પદ્મપ્રભ ભગવાન તથા શ્રી શાન્તિનાથ ભગવાન

આ જિનમંદિરમાં પ્રતિદિન પ્રાતઃ જિનાભિષેક-પૂજા તથા બપોરના પ્રવચન પછી પૂજ્ય ગુરુદેવની મંગલ ઉપસ્થિતિમાં જિનેન્દ્ર ભક્તિ થતી હતી. હાલ પણ તે ક્રમ ચાલુ છે.

સડસઠ ફૂટ ઉન્નત ભવ્ય શિખરબંધ આ વિશાળ જિનમંદિરમાં મૂળનાયક તરીકે જંબૂદ્વીપના પૂર્વ વિદેહ-ક્ષેત્રે વર્તમાન વિહરમાન દેવાધિદેવ ૧૦૦૮ શ્રી સીમંધર ભગવાનનાં સફેદ આરસનાં (૩'x૫'') અતિ મનોહર વીતરાગ ભાવવાહી જિનબિંબ બિરાજમાન છે. તેમની આજુબાજુમાં શ્રી પદ્મપ્રભ તથા શ્રી શાન્તિનાથ જિનેન્દ્રનાં ગુલાબી આરસનાં (૨'x૫'') ભવ્ય જિનબિંબ છે. તદુપરાન્ત શ્રી ચંદ્રપ્રભ, શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ, શ્રી મહાવીરસ્વામી વગેરે તીર્થંકરોનાં (પંચધાતુનાં) જિનબિંબ છે. પાર્શ્વનાથની એક પ્રતિમા સ્ફટિકમણિની છે. ઉપરની વેદિમાં શ્રી નેમિનાથ ભગવાનનાં શ્યામ આરસનાં (૨'x૫'') ભવ્ય પ્રતિમા છે. દિવાલોમાં ઉત્કીર્ણ પૌરાણિક મહાપુરૂષોના વિશિષ્ટ જીવન-પ્રસંગોનાં અતિ મનોહર ચિત્રો જિનમંદિરની શોભામાં ખૂબ અભિવૃદ્ધિ કરે છે.


આ જિનમંદિરનું નિર્માણ તથા પંચકલ્યાણક પુરઃસર જિનબિમ્બપ્રતિષ્ઠા વિ.સં. ૧૯૯૭, ફાગણ સુદ બીજ, તા. ૨૮-૨-૧૯૪૧, શુક્રવારના દિને શ્રી નાનાલાલભાઈ કાળિદાસ જસાણી તથા તેમના ભાઈઓ તરફથી થયાં હતાં.

વિ.સં. ૨૦૧૩ - ઈ.સ. ૧૯૫૭માં શિખરબંધ આ જિનમંદિરને વિસ્તૃત કરી વિશાળ તથા ૬૭ ફૂટ ઉન્નત બનાવવામાં આવ્યું.

૨. શ્રી સીમંધરસ્વામીનું સમવસરણમંદિર (વિ.સં ૧૯૯૮) ઈ.સ. ૧૯૪૨



શ્રી સમવસરણ રચના



ભગવાન શ્રી સીમંધરનાથ



શ્રી સીમંધરસ્વામી સમવસરણ મંદિર

શ્રી સીમંધરસ્વામીનું સમવસરણમંદિર



શ્રી સીમંધરસ્વામી સમવસરણ રચના (ધર્મસભા)

જિનમંદિરની બાજુમાં શ્રી સીમંધર ભગવાનનું અતિ સુંદર સમવસરણ - 'ધર્મસભા' છે. તેની પંચકલ્યાણક પુરઃસર પાવન પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૯૮, વૈશાખ વદ ૬, તા. ૬-૫-૧૯૪૨, બુધવારના રોજ થઈ હતી.

આ 'ધર્મસભા'માં વચ્ચે ત્રણ પીઠિકા ઉપર શ્રી સીમંધર પ્રભુનાં ચતુર્મુખ વીતરાગ ભાવવાહી ભવ્ય જિનબિંબ છે. આઠ ભૂમિ તથા બાર સભાની રચના આગમાનુસાર અને અતિ રમ્ય છે. **મુનિરાજની સભામાં સીમંધર ભગવાનને પ્રાણમન કરતી મુદ્રામાં જે ખડ્ગાસન મુનિબિંબ છે તે ભારતવર્ષમાં ૨૦૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ છે.**

તેઓ પોતાની ચારણવિદ્યાના બળથી અથવા દેવસહાયથી શ્રી સીમંધરસ્વામીની સભામાં ગયા હતા. ત્યાં આઠ દિવસ રોકાઈને કેવલી અને શ્રુતકેવલીનો પરિચય તેમણે કર્યો હતો; અને ત્યાંથી આવીને શ્રી સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય સંગ્રહ, નિયમસાર, અષ્ટપ્રાભૃત વગેરે અનેક શાસ્ત્રોની તેમણે રચના કરી હતી.

૩. શ્રી સીમંધરસ્વામી-માનસ્તંભજી (વિ.સં ૨૦૦૯) ઈ.સ. ૧૯૫૩




શ્રી માનસ્તંભજીની ઉપરની વેદિમાં
બિરાજમાન ભગવાન
શ્રી સીમંધરનાથ



શ્રી માનસ્તંભજીની નીચેની વેદિમાં
બિરાજમાન ભગવાન
શ્રી સીમંધરનાથ

શ્રી સીમંધરસ્વામી-માનસ્તંભજી

શ્રી સીમંધરસ્વામી-માનસ્તંભજી



શ્રી માનસ્તંભજીની ત્રણેય પીઠિકામાં આવા અલગ-અલગ ૧૨ ચિત્રપટો મુકવામાં આવેલ છે.

આ માનસ્તંભમાં મનોહર કમળ વિભૂષિત વેદિમાં વિદેહીનાથ શ્રી સીમંધર જિનવરનાં સંગેમરમર નિર્મિત આઠ પદ્માસનસ્થ વીતરાગ ભાવવાહી જિનબિંબો બિરાજીત છે.


સમવસરણની સામે ૬૩ ફૂટ ઉન્નત આરસનો ભવ્ય માનસ્તંભ - તેને ધર્મસ્તંભ અથવા ધર્મવૈભવ પણ કહેવામાં આવે છે. સમવસરણમાં ચારે દિશામાં (ચાર રસ્તામાં) માનસ્તંભ હોય છે, તેનું આ પ્રતીક છે. જિનેન્દ્ર ભગવાનનો 'ધર્મવૈભવ' જોતાંવેંત જ અભિમાની જીવના ગર્વના ચૂરેચૂરા થઈ જાય છે અને ભગવાન પ્રત્યે આસ્થા પ્રગટે છે. સુવર્ણપુરી સાધનાભૂમીનાં ધર્માયતન પ્રાંગણમાં મનોહર ભવ્ય કલાપૂર્ણ સંગેમરમરનાં ૬૩ ફૂટ ઉન્નત માનસ્તંભજીને દેખીને સર્વને મનોમન ભાવના થાય છે કે ''હે જિનેન્દ્ર દેવ ! આપનું દર્શન થતાં અમારૂં અંત:કરણ ઉત્કૃષ્ટ આનંદથી નાચી ઉઠે છે.'' માનસ્તંભની ત્રણ પીઠિકામાં ઉત્કીર્ણ ભવ્ય ચિત્રો દર્શનીય છે. પૂજ્ય ગુરુદેવની ૬૩મી જન્મ-જયંતીના શુભ વર્ષમાં નિર્મિત આ (૬૩ ફૂટ ઉન્નત) માનસ્તંભની પ્રતિષ્ઠાનો પંચકલ્યાણક પુર:સર અઠ્ઠાઈ ભવ્ય મહોત્સવ વિ.સં. ૨૦૦૯ના ચૈત્ર સુદ ૧૦, તા. ૨૪-૩-૧૯૫૩ ને દિવસે ઉજવાયો હતો.

માનસ્તંભજીની ત્રણેય પીઠિકામાં આરસ પહાણ ઉપર કોતરણી કરી ૧૨ સુંદર ચિત્રપટો મુકવામાં આવેલ છે.

૪. શ્રી મહાવીર કુંદકુંદ દિગંબર જૈન પરમાગમ મંદિર (વિ.સં ૨૦૩૦) ઈ.સ. ૧૯૭૪



ભગવાન શ્રી મહાવીરસ્વામી



આચાર્ય શ્રી કુંદકુંદસ્વામી



શ્રી મહાવીર કુંદકુંદ દિગંબર જૈન પરમાગમ મંદિર

જે જ્ઞાન સાથે આનંદ ન આવે તે જ્ઞાન જ નથી, પણ અજ્ઞાન છે.

શ્રી મહાવીર કુંદકુંદ દિગંબર જૈન પરમાગમ મંદિર



શ્રી પરમાગમ મંદિર પ્રવચન હોલ

પ્રવર્તમાન તીર્થના નાયક શ્રી મહાવીર પ્રભુના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવના વર્ષમાં, વિ.સં. ૨૦૩૦ ફાગણ સુદ ૧૩, તા. ૭-૩-૧૯૭૪, ના દિને આ અદ્વિતીય અતિ મનોરમ ભવ્ય મંદિરની પંચકલ્યાણક પુર:સર પ્રતિષ્ઠા થઈ હતી. ઉપરની વેદિમાં ૧૦૦૮ પરમ પૂજ્ય શ્રી મહાવીર ભગવાનના ગુલાબી આરસના (૫'x૧૧'') વિશાળકાય પદ્માસનસ્થ વીતરાગભાવવાહી અતિ ભવ્ય જિનબિંબ બિરાજમાન છે. નીચે સમયસાર આદિ અધ્યાત્મ શાસ્ત્રના પ્રણેતા શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ, ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ તથા મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારી- દેવનાં ભવ્ય તેમ જ વિશાળ ચિત્રપટ છે. પરમાગમ મંદિરની દિવાલોમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાયસંગ્રહ તથા નિયમસાર - આ ચાર શાસ્ત્ર મૂળ ગાથા તથા ટીકા સહિત અને અષ્ટપાહુડ શાસ્ત્ર (મૂળ ગાથાઓ) મશીન વડે આરસના શ્વેત શિલાપટ પર ઉત્કીર્ણ કરાવીને લગાવવામાં આવ્યાં છે.

દરેક દ્વાર તથા બારી ઉપર સંગેમરમરમાં ઉત્કીર્ણ, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેને પુરાણોમાંથી વીણેલા, કેટલાક તીર્થંકરોના વૈરાગ્ય તેમ જ દીક્ષા વગેરેના પુરૂષાર્થપ્રેરક ભવ્ય પ્રસંગો તથા તીર્થક્ષેત્રોનાં અતિ મનોહર ચિત્રો દર્શકવૃંદનાં હૃદય હરી લે છે. મનોરમ ચિત્રો દ્વારા પરમાગમ મંદિરની શોભા ખૂબ ખીલી ઊઠી છે.

અહો ! જાણે કે ભગવાનનાં સમવસરણમાં બેઠા હોઈએ ને તેમની દિવ્ય ધ્વનિનાં પડઘા અહીં પરમાગમ મંદિરમાં ચારેકોર સંભળાઈ રહ્યા હોય એવી મધુરી રચના પરમાગમ મંદિરની થઈ છે. એકવાર આવીને શાંતિથી તમે પરમાગમ મંદિરમાં પ્રભુ સન્મુખ બેસીને અનુભવ કરશો ત્યારે જ તેની વિશેષતાનો સાચો ખ્યાલ આવશે, જેમ ચૈતન્ય શાંતિની ગંભીરતાનો અનુભવ તેમાં પ્રવેશ્યા પછી જ આવે છે તેમ.

૫. શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર (વિ.સં ૧૯૯૪) ઈ.સ. ૧૯૩૮



દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર




શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર હોલ

આ સ્વાધ્યાયમંદિર ૨૫' x ૫૦' ફૂટનો હોલ છે, જેમાં પૂજ્ય ગુરુદેવનાં દરરોજ બે વાર પ્રવચન તથા તત્ત્વચર્ચા વગેરે કાર્યક્રમ ચાલતા હતા. તેના નૈઋત્ય ખૂણાનો રૂમ પૂજ્ય ગુરુદેવનું નિવાસ, તેમ જ ધ્યાન-અધ્યયનનું ધામ હતું. હાલમાં પણ આ સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેપ પ્રવચનો, સીડી પ્રવચનો, શાસ્ત્રસભા વગેરે કાર્યક્રમો ચાલે છે. હોલની દિવાલો પર અંકિત પૌરાણિક ચિત્રો, આધ્યાત્મિક વચનામૃત, પૂજ્ય ગુરુદેવનું ભવ્ય ચિત્રપટ વગેરે જોવાલાયક વસ્તુ છે.

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ સોનગઢમાં આવીને વિ.સં. ૧૯૯૧માં 'મહાવીરજયંતી' ના દિને 'પરિવર્તન' કરી પોતાને દિગંબર જૈન ધર્મના ઉપાસક તરીકે જાહેર કર્યા. વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮, તા. ૨૨-૫-૧૯૩૮, ના દિને શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિરનું ઉદ્ઘાટન થયું; અને તેમાં પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પવિત્ર હસ્તે 'સમયસાર' પરમાગમની પવિત્ર સ્થાપના થઈ.

જગતની સર્વ વિદ્યામાં ચૈતન્યની અધ્યાત્મવિદ્યા સર્વ શ્રેષ્ઠ છે. વિદ્યા એનું નામ કે જે મુક્તિનું કારણ થાય. સ્વાનુભૂતિ વડે આત્માને જાણવો તે અધ્યાત્મ વિદ્યા છે ને તે વિદ્યા મોક્ષનું કારણ છે. આવી અધ્યાત્મવિદ્યા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો દ્વારા અહીંથી શીખવા મળે છે.

૬. શ્રી પંચમેરૂ-નંદીશ્વર જિનાલય (વિ.સં ૨૦૪૧) ઈ.સ. ૧૯૮૫



વેદિમાં બિરાજમાન જિનબિંબો



શ્રી પંચમેરૂ-નંદીશ્વર જિનાલય

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સ્મારક યોજના અંતર્ગત પંચમેરૂ-નંદિશ્વર જિનાલય ગુરુદેવશ્રી કાનજીસ્વામી વચનામૃતભવન, બહેન શ્રી ચંપાબેન વચનામૃતભવન એમ ત્રિપટા નામવાળા ભવ્ય દિગમ્બર જિનમંદિરનું નિર્માણ થયું છે. તેમાં નીચે વર્તુળાકારમાં પંચમેરૂ તથા નંદીશ્વર બાવન જિનાલયની સંગેમરમરનિર્મિત મનોહર રચના કરવામાં આવેલ છે. નીચેની દીવાલોમાં પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં આધ્યાત્મિક વચનામૃત અને ઉપરની દીવાલોમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેન શ્રી ચંપાબેનનાં 'વચનામૃત' ધવલ આરસના શિલાપટ પર ઉત્કીર્ણ કરાવીને લગાવવામાં આવેલ છે. આ જિનમંદિરની ઉપરની વેદિમાં ત્રણ વિશાળ જિનબિંબ બિરાજમાન કરવામાં આવેલ છે.

૭. શ્રી કુંદકુંદ-પ્રવચનમંડપ (વિ.સં ૨૦૦૩) ઈ.સ. ૧૯૪૭



શ્રી કુંદકુંદ-પ્રવચનમંડપ

અઢી હજાર શ્રોતાઓ બેસી શકે એવો ૧૦૦'x૫૦' ફુટનો એકપણ થાંભલા (પીલર) વિનાનો વિશાળ તેમ જ ભવ્ય પ્રવચનહોલ વિ.સં. ૨૦૦૩, ઈ.સ. ૧૯૪૭માં નિર્મિત થયો. સર શેઠ હુકમચંદજી (ઈંદૌર)ની મુખ્ય સખાવત દ્વારા થયેલા આ પ્રવચન મંડપની દિવાલો પર અંકિત પૌરાણિક ભવ્ય ચિત્રો તથા આધ્યાત્મિક સૂત્રો દર્શનીય અને મનનીય છે.

તેથી અહીંની દિવાલો પણ જાણે કે આપણને કથાનુયોગ સંભળાવી રહી હોય એવું વાતાવરણ ઊભું થાય છે. સુવર્ણપુરીનાં ધર્મયતનોની ચારે બાજુની દિવાલો ઉપર પુરાણ પુરૂષોની આત્મસાધનાના ભાવવાહી દ્રશ્યો પુરાણને આપણી સમક્ષ ખડું કરી દે છે. તેમાં અનેક તીર્થંકરોનાં, મુનિવરોના, ધર્માત્મા શ્રાવકોના તથા તીર્થોનાં અનેક દ્રશ્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચનોમાં અમુક સિદ્ધાન્ત સમજાવવા માટે અવારનવાર પુરાણોમાંથી ધર્માત્માનાં જીવન પ્રસંગો દ્રષ્ટાંત રૂપે કહે છે. એ વખતે ગુરુદેવશ્રીનાં શ્રીમુખેથી ધર્માત્માનાં જીવનનાં વૈરાગ્ય પ્રસંગોનો આબેહુબ ચિતાર સાંભળતાં જાણે આપણી સમક્ષ અત્યારે જ એ પ્રસંગો બની રહ્યા હોય એવું લાગે. તેથી આ ચિત્રપટો આ વાતાવરણમાં ઘણા જીવંત લાગે તે સ્વભાવિક છે.

દશલક્ષણ પર્યુષણપર્વ તેમ જ પ્રૌઢ-શિક્ષણવર્ગ વગેરે પ્રસંગોએ મહેમાનોની ભીડના કારણે પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનો, શિક્ષણવર્ગો વગેરે કાર્યક્રમો આ હોલમાં યોજાતા હતા.

૮. શ્રી ગોગીદેવી દિ. જૈન શ્રાવિકા-બ્રહ્મચર્યાશ્રમ (વિ.સં ૨૦૦૮) ઈ.સ. ૧૯૫૨



શ્રી ગોગીદેવી દિ. જૈન શ્રાવિકા-બ્રહ્મચર્યાશ્રમ



પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના આધ્યાત્મિક સદુપદેશથી પ્રભાવિત, તથા પૂજ્ય બહેનશ્રી બેનની છત્રછાયામાં રહેતી કુમારિકા બ્રહ્મચારિણી બહેનોના વસવાટ માટે વિ.સં. ૨૦૦૮, માહ સુદ પાંચમ (વસંત પંચમી)તા. ૩૧-૧-૧૯૫૨ના દિવસે લાડનૂં નિવાસી શેઠ શ્રી વચ્છરાજજી ગંગવાલ દ્વારા નિર્મિત આ બ્રહ્મચર્યાશ્રમનું ઉદ્‌ઘાટન થયું હતું. મહિલા મુમુક્ષુ-સભામાં સામૂહિક શાસ્ત્ર વાંચન તેમ જ તત્ત્વગોષ્ઠી માટે આશ્રમના પ્રાંગણમાં 'શ્રી મનફૂલા દિગમ્બર જૈન સ્વાધ્યાયભવન'નું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ આશ્રમના એક ભાગમાં પ્રશમમૂર્તિ સ્વાત્માનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો નિવાસ છે, જેમની મંગલ છત્રછાયામાં રહી, સુશિક્ષિત તેમ જ સાધન સંપન્ન ૬૪ કુમારિકા બ્રહ્મચારિણી બહેનો તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે. જેઓ સ્વયં સાનુભવ આત્મજ્ઞાની છે, જેમની મુદ્રા જોતાં જ વૈરાગ્ય, જ્ઞાન ને ઉપશમ ભાવનાં સ્પષ્ટ દર્શન થાય છે, જેમની અધ્યાત્મરસથી ભિંજાયેલી આત્મસાધના આ કાળે અજોડ છે, જેમને ધર્મને લગતું પૂર્વભવોનું સ્પષ્ટ જાતિસ્મરણ જ્ઞાન વર્તે છે તે પૂજ્ય બહેનશ્રી ચંપાબેન ભારતવર્ષનું એક અનુપમ ધર્મરત્ન હતા.

મહિલા-મુમુક્ષુ-સમાજ સમક્ષ તેમણે આપેલાં પ્રવચનો તથા કુમારિકા બ્રહ્મચારિણી બહેનોએ પોતાને ખાસ લાભ થાય એવાં વચનામૃતોની જે નોંધ કરેલી, તેમાંથી 'બહેનશ્રીનાં વચનામૃત' નામનું પુસ્તક શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થયું છે. આ 'વચનામૃત' સરળ સુગમ અને અધ્યાત્મનવનીતથી ભરપૂર છે, વિધવિધ કોટિના સર્વ જીવોને અતિ ઉપકારક છે, સાધક જીવોની અટપટી અંતર્‌પરિણતિની અવિરુદ્ધપણે સ્પષ્ટ સૂઝ આપે છે. આ પુસ્તકના ભાવગ્રાહી અભ્યાસથી તથા તેના પ્રણેતા આ મહાન આત્માના દર્શનથી દર્શકવૃન્દ કૃતાર્થતા અનુભવે છે અને આત્મસાધનાની પ્રેરણા મેળવે છે.

૯. શ્રી ખુશાલ જૈન અતિથિ સેવાસમિતિ (વિ.સં ૧૯૯૪) ઈ.સ. ૧૯૩૮



અતિથિ સેવા સમિતિ



ભોજનશાળા

વિ.સં. ૧૯૯૪, ઈ.સ. ૧૯૩૮માં પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃતવાણીનો લાભ લેવા આવનાર જિજ્ઞાસુ મહેમાનોને રહેવાની તથા ભોજનની વ્યવસ્થા માટે શ્રી જૈન અતિથિ સેવા સમિતિના ભવ્ય મકાનનું નિર્માણ થયું. પૂજ્ય ગુરુદેવશ્રીના મોટાભાઈ શ્રી ખુશાલભાઈ મહેમાનોની સરભરામાં રસ ધરાવતા હતા. તેથી તેમના નામે આ ભવનનું નામ 'શ્રી ખુશાલ જૈન અતિથિ સેવા સમિતિ' રાખવામાં આવ્યું. મુમુક્ષુ મહેમાનો માટે આવાસ-ભોજનની વ્યવસ્થા છે.

ભોજનાલય કાયમ ચાલુ હોય છે તથા નિ:શુલ્ક સાત્વિક ભોજનની વ્યવસ્થા છે. જે શ્રી કહાન સૂર્ય દિ. જૈન ભોજન સમિતિ' ભોજનાલયની સુંદર વ્યવસ્થા કરે છે, તથા ભોજનાલયની આજુબાજુ અતિથિ ભવનની રૂમો આવેલી છે.

૧૦. શ્રી કુંદકુંદ-કહાન સરસ્વતીભવન (વિ.સં ૨૦૨૩) ઈ.સ. ૧૯૬૭



શ્રી કુંદકુંદ-કહાન સરસ્વતીભવન

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક, વર્ષો સુધી તેના પ્રમુખપદે રહી અનન્ય સેવા આપનાર, પૂજ્ય ગુરુદેવના સન્નિષ્ઠ ભક્ત શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીની ૮૩મી વર્ષગાંઠના પ્રતીકરૂપે નિર્મિત થયેલા આ સરસ્વતી-ભવનમાં સંસ્થા દ્વારા પ્રકાશિત શાસ્ત્રોનો ભંડાર, ટ્રસ્ટનું તથા 'આત્મધર્મ'નું કાર્યાલય અને પુસ્તક-વેચાણ-વિભાગ રાખવામાં આવેલ છે. આ સરસ્વતીભવનનું ઉદ્‌ઘાટન સમાજરત્ન શ્રી શાન્તિપ્રસાદ શાહૂના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

૧૧. શ્રી જૈન વિદ્યાર્થી ગૃહ (વિ.સં ૨૦૧૩) ઈ.સ. ૧૯૫૭



પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિ દરમ્યાન મુમુક્ષુ સમાજનાં બાળકોને જૈન ધર્મનાં સાચા સંસ્કાર પડે એવી ભાવનાથી પૂજ્ય ગુરુદેવશ્રીની છત્રછાયામાં ''શ્રી જૈન વિદ્યાર્થી ગૃહ''ની ભાદરવા શુદ-૩, તા. ૨૭-૮-૧૯૫૭માં સ્થાપના કરવામાં આવી હતી. સ્કૂલનાં લૌકિક અભ્યાસની સાથે સાથે વિદ્યાર્થીગૃહમાં ધાર્મીક વર્ગ દ્વારા જૈન ધર્મનું શિક્ષણ પણ આપવામાં આવતું હતું.

૧૨. ગુરુદેવશ્રી કાનજીસ્વામી-સમાધિ મંદિર (વિ.સં ૨૦૩૭) ઈ.સ. ૧૯૮૦



અધ્યાત્મ યુગપ્રવર્તક, મુમુક્ષુસમાજના તારણહાર, સ્વાત્મજ્ઞસંત પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું આ સમાધિ મંદિર સ્વાધ્યાય મંદિરની પૂર્વ બાજુના ભૂભાગમાં સંગેમરમરમાં નિર્મિત કરવામાં આવેલ છે. તેમાં સમાધિના સ્થળે સંગેમરમરનું સ્વસ્તિક-અંકિત કમળ મૂકવામાં આવેલ છે.

ॐ

નિજ સ્વરૂપનો ઉપયોગ તે સુખ છે.
તે આબાલ ગોપાળ કરી શકે છે.
એ વીના શાંતીનો બીજો કોઈ ઉપાય નથી.

૧૩. પૂજ્ય શ્રી કાનજીસ્વામી દિ. જૈન વિશ્રાન્તિગૃહ (વિ.સં ૨૦૩૭) ઈ.સ. ૧૯૮૧



પૂજ્ય ગુરુદેવના પુનિત પ્રભાવના યોગે સોનગઢમાં વિ.સં. ૨૦૦૩, ઈ.સ. ૧૯૪૭ થી દર વર્ષે શ્રાવણ માસમાં નિયમિત 'પ્રૌઢ ધાર્મિક શિક્ષણ વર્ગ' ચાલતો હતો, જેમાં હિન્દી તેમ જ ગુજરાતી ભાષી ઘણા શિક્ષણાર્થીઓ અભ્યાસ માટે આવતા હતા. તેમને રહેવા માટે મુંબઈના શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુમંડળે, મુંબઈ નગરીમાં ઉજવાયેલ પૂજ્ય ગુરુદેવની ૮૫મી જન્મજયંતીના ઉપલક્ષમાં, આ વિશ્રાન્તિ ગૃહની રચના કરી છે. મુમુક્ષુઓ તથા યાત્રાસંઘને ઊતરવા માટે હાલ આ વિશ્રાન્તિગૃહનો ઉપયોગ કરવામાં આવે છે.

૧૪. સ્ટાર ઓફ ઈન્ડિયા - 'પરિવર્તન' ધામ



સ્ટાર ઓફ ઈન્ડિયાનું મકાન

સ્વાધ્યાયમંદિરથી અંદાજે એક કિલોમીટર દૂર, ગામથી છેટે એકાન્ત સ્થળમાં એજન્સીના વખતનું સો વર્ષ જુનું 'બંગલી' ઘાટનું મકાન છે. પૂજ્ય ગુરુદેવ સોનગઢ આવ્યા ત્યારે પહેલાં સવા ત્રણ વર્ષ આ મકાનમાં રહ્યા હતા. વિ.સં. ૧૯૯૧ના ચૈત્ર સુદ ૧૩ (મહાવીરજયંતી) ના શુભ દિને અહીં પૂજ્ય ગુરુદેવે મંગલ 'પરિવર્તન' કરીને સ્થાનકવાસી સંપ્રદાયનો ત્યાગ કર્યો હતો. અને 'હવેથી હું દિગમ્બર જૈનધર્મનો અનુયાયી છું' એમ જાહેર કર્યું હતું. વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮, તા. ૨૨-૫-૧૯૩૮ના શુભદિને પૂજ્ય ગુરુદેવ આ સ્થાન છોડી પ્રવચન અને નિવાસ માટે સ્વાધ્યાય મંદિરમાં આવી ગયા હતા.

૧૫. પૂજ્ય બહેનશ્રી સમાધિ-મંદિર (વિ.સં ૨૦૪૬) ઈ.સ. ૧૯૯૦



પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું સમાધિમંદિર સમાધિનાં સ્થળે સંગેમરમરમાં નિર્મિત કરવામાં આવેલ છે તેમાં સમાધિ સ્થળે સંગેમરમરનું સ્વસ્તિક અંકિત કમળ મુકવામાં આવેલ છે.

૧૬. શ્રી કુંદકુંદ શ્રાવિકાશાળા (વિ.સં ૨૦૦૭) ઈ.સ. ૧૯૫૦



મુમુક્ષુ મંડળના બહેનો માટે પ્રવચન, શિક્ષણ અને અધ્યયન અર્થે શ્રી કુંદકુંદ શ્રાવિકાશાળાનું નિર્માણ વિ.સં. ૨૦૦૭, ઈ.સ. ૧૯૫૦માં કરવામાં આવ્યું હતું.

શ્રી કુંદકુંદ શ્રાવિકાશાળા

૧૭. શ્રી કહાનગુરુ જીવનદર્શન-પ્રદર્શની (વિ.સં ૨૦૪૫) ઈ.સ. ૧૯૮૯








રુચિને અંતર્મુખ વાળીને સ્વરૂપનું ઘૂંટણ કરતાં કરતાં આત્માની પર્યાયમાં પૂર્ણ સ્વરૂપ પ્રગટ થઈ જાય છે.

શ્રી કહાનગુરુ જીવનદર્શન પ્રદર્શની





પૂજ્ય કહાન ગુરુદેવશ્રી જીવન દર્શન પ્રદર્શની શ્રી કુંદકુંદ પ્રવચન મંડપનાં વિશાળ હોલમાં સુંદર કલાત્મક રીતે ગોઠવવામાં આવેલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીનાં હસ્તાક્ષરમાં લખાણ, જીવન પ્રસંગો દર્શાવતા ફોટોગ્રાફ્સ, અભિનંદન પત્રો, જીવન કાળ દરમ્યાન ધર્મપ્રભાવનાના અજોડ કાર્યો તે સમયના કેટલાંક યાદગાર પ્રસંગોને કેમેરામાં ઉતારી લેવામાં આવેલા તે યાદગાર પ્રસંગોનાં ચિત્રોને સ્મૃતિરૂપે આ સંગ્રહાલયમાં પ્રદર્શિત કરવામાં આવેલ છે. ઉપરાંત તેઓશ્રીએ જીવન દરમ્યાન ઉપયોગમાં લીધેલી અનેક વસ્તુઓ આ પ્રદર્શનમાં છે.

'કહાનગુરુ' પ્રભાવના દર્શનનું ઉદ્‌ઘાટન વિ.સં.૨૦૪૫ નાં ચૈત્રવદ ૧૩, તા. ૪-૫-૧૯૮૯નાં થયેલ છે.

૧૮. શ્રીમતી કલાવતીબેન હસમુખલાલ વોરા દિ. જૈન અતિથિ ભવન (વિ.સં ૨૦૫૭) ઈ.સ. ૨૦૦૧



આ નવા અતિથિભવનનું કામ સંપૂર્ણ થઈ ગયુ છે. યાત્રિકો મહેમાનોને ઉતરવાની એક સારી ઉત્તમ સગવડતા થઈ છે. આ અતિથિ ભવન માટે સંસ્થાનાં **પ્રમુખ- શ્રી હસમુખભાઈ પોપટલાલ વોરા**નું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. આધુનિક સુવિધા સભર આ અતિથિ ભવનનું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૫૭ આસો વદ-૧૧, તા. ૧૧-૧૧-૨૦૦૧ના દિને આદરણીય **પંડિતરત્ન શ્રી હિંમતભાઈ જે. શાહ**નાં શુભહસ્તે કરવામાં આવેલ છે. બહારગામથી ધર્મલાભ લેવા તેમજ આત્મસાધના માટે પધારતા મુમુક્ષુઓને રહેવાની ઉત્તમ સગવડતા છે, દરેક રૂમની અંદર વીજળી, પાણી, પંખા, બાથરૂમ, પલંગ, ગાદલા-તથા સ્વાધ્યાય માટે કબાટ તથા શાસ્ત્રો, વગેરે નાની મોટી સમસ્ત આધૂનિક સુવિધાઓ આ અતિથિભવનની ૮૦ રૂમોમાં ઉપલબ્ધ છે. લીફ્ટ તેમજ ગરમ પાણી માટે સોલાર હીટરની પણ સુવિધા છે.

जैनं जयतु शासनम्

(**દિનચર્યા...** *અનુસંધાન કવર ૨ ઉપરથી*)

ચડી જતા કે શું આહાર લીધો, તે પણ ખ્યાલ રહેતો નહીં. ખાય છે પણ ખાતા નથી, બોલે છે પણ બોલતા નથી અને સેવક છે છતાં અસેવક છે' - જ્ઞાનીને માટે શાસ્ત્રમાં કહેલી આ વાતનો ત્યારે સ્પષ્ટ અનુભવ થતો. આહાર લીધા પછી સ્વાધ્યાય મંદિરમાં થોડું ફરવાનું અને પછી પોણો કલાક શારીરિક આરામ. કારણ કે વિચારકક્ષાએ મનમાં તો સ્વ-પર કલ્યાણના જ વિચારો ચાલતા, સૂતા-જાગતા, ખાતા-પીતા, ચાલતા-બોલતાં એક જ ધૂન કે મારૂં હિત કેમ થાય ? અને દુ:ખથી તૃપ્ત જીવો પણ સુખને કેમ પ્રાપ્ત થાય.

બપોરે :- આરામ કર્યા પછી સ્વાધ્યાયનો કાર્યક્રમ હોય. કોઈ પત્ર કે સામાયિક આવ્યા હોય તો તે વાંચતા. પરંતુ કોઈને ક્યારેય કાગળનો જવાબ આપ્યો નથી કે કોઈ વિરોધિના આક્ષેપોનો પ્રત્યુત્તર દીધો નથી. ઉલ્ટાનું વિરોધ કરનારના અજ્ઞાન ઉપર દયા આવતી, કરૂણા આવતી. ઘણીવાર કહેતા કે પ્રભુ ! પ્રભુ ! આ તું શું કરે છો ? તું પણ દ્રવ્યે પરમાત્મા ભગવાન છો ને ! તેથી સાધર્મી છો. તારા પ્રત્યે દ્વેષ-તિરસ્કાર નથી હો ! તું પણ અજ્ઞાન ટાળીને પરમાત્મા થા. દ્રવ્યસંગ્રહનું તે વાક્ય વારંવાર યાદ કરતા કે 'જ્ઞાનીની તો આવી ભાવના હોય છે કે હું તો આઠ કર્મથી મુક્ત થવાનો જ છું. પણ, જગતના બધા જીવો આઠ કર્મથી રહિત થાવ' - આમ કોઈ કદાચિત્ તેમની નિંદા કરતા તોપણ તેઓ કદાપિ કોઈની નિંદા કરતા નહીં. તે પછી કોઈ નવા પ્રકાશિત શાસ્ત્રનું અથવા તો જેનો નિયમિત સ્વાધ્યાય ચાલતો હોય તેનું વાંચન કરતાં. અને છેલ્લે બપોરના પ્રવચનમાં આવનાર વિષય સંબંધી વાંચન-વિચાર કરતા. આ બપોરના સ્વાધ્યાયમાં જ (જાહેર પ્રવચનોમાં ૧૯વાર શ્રી સમયસારજી પરમાગમનું વાંચન થયુ હતું તોપણ) સેંકડોવાર તે પરમાગમનું તથા અન્ય પરમાગમોનું એકાંતમાં વાંચન કર્યું હતું. ત્યાર બાદ બપોરે અઢી વાગે (ઋતુ પ્રમાણે ફેરફાર થતો) થી સાડા ત્રણ એક કલાક બપોરનું વ્યાખ્યાન.

દાવાનળને શાંત કરનાર મેઘની સમાન દિવ્યધ્વનિ વરસાવીને પૂ. ગુરુદેવ જિનેન્દ્ર ભગવાનની ભક્તિમાં પધારતા. પણ હજી તો પ્રવચનમાં જ શુભભાવને હેય કહ્યો હતો ને ? છતાં આ ભક્તિ ? ભાઈ ! ભૂમિકાને યોગ્ય શુભભાવ આવ્યા વગર રહેતો નથી. છતાં પણ તે છે હેય. તે ધર્મ નથી તેમ જ ધર્મનું કારણ પણ નથી. ભક્તિના રસથી ભરેલાં ભાવભીનાં પ્યાલા પીધા પછી ફરીને મુમુક્ષુઓ સાથે ચર્ચા વાર્તા.

સાંજે :- આહારનો સમય થતાં આહાર લેવો. સાંજના તો બહુ જ થોડો-ભૂખથી પણ ઓછો-આહાર લેતાં. આહાર લીધા પછી થોડુક ફરવાનું પહેલા તો પ્રવચન-મંડપ અને માનસ્થંભની આસપાસ ફરતા. અને પછી સ્વાધ્યાયમંદિરની ઓસરીમાં બેસતા. જ્યાં મુમુક્ષુઓ પણ આવતા. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી તો સ્વાધ્યાય-મંદિરમાં જ ફરતા અને પછી પોતાની રૂમમાં (ગુરુ-આવાસમાં-) એકાંતમાં-ધ્યાનમાં-બેસતાં.

ત્યારબાદ છેલ્લો જાહેર કાર્યક્રમ રાત્રિતત્ત્વચર્ચાનો રહેતો જેમાં જિજ્ઞાસુ પોતાના પ્રશ્નોના ઉત્તરો મેળવતા. શંકા-આશંકાનું સમાધાન થતું. ગમે તેવા પ્રશ્નો આવતા તોપણ તરત જ ઉત્તર મળતો. હજુ પ્રશ્ન પૂરો થયો નથી કે ઉત્તર મળી જતા. શ્રોતાઓ આશ્ચર્યચકિત થઈ જતાં. વાયદો નહીં કે પછી શાસ્ત્રોમાં જોઈને ઉત્તર મળશે. કેમકે શાસ્ત્ર-વાંચન (સ્વાધ્યાય) કરતી વખતે પોતે જ તેમાંથી શક્ય એટલા પ્રશ્નો ઉઠાવતા અને તેનું સમાધાન પણ સ્વયં પોતે કરી લેતાં. ખરેખર પ્રવચનમાં ચારે બાજુથી એટલી સ્પષ્ટતા થતી કે આશંકા ઉત્પન્ન થાય તેવી શક્યતા જ નહિવત્ રહેતી. બસ પછી બાહ્ય પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ, પથારીમાં વહેલી સવારે સ્વાધ્યાય કરીને કરતા - આવી રીતે આખો દિવસ મુખ્યત: સ્વાધ્યાય-વાંચન વિચાર-મનન-મંથન-ચિંતવનમાં જ વ્યતીત થતો-અને તેથી જ તો સ્વપ્ના પણ તેવા જ - તેના જ આવતા. આમ આત્મલાભપૂર્વક મંગલ દિવસ પૂર્ણ થતો.....

('અધ્યાત્મપ્રણેતા'માંથી સાભાર)

પૂજ્ય કહાન ગુરુદેવશ્રીનાં પુનિત પ્રભાવે સુવર્ણપુરીથી પ્રસરેલા અધ્યાત્મ કિરણો



✦ સંકલન-સંયોજન : ભરત વૃજલાલ શાહ ✦ ટાઇપસેટીંગ : સમીર પારેખ - ક્રિએટીવ પેજ સેટર્સ

✦ પ્રથમ આવૃત્તિ - પ્રત ૨૦૦૦ ✦ એપ્રીલ ૨૦૦૨ ✦ મૂલ્ય : રૂા. ૧૦/- ✦ મુદ્રણ : નિલેશ પારેખ -પારસ પ્રિન્ટસ્ - ટે. ૨૮૨૫૭૮૪

✦ દ્વિતીય આવૃત્તિ - પ્રત ૩૦૦૦ ✦ ઑગસ્ટ ૨૦૦૨